**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**અનામત રાખેલ તારીખ : ૨૧/૦૪/૨૦૨૬**
**જાહેર કર્યા તારીખ : ૨૪/૦૬/૨૦૨૬**

## ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે

**આર/ફર્સ્ટ અપીલ નં. ૩૬૯૪/૨૦૧૮**

વિથ

**સિવિલ એપ્લિકેશન (સ્ટે માટે) નં. ૧/૨૦૧૮**

ઈન

**આર/ફર્સ્ટ અપીલ નં. ૩૬૯૪/૨૦૧૮**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલ**
અને
**માનનીય ન્યાયમૂર્તિ શ્રી ડી.એન.રે**

==========================================================

| રિપોર્ટિંગ માટે મંજૂર | હા | ના |
|---|---|---|
| | ✓ | |

==========================================================

આસિયાન એલએનજી ટ્રેડિંગ કો. લિમિટેડ, જે હવે પેટ્રોનાસ એલએનજી

લિમિટેડ તરીકે ઓળખાય છે

વિરુદ્ધ

નિશુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ લિમિટેડ

==========================================================

**ઉપસ્થિતિ:**

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે શ્રી દેવાંગ નાણાવટી, વરિષ્ઠ વકીલ વિથ શ્રી પરિણય વસંદાણી, વકીલ વિથ શ્રી કાર્તિક યાદવ, વકીલ વિથ શ્રી મેઘેશ ખંડેલવાલ, વકીલ વિથ શ્રી વિનાયક ગોસ્વામી, વકીલ વિથ શ્રી માનવ શ્રોફ તરફે શ્રી અપૂર્વ આર કાપડિયા(૫૦૧૨)

પ્રતિવાદી(ઓ) નં. ૧ તરફે સિંઘી એન્ડ કો(૨૭૨૫) તરફે શ્રી મિહિર જોશી, વરિષ્ઠ વકીલ વિથ શ્રી અયાન પટેલ, વકીલ વિથ શ્રી આયુશ્રી એમ. ઠક્કર

==========================================================

**કોરમ:માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલ**

અને

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી ડી.એન.રે**

**સી.એ.વી. ચુકાદો**

**(માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલ દ્વારા)**

**[૧] <u>પ્રસ્તાવના :-</u>**

૧. આ આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિએશન એક્ટ, ૧૯૯૬ *(ટૂંકમાં 'સદર અધિનિયમ, ૧૯૯૬')* ની કલમ ૫૦ હેઠળ દાખલ કરવામાં આવેલી અપીલ છે, જે સદર અધિનિયમ, ૧૯૯૬ ની કલમ ૪૮ હેઠળ વિદેશી એવોર્ડનો અમલ કરવાનો ઈનકાર કરતા વિદ્વાન સિંગલ જજ દ્વારા તારીખ ૦૫.૦૭.૨૦૧૮ ના રોજ પસાર કરવામાં આવેલા ચુકાદા અને હુકમ વિરુદ્ધ નિર્દેશિત છે. હાલના પડકારના વિષયવસ્તુ સમાન તારીખ

૦૫.૦૭.૨૦૧૮ ના ચુકાદા અને હુકમમાં, વિદ્ધાન સિંગલ જજ ફકરા '૭૫' થી '૮૧' માં નીચે મુજબ નોંધે છે:–

"૭૫. બંને પક્ષો દ્ધારા કરવામાં આવેલી રજૂઆતો ધ્યાને લેતા અને તારણોની ચકાસણી કરતા તેમજ વિદ્ધાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્ધારા કાઢવામાં આવેલા તારણોનું અવલોકન કરતા અને સદર અધિનિયમની કલમ ૪૮ હેઠળ આ કોર્ટના ઉપરોક્ત મર્યાદિત અધિકારક્ષેત્રને ધ્યાનમાં રાખતા, અને ખાસ કરીને સામાવાળા દ્ધારા ઉઠાવવામાં આવેલ વાંધા સદર અધિનિયમની કલમ ૪૮ ના સ્પષ્ટીકરણ ૧ ના વ્યાપ અને મર્યાદામાં આવે છે કે નહીં તેની માત્ર ચકાસણી કરવા માટે, નીચે વર્ણવેલ નીચે મુજબની હકીકતો નોંધવી અને તેની મૂલવણી કરવી જરૂરી છે.

૭૬. સ્વીકૃત રીતે, તારીખ ૦૨.૦૮.૨૦૦૬ ના રોજ મલેશિયા એલએનજી એસડીએન અને અદાણી એનર્જી લિમિટેડ વચ્ચે માસ્ટર એગ્રીમેન્ટ કરવામાં આવ્યો હતો. તેમાં અન્ય બાબતોની સાથે સાથે એવી જોગવાઈ કરવામાં આવી છે કે આવો કરાર માસ્ટર એલએનજી વેચાણ અને ખરીદી કરાર તરીકે સેવા આપશે અને પક્ષકારો વચ્ચેના વ્યવહારોને આવરી લેશે, જે શિડ્યુલ સી તરીકે જોડાયેલ સામાન્ય ફોર્મમાં દરેક કન્ફર્મેશન નોટિસ દ્ધારા વધુ વિશિષ્ટ રીતે વર્ણવવામાં આવશે.

૭૭. એનેક્ષર–સી તરીકે સદર માસ્ટર એગ્રીમેન્ટનો અવિભાજ્ય અંગ એવી કન્ફર્મેશન નોટિસમાં એલએનજી શિપ, રિસીવિંગ ટર્મિનલ, તારીખની

શ્રેણી, શિડ્યુલ્ડ અનલોડિંગ તારીખની શ્રેણી, જથ્થો, પ્લાન્ટ, લોડિંગ પોર્ટ, કરાર વેચાણ કિંમત, ચુકવણી, ચુકવણી સુરક્ષા, ગુણવત્તા, ડેમરેજ અને નોટિસો જેવી વિગતો સમાવિષ્ટ હતી. રેકોર્ડ પરથી જણાય છે તે મુજબ, પક્ષકારોએ માસ્ટર એગ્રીમેન્ટને જેમ છે તેમ રાખવા સંમતિ દર્શાવી હતી, તેમ છતાં, સ્વેચ્છાએ સંમત થઈને મૂળ કન્ફર્મેશન નોટિસને કન્ફર્મેશન નોટિસ અને ડિલિવરી નોટિસમાં વિભાજિત કરી હતી. આવી કન્ફર્મેશન નોટિસ તારીખ ૨૧.૦૩.૨૦૦૭ ના રોજ યોજાયેલી બેઠકનો વિષય હતી.

૭૮. જ્યારે કે, ડિલિવરી નોટના સૂચિત ફોર્મેટમાં એલએનજી શિપ, રિસીવિંગ ટર્મિનલ, શિડ્યુલ્ડ અનલોડિંગ તારીખની શ્રેણી, જથ્થો, ગુણવત્તા અને ચુકવણી સુરક્ષા જેવી વિગતોનો સમાવેશ થાય છે.

૭૯. બંને પક્ષો દ્વારા જે પાસાંઓ પર ભાર મૂકવામાં આવ્યો છે તે ખાસ કરીને કિંમત અને રિસીવિંગ ટર્મિનલના પાસા પર છે.

૮૦. કન્ફર્મેશન નોટિસમાં એલએનજી શિપ, રિસીવિંગ ટર્મિનલ, શિડ્યુલ્ડ અનલોડિંગ તારીખ, શ્રેણી, જથ્થો, પ્લાન્ટ, લોડિંગ પોર્ટ, કરાર વેચાણ કિંમત, ચુકવણી, ચુકવણી સુરક્ષા, ગુણવત્તા, ડેમરેજ, ફોર્સ મેઝ્યોર, ખરીદનારનો પ્રથમ ઇનકારનો અધિકાર, ડાયવર્ઝન અધિકાર, નોટિસો માટેની જોગવાઈ છે. આમ, આવી કન્ફર્મેશન નોટિસ ચાર કાર્ગો માટેની સંયુક્ત નોટિસ હતી જે સદર કન્ફર્મેશન નોટિસની કલમ ૪ પરથી

જોઈ શકાય છે જે શિડ્યુલ્ડ અનલોડિંગ તારીખની શ્રેણી માટે જોગવાઈ કરે છે. સદર કન્ફર્મેશન નોટિસમાં નીચે મુજબ પણ જોગવાઈ કરવામાં આવી છે –

> "આ કન્ફર્મેશન નોટિસના હેતુઓ માટે, "ડિલિવરી નોટિસ" શબ્દનો અર્થ વેચનાર દ્વારા ખરીદનારને આપવામાં આવતી એવી નોટિસ થાય છે જે લોડિંગ પોર્ટ પર એલએનજી લોડ કરવાની તારીખથી બે (૨) અઠવાડિયા કરતાં મોડી ન હોવી જોઈએ, જેમાં આ કન્ફર્મેશન નોટિસ હેઠળના ચાર (૪) એલએનજી કાર્ગોમાંથી પ્રત્યેકની સફળ ડિલિવરી માટે એલએનજી શિપ, શિડ્યુલ અનલોડિંગ તારીખની શ્રેણી, પ્લાન્ટ, લોડિંગ પોર્ટ, જથ્થો અને કરાર વેચાણ કિંમત સહિત, પરંતુ તેટલા પૂરતી મર્યાદિત નહીં, સંબંધિત જરૂરી વિગતોની પુષ્ટિ કરવામાં આવે છે. ડિલિવરી નોટિસનું ફોર્મ અહીં આંક તરીકે જોડાયેલ છે."

ડિલિવરી નોટિસમાં પક્ષકારો, એલએનજી શિપ, રિસીવિંગ ટર્મિનલ, શિડ્યુલ્ડ અનલોડિંગ તારીખની શ્રેણી, જથ્થો, ગુણવત્તા અને ચુકવણી સુરક્ષા માટેની જોગવાઈ છે.

૮૧. આમ, બંને પક્ષકારો દ્વારા તારીખ ૧૨.૦૩.૨૦૦૭ ના રોજ યોગ્ય રીતે સહી કરાયેલી કન્ફર્મેશન નોટિસમાં એક અલગ ડિલિવરી નોટિસની

કલ્પના કરવામાં આવી હતી. રેકોર્ડ પરથી જણાય છે કે રિસીવિંગ ટર્મિનલ જેવી વિગતો નક્કી કરવામાં આવી ન હતી અને કિંમત વૈકલ્પિક રીતે પૂરી પાડવામાં આવી હતી, એટલે કે, હેનરી હબ કિંમત + યુએસડી ૧.૮૫ અથવા વેચનાર દ્વારા ઓફર કરવામાં આવનાર કિંમત. વ્યાપક રીતે કહીએ તો, એપ્રિલનો કાર્ગો ત્રિનીદાદના બંદરેથી લોડ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, કાર્ગો હજીરા ટર્મિનલ પહોંચે તે પહેલાં તારીખ ૦૬.૦૪.૨૦૦૭ ના રોજ તેને વેચી દેવામાં આવ્યો હતો. તેવી જ રીતે, રેકોર્ડ દર્શાવે છે કે મે મહિનાનો કાર્ગો લોડિંગ તારીખ પહેલાં વેચી દેવામાં આવ્યો હતો અને જૂન તથા ઓગસ્ટ મહિનાનો કાર્ગો ક્યારેય લોડ કરવામાં આવ્યો ન હતો. રેકોર્ડ એ પણ દર્શાવે છે કે પક્ષકારો વચ્ચે રિસીવિંગ ટર્મિનલ અંગે કોઈ સહમતિ સધાઈ ન હતી અને સામાવાળાએ ખરીદનાર તરીકે ચોક્કસ રિસીવિંગ ટર્મિનલ જણાવવાને બદલે, ઊલટાનું અરજદારને જાણ કરી હતી કે સ્લોટ્સ ઉપલબ્ધ નથી. આવી વાસ્તવિક સ્થિતિ હોવા છતાં, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ એવા નિષ્કર્ષ પર આવી હતી કે ત્યાં એક સંપન્ન થયેલો કરાર છે અને સામાવાળા એપ્રિલ, મે અને જૂન કાર્ગો માટે ટીઓપી જવાબદારી માટે તેમજ ઓગસ્ટ કાર્ગો માટે નુકસાની માટે જવાબદાર છે.

માસ્ટર એગ્રીમેન્ટમાં ટીઓપી કલમ માટે નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી હતી:–

“૧૨.૧ વેચનાર અને ખરીદનારની જવાબદારીઓ વેચનાર રિસીવિંગ ટર્મિનલ ખાતે ખરીદનારને એલએનજી વેચવા અને પહોંચાડવા માટે સંમત થાય છે, અને ખરીદનાર આ કરાર અને સંબંધિત કન્ફર્મેશન નોટિસ અનુસાર નિર્ધારિત જથ્થામાં, ગુણવત્તામાં અને કિંમતોએ એલએનજી ખરીદવા, લેવા અને તેની ચુકવણી કરવા, અથવા જો ન લેવાય તો તેની ચુકવણી કરવા સંમત થાય છે.

૧૨.૨ ટેક ઓર પે અંગે ખરીદનારની જવાબદારી

જો ખરીદનાર કરાર હેઠળના કોઈપણ એલએનજી કાર્ગોની ડિલિવરી સ્વીકારવામાં નિષ્ફળ જાય, સિવાય કે ફોર્સ મેઝ્યોર અથવા વેચનારની પાલન કરવાની નોંધપાત્ર નિષ્ફળતા દ્વારા મુક્તિ આપવામાં આવી હોય, તો ખરીદનાર આ કલમ ૧૨.૨ અનુસાર, કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ એલએનજીના જથ્થાને તેના સંબંધમાં કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ એલએનજી કિંમત સાથે ગુણાકાર કરવાથી થતી રકમ જેટલી રકમ વેચનારને ચૂકવવા જવાબદાર રહેશે (“ટેક ઓર પે રકમ”)

ઉપરોક્ત હોવા છતાં, જો વેચનાર કોઈ ત્રીજા પક્ષકાર ખરીદનારને આવા એલએનજી કાર્ગોનું વેચાણ વ્યવહાર શોધવા અને પૂર્ણ કરવા સક્ષમ હોય અને ખરીદનારે વેચનારને ચુકવણી કરી દીધી

હોય, તો ખરીદનાર આવા ત્રીજા પક્ષકાર પાસેથી વેચનાર દ્વારા વસૂલ કરાયેલ આવા વેચાણની ચોખ્ખી આવક મેળવવા હકદાર રહેશે, જે નીચે મુજબ રહેશે ("ચોખ્ખી આવક")

(એ) આવા ત્રીજા પક્ષકારને વેચાણમાંથી પ્રાપ્ત થયેલી કુલ આવક વત્તા બચાવેલ કોઈપણ શિપિંગ ખર્ચ, તેમાંથી બાદ

(બી) શિડ્યુલ્ડ અનલોડિંગ તારીખની શ્રેણીના રોજ ખરીદનારની સુવિધાઓ સુધી કાર્ગોના પરિવહનમાં જે ખર્ચ થયો હોત તેના કરતાં વધુ અને ઉપરના વેચાણની તમામ ફી, કમિશન, ડ્યુટી, ખર્ચ અને પડતર, વધારાનું બંકરિંગ અને અન્ય એલએનજી શિપ ખર્ચ (જેમાં આવા વૈકલ્પિક વેચાણના પરિણામે થતા કોઈપણ વિલંબ માટેના ડેમરેજનો સમાવેશ થાય છે પરંતુ તેટલા પૂરતો મર્યાદિત નથી);

પરંતુ શરત એ છે કે, જો ચોખ્ખી આવક આવા એલએનજી કાર્ગોના સંબંધમાં ખરીદનાર દ્વારા ચૂકવવામાં આવેલી અથવા ચૂકવવાપાત્ર રકમ કરતાં વધી જાય, તો આવી ચોખ્ખી આવક અને ખરીદનાર દ્વારા ચૂકવવામાં આવેલી અથવા ચૂકવવાપાત્ર રકમ વચ્ચેનો તફાવત વેચનાર દ્વારા પોતાના ખાતા માટે રાખી લેવામાં આવશે."

૨. વાદગ્રસ્ત ચુકાદામાં ફકરા '૮૨' થી '૮૪' માં તારણ નીચે મુજબ છે:-

“૮૨. પુનરાવર્તનના ભોગે પણ, એવી જોગવાઈ કરવામાં આવે છે કે ટ્રિબ્યુનલ દ્વારા કાઢવામાં આવેલા તારણો કલમ ૪૮ ના સ્પષ્ટીકરણ ૨ ના વ્યાપ અને મર્યાદામાં આવે છે કે નહીં તે ચકાસવા માટે ઉપરોક્ત હકીકતો નોંધવામાં આવી છે અને ધ્યાને લેવામાં આવી છે. ઉપરોક્ત વાસ્તવિક પૃષ્ઠભૂમિમાં અને રેણુસાગર પાવર કો. લિમિટેડ (ઉપર મુજબ) અને લાલમહાલ (ઉપર મુજબ) ના કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાને અનુસરતા, કલમ ૪૮ હેઠળ અત્યંત મર્યાદિત અને સંકુચિત અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતી વખતે પણ, આ કોર્ટને જણાય છે કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ એવા તારણ પર આવી છે કે ત્યાં એક સંપન્ન થયેલો કરાર છે અને ડિલિવરી નોટિસમાં જે વિગતોનો ઉલ્લેખ કરવાનો હતો તે કાર્યકારી સ્વરૂપની અને કરાર પછીની જવાબદારીઓ હતી અને આવા મુખ્ય આધાર પર સામાવાળાની જવાબદારી નક્કી કરવામાં આવી છે. એક તરફ, માસ્ટર એગ્રીમેન્ટ એવી જોગવાઈ કરે છે કે તે એલએનજીના વેચાણ અને ખરીદી માટેનો મૂળભૂત કરાર હશે અને તેની સાથે દરેક વ્યવહારની કન્ફર્મેશન નોટિસ હશે. પરસ્પર પક્ષકારોના વર્તન મુજબ, જ્યાં સુધી દરેક વ્યવહારનો સંબંધ છે ત્યાં સુધી મૂળ કન્ફર્મેશન નોટિસને જતી કરવામાં આવી છે અને ઉપર અવલોકન કર્યા મુજબ તમામ ચાર કાર્ગોની સંયુક્ત નોટિસ અમલમાં મૂકવામાં આવી હતી, હેનરી હબ કિંમત વૈકલ્પિક કિંમત હોવાના તારણ પર, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા દાવો અરજદારની તરફેણમાં નક્કી કરવામાં આવ્યો છે. આ બાબતમાં

સમાવિષ્ટ ગુણદોષને સ્પર્શ્યા વિના પણ, આદરપૂર્વક, વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા કાઢવામાં આવેલા તારણો વિકૃત અને અતાર્કિક છે. કિંમતનું પાસું છેલ્લી ઘડી સુધી અનિર્ણિત રહ્યું હતું અને સ્વીકૃત રીતે, રિસીવિંગ ટર્મિનલ બિલકુલ નક્કી કરવામાં આવ્યું ન હતું. માત્ર એટલા માટે કે ભારતમાં બે ટર્મિનલ ઉપલબ્ધ છે, એટલે કે, દહેજ અને હજીરા, તેના આધારે આ અથવા તે રીતે અનુમાન લગાવી શકાય નહીં અને તેને કાર્યકારી પાસું કહી શકાય નહીં. કોઈ વ્યાપારી વ્યવહારમાં, જો માલ વેચનાર દ્વારા ખરીદનારને મોકલવામાં આવે અને તે પણ હાથ પરના કેસ જેવી લાંબા અંતરે મોકલવામાં આવે, ત્યારે ગંતવ્ય સ્થાન સ્વરૂપમાં કાર્યકારી હતું તેવું માનવું તે પોતે જ વિકૃત અને અતાર્કિક છે. હકીકતો સ્પષ્ટપણે સ્થાપિત કરે છે કે અરજદાર દ્વારા મોકલવામાં આવેલી ડિલિવરી નોટિસો એ અરજદાર તરફથી કરવામાં આવેલ એકપક્ષીય કૃત્ય હતું અને તેના પર સામાવાળા દ્વારા ક્યારેય સહી કરવામાં આવી ન હતી અને તે પણ સામાવાળા દ્વારા કોઈપણ એસબીએલસી પૂરો પાડ્યા વિના, કિંમત નક્કી કર્યા વિના અને માલ મેળવવાનું સ્થળ નક્કી કર્યા વિના પણ કરવામાં આવ્યું હતું. આ કોર્ટના મતે, કોઈપણ વ્યાપારી વ્યવહારમાં, કિંમતનો ભાગ અને ડિલિવરીનું સ્થળ એ બંધનકર્તા કરારના અમલ માટે મહત્વપૂર્ણ ભાગો છે. આવી નોટિસ પર સામાવાળા દ્વારા સહી કરવામાં આવી નથી તે એક સ્વીકૃત હકીકત છે અને આવા સંજોગોમાં, આદરપૂર્વક, સામાવાળા દ્વારા યોગ્ય રીતે દલીલ કરવામાં આવી છે તેમ

વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા કાઢવામાં આવેલા તારણો તર્કથી પર છે. પુનરાવર્તનના ભોગે પણ, એવી જોગવાઈ કરવામાં આવે છે કે આ કોર્ટે ગુણદોષના આધારે એવોર્ડની ચકાસણી કરવાનો પ્રયાસ કર્યો નથી કારણ કે આ કોર્ટ પાસે અધિકારક્ષેત્રનો અભાવ છે. તેમ છતાં, ઉપરોક્ત હકીકતો પરથી, એ સ્પષ્ટ છે કે તારણો એવી ધારણા પર આધારિત છે કે ત્યાં એક સંપન્ન થયેલો કરાર છે. મૂળ કન્ફર્મેશન નોટિસ બદલવામાં આવી હતી અને ડિલિવરી નોટિસો પર સહી કરવામાં આવી ન હતી તેમજ કિંમત પર કોઈ સહમતિ ન હતી અને રિસીવિંગ ટર્મિનલ નક્કી કરવામાં આવ્યું ન હતું તે હકીકતને ધ્યાનમાં લેતા, આવા સંજોગોમાં ત્યાં એક સંપન્ન થયેલો કરાર હતો તેવું તારણ એ એક વિકૃત તારણ છે અને તે તર્કથી પર છે. તારીખ ૧૨.૦૩.૨૦૦૭ ની કન્ફર્મેશન નોટિસમાં રિસીવિંગ ટર્મિનલ, કિંમત, કરાર કિંમત અને ડિલિવરી નકારવાનો ખરીદનારનો અધિકાર વગેરે જેવી વિગતો તેમજ એસબીએલસીની કલમ માટે પણ જોગવાઈ કરવામાં આવી હતી. હકીકતો સ્પષ્ટપણે સ્થાપિત કરે છે કે સામાવાળા દ્વારા કોઈ સુરક્ષા પૂરી પાડવામાં આવી ન હતી અને સામાવાળાએ અરજદારને જાણ કરી હતી કે કોઈ સ્લોટ્સ ઉપલબ્ધ નથી. તે ઉપરાંત, હકીકતો દર્શાવે છે કે વાસ્તવમાં, મે, જૂન અને ઓગસ્ટ મહિનાના કાર્ગો તેના શિપમેન્ટ માટે બિલકુલ લોડ કરવામાં આવ્યા ન હતા અને એપ્રિલનો કાર્ગો લોડ કરવામાં આવ્યો હોવા છતાં તે તેના ગંતવ્ય સ્થાને પહોંચે તે પહેલાં વેચી દેવામાં આવ્યો હતો, જે ગંતવ્ય સ્થાન અરજદાર દ્વારા દહેજ ખાતે ડિલિવર કરવા

માટે નક્કી કરવામાં આવ્યું હતું. વિદ્વાન ટ્રિબ્યુનલ દ્વારા કાઢવામાં આવેલા તારણો મુજબ પણ, એવો કોઈ નિષ્કર્ષ નથી કે ડિલિવરી ભૌતિક રીતે ટર્મિનલના દ્વાર સુધી લાવવામાં આવી હતી અને સામાવાળા દ્વારા તેનો ઈનકાર કરવામાં આવ્યો હતો અને તેથી, ટેક ઓર પે ની જવાબદારી ઊભી થાય છે તેવું તારણ આ કેસની હકીકતોમાં તર્કથી પર છે.

૮૩. તેથી ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, આ કોર્ટનો એવો અભિપ્રાય છે કે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા કાઢવામાં આવેલા તારણો વિકૃત, અતાર્કિક અને એવા છે કે જે આ કોર્ટના અંતરાત્માને આંચકો પહોંચાડે છે. રેકોર્ડના સામાન્ય વાંચન તેમજ ઉપર જણાવ્યા મુજબ વિદ્વાન ટ્રિબ્યુનલ દ્વારા કાઢવામાં આવેલા નિષ્કર્ષ પરથી ટેક ઓર પે ના મૂળભૂત તત્વો પણ બહાર આવતા નથી, તેમ છતાં, આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા ટેક ઓર પે નો એક વિશાળ દાવો મંજૂર કરવામાં આવ્યો છે અને આ કોર્ટના મતે તે, આદરપૂર્વક, અપ્રસ્તુત બાબતો પર આધારિત અને વિકૃત, અતાર્કિક, તર્કથી પર છે અને તે કોર્ટના અંતરાત્માને આંચકો પહોંચાડે છે અને તેથી, સદર અધિનિયમની કલમ ૪૮ ના મર્યાદિત અધિકારક્ષેત્રની અંદર પણ, તે મૂળભૂત જાહેર નીતિની વિરુદ્ધ છે જે કલમ ૪૮(૨) ના સ્પષ્ટીકરણ ૨ ની અંદર આવે છે.

૮૪. સર્વોચ્ચ અદાલત અને આ કોર્ટના બંધનકર્તા નિર્ણયો તેમજ પિટિશન નં. ૨/૧૭ માં આપવામાં આવેલા ચુકાદાને ધ્યાને લેતા પણ, એવો કોઈ સંપૂર્ણ પ્રતિબંધ નથી કે વિદેશી એવોર્ડની કલમ ૪૮(૨) ના સ્પષ્ટીકરણ ૨ ના મર્યાદિત વ્યાપમાં પણ ચકાસણી ન થઈ શકે. તે મર્યાદિત વ્યાપમાં તેની ચકાસણી કર્યા પછી, વાદગ્રસ્ત આર્બિટ્રલ એવોર્ડ વિકૃત, અતાર્કિક છે અને મૂળભૂત જાહેર નીતિની વિરુદ્ધ છે અને એવો છે કે જે આ કોર્ટના અંતરાત્માને આંચકો પહોંચાડે છે અને તેથી, પ્રશ્ન હેઠળના એવોર્ડના અમલનો ઇનકાર કરવામાં આવે છે. અરજી રદ કરવામાં આવે છે. જો કે, ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી."

૩. વિદ્વાન સિંગલ જજના મંતવ્ય મુજબ વિદેશી એવોર્ડનો અમલ કરવાનો ઇનકાર, આર્બિટ્રલ એવોર્ડને વિકૃત, અતાર્કિક અને મૂળભૂત જાહેર નીતિની વિરુદ્ધ તેમજ કોર્ટના અંતરાત્માને આંચકો પહોંચાડે તેવો ઠેરવીને, સદર અધિનિયમ, ૧૯૯૬ ની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) ના સ્પષ્ટીકરણ ૨ ના મર્યાદિત વ્યાપ હેઠળ છે.

## [૨] <u>હકીકતોનો સારાંશ :-</u>

૪. પક્ષકારોના વિદ્વાન સિનિયર વકીલોની દલીલો તરફ આગળ વધતા પહેલાં, હાલના કેસની સંક્ષિપ્ત હકીકતો અને સંજોગો નીચે મુજબ નોંધવા પ્રસ્તુત છે:-

(એ) હાલના અપીલકર્તા એટલે કે, આસિયાન એલએનજી ટ્રેડિંગ કો. લિમિટેડ, જે હવે પેટ્રોનાસ એલએનજી લિમિટેડ તરીકે ઓળખાય છે, તેમણે તારીખ ૦૨.૦૮.૨૦૦૬ ના રોજ સામાવાળા એટલે કે મેસર્સ અદાણી એનર્જી લિમિટેડ સાથે એલએનજી વેચાણ અને ખરીદી માટેના માસ્ટર એગ્રીમેન્ટ તરીકે એક કરાર કર્યો હતો. આ માસ્ટર એગ્રીમેન્ટ મલેશિયા એલએનજી એસડીએન બીએચડી (મલેશિયા એલએનજી કંપનીઓ વતી અને તેમના તરફથી) અને અદાણી એનર્જી લિમિટેડ (હાલના સામાવાળા) વચ્ચે ત્રણ વર્ષના સમયગાળા માટે લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) ના વેચાણ માટે કરવામાં આવ્યો છે. મલેશિયા એલએનજી કંપનીઓ, જે કરારમાં 'એમએલએનજી' તરીકે ઓળખાય છે તે વેચનાર છે અને અદાણી એનર્જી લિમિટેડ 'અદાણી' કરારમાં વર્ણવ્યા મુજબ ખરીદનાર છે.

(બી) પક્ષકારોના વિદ્વાન સિનિયર વકીલો દ્વારા અમારી સમક્ષ મૂકવામાં આવેલા સદર કરારની પ્રસ્તુત કલમો ૧.૧, ૧.૫, કલમ ૨, ૬.૧, ૬.૨, ૬.૫, ૬.૬, ૭.૧, ૯.૧, ૧૨.૧, ૧૨.૨, ૨૦.૧, ૨૦.૩, ૨૦.૯, કલમો ૨૧ અને ૨૬ તથા ૨૭.૨ નીચે મુજબ ટાંકવી પ્રસ્તુત છે:-

**"૧.૧.** આ કરારમાં અને તેના કોઈપણ અસરકારક કન્ફર્મેશન નોટિસમાં રહેલા શબ્દો અને અભિવ્યક્તિઓનો, જ્યાં સુધી સંદર્ભથી અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી, નીચે મુજબ અનુક્રમે નિર્દિષ્ટ કરેલા અર્થો થશે:

**એફિલિએટ**

કોઈ એવી કંપની, ભાગીદારી પેઢી અથવા અન્ય કાનૂની સંસ્થા જે વેચનારનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિયંત્રણ કરે છે, અથવા જે વેચનાર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિયંત્રિત થાય છે, અથવા જે વેચનારનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિયંત્રણ કરતી સંસ્થા દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિયંત્રિત થાય છે.

આ વ્યાખ્યાના હેતુઓ માટે, "નિયંત્રણ" અને તેના વ્યુત્પન્ન શબ્દોનો અર્થ કોઈ કંપની, ભાગીદારી પેઢી અથવા અન્ય કાનૂની સંસ્થામાં પચાસ (૫૦) ટકાથી વધુ શેર, હિત અથવા મતદાન અધિકારોની પ્રત્યક્ષ કે પરોક્ષ માલિકી થાય છે.

**કરાર**

આ માસ્ટર એલએનજી વેચાણ અને ખરીદી કરાર, જેમાં શિડ્યુલ એ, બી, સી અને ડી (કોઈપણ અસરકારક કન્ફર્મેશન નોટિસમાં સમાવિષ્ટ જોગવાઈઓ) નો સમાવેશ થાય છે.

**માન્ય લેટાઈમ**
કલમ ૯.૩ માં તેને સોંપવામાં આવેલ અર્થ ધરાવે છે.

**બીટીયુ**

બ્રિટિશ થર્મલ યુનિટ, જે ગરમીનો તે જથ્થો છે જે ૧,૦૫૫.૦૬ જૂલ બરાબર છે.

**ખરીદનારની સુવિધાઓ**

સંબંધિત કન્ફર્મેશન નોટિસમાં પરસ્પર સંમત થવાના હોય તેવા રિસીવિંગ ટર્મિનલ ખાતે બર્થિંગ, અનલોડિંગ, રસીદ, સંગ્રહ, રિગેસિફિકેશન અને રિગેસિફાઇડ એલએનજી પ્રોસેસિંગ તેમજ ડિલિવરી સુવિધાઓ.

**કન્ફર્મેશન નોટિસ**

આ કરાર અનુસાર એલએનજીના એક કાર્ગોના વેચાણ અને ખરીદીના સંબંધમાં શિડ્યુલ સી માં દર્શાવેલ ફોર્મમાં મુખ્યત્વે પક્ષકારો દ્વારા અમલમાં મૂકવાની નોટિસ.

**દિવસ**

અનલોડિંગ પોર્ટ ધરાવતા દેશમાં ૦૦:૦૦ કલાકે શરૂ થઈને પછીના બીજા દિવસના ૦૦:૦૦ કલાકે પૂર્ણ થતો સતત ચોવીસ (૨૪) કલાકનો સમયગાળો.

**નિષ્ણાત**

એટલે તેમાં નિર્દિષ્ટ કર્યા મુજબ પક્ષકારો વચ્ચેના અમુક વિવાદોના ઉકેલ માટે કલમ ૨૭.૧ અનુસાર નિમણૂક કરાયેલ વ્યક્તિ.

**ફોર્સ મેઝ્યોર**

કલમ ૨૨.૧ માં વ્યાખ્યાયિત કર્યા મુજબ.

**સંપૂર્ણ કાર્ગો લોટ**

એલએનજીનો એવો કાર્ગો જે એલએનજી શિપને તેની સંપૂર્ણ લોડેડ ક્ષમતા સુધી અથવા એલએનજી શિપ સુરક્ષિત રીતે લોડ કરી શકે, લઈ જઈ શકે, ખાલી કરી શકે અને હીલ માટે વાજબી જથ્થો બાકી રાખી શકે તેટલી સંપૂર્ણ હદ સુધી ભરે છે.

**ગ્રોસ હીટિંગ વેલ્યુ (દળ આધારિત)**

જ્યારે મેગાજૂલ અથવા એમજે માં વ્યક્ત કરવામાં આવે ત્યારે, નિર્જળ હવામાં ૧ કિલોગ્રામ દળના નિર્જળ ગેસના સંપૂર્ણ દહન દ્વારા ઉત્પાદિત ગરમીનો જથ્થો, અને બનેલા તમામ પાણીનું ઘનીભવન, જેમાં પ્રારંભિક અને અંતિમ તાપમાન અને દબાણ અનુક્રમે ૧૫ ડિગ્રી સેલ્સિયસ અને ૧,૦૧૩.૨૫ મિલિબાર હોય; જ્યારે બીટીયુ માં વ્યક્ત કરવામાં આવે ત્યારે, નિર્જળ હવામાં ૧ કિલોગ્રામ દળના નિર્જળ ગેસના સંપૂર્ણ દહન દ્વારા ઉત્પાદિત ગરમીનો જથ્થો, અને બનેલા તમામ પાણીનું ઘનીભવન, જેમાં પ્રારંભિક અને અંતિમ તાપમાન અને દબાણ અનુક્રમે ૬૦ ડિગ્રી ફેરનહીટ અને ૧૪.૬૯૬ પાઉન્ડ પ્રતિ ચોરસ ઇંચ એબ્સોલ્યુટ હોય.

**ગ્રોસ હીટિંગ વેલ્યુ (વોલ્યુમ આધારિત)**

જ્યારે બીટીયુ માં વ્યક્ત કરવામાં આવે ત્યારે, નિર્જળ હવામાં ૧ સ્ટાન્ડર્ડ ક્યુબિક ફીટ નિર્જળ ગેસના સંપૂર્ણ દહન દ્વારા ઉત્પાદિત

ગરમીનો જથ્થો, અને બનેલા તમામ પાણીનું ઘનીભવન, જેમાં પ્રારંભિક અને અંતિમ તાપમાન અને દબાણ અનુક્રમે ૬૦ ડિગ્રી ફેરનહીટ અને ૧૪.૬૯૬ પાઉન્ડ પ્રતિ ચોરસ ઇંચ એબ્સોલ્યુટ હોય.

**સ્વતંત્ર નિરીક્ષક**

કલમ ૧૫.૨ માં વ્યાખ્યાયિત કર્યા મુજબ.

**એલએનજી**

લિક્વિફાઇડ નેચરલ ગેસ, જે કુદરતી ગેસને પ્રવાહી બનાવીને મેળવવામાં આવતું ઉત્પાદન છે અને તેમાં મુખ્યત્વે મિથેનનો સમાવેશ થાય છે.

**એલએનજી હીલ**

વેચનાર દ્વારા નિર્ધારિત કર્યા મુજબ એલએનજીનો જથ્થો, જે કાર્ગો ખાલી કર્યા પછી એલએનજી શિપને રિસીવિંગ ટર્મિનલથી લોડિંગ પોર્ટ અથવા ડ્રાય-ડોક કે અન્ય બંદરે જવા માટે અને જરૂરી આગમન તાપમાન પૂર્ણ કરવા માટે પર્યાપ્ત એલએનજી સાથે આવી સુવિધા પર પહોંચવા માટે એલએનજી શિપ પર બાકી રહે છે.

**એલએનજી શિપ**

આ કરાર અને સંબંધિત કન્ફર્મેશન નોટિસ અનુસાર રિસીવિંગ ટર્મિનલ ખાતે ખરીદનારને એલએનજીના પરિવહન માટે વેચનાર દ્વારા પૂરી પાડવામાં આવેલી શિપ.

**લોડિંગ પોર્ટ**

બિન્તુલુ, સારાવાક, મલેશિયા ખાતે આવેલ અને/અથવા સંબંધિત કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ અન્ય બંદરો પર એલએનજી શિપમાં એલએનજી લોડ કરવા માટેનું બંદર.

**મલેશિયા એલએનજી કંપનીઓ**

મલેશિયાના કાયદા હેઠળ સંગઠિત અને અસ્તિત્વ ધરાવતી કંપનીઓમાંથી કોઈપણ એક કંપની, જેમાં આ તારીખે મલેશિયા એલએનજી એસડીએન. બીએચડી., મલેશિયા એલએનજી દુઆ એસડીએન. બીએચડી., મલેશિયા એલએનજી તીગા એસડીએન બીએચડી અને આસિયાન એલએનજી ટ્રેડિંગ કંપની લિમિટેડનો સમાવેશ થાય છે.

**એમએમબીટીયુ**
૧૦,૦૦,૦૦૦ બીટીયુ.

**મહિનો**
ગ્રેગોરિયન કેલેન્ડર મહિનો.

**કુદરતી ગેસ**

કુદરતી ભૂગર્ભ જળાશયોમાં વાયુ સ્વરૂપે અથવા ક્રૂડ ઓઇલ સાથે મિશ્રણ સ્વરૂપે અસ્તિત્વ ધરાવતા હાઇડ્રોકાર્બનનું બનેલું મિશ્રણ.

**નોટિસ ઓફ રેડીનેસ (એનઓઆર)**

અનલોડિંગ પોર્ટ પર જ્યાં પ્રથમ પાયલોટ એલએનજી શિપ પર સવાર થાય છે તેવા રૂઢિગત સ્થળે એલએનજી શિપના પહોંચવા પર

એલએનજી શિપના માસ્ટર અથવા તેના એજન્ટ દ્વારા પત્ર, ટેલિગ્રાફ, ફેક્સિમિલી, રેડિયો અથવા ટેલિફોન દ્વારા ખરીદનાર અથવા ખરીદનારના એજન્ટને મોકલવામાં આવતી નોટિસ, જે દર્શાવે છે કે એલએનજી શિપ બર્થ મળ્યો હોય કે ન મળ્યો હોય, એલએનજી ખાલી કરવા માટે તૈયાર છે.

**પ્લાન્ટ**

મલેશિયાના સારાવાક રાજ્યના બિન્તુલુ ખાતેના લિક્વિફેક્શન ટ્રેન અને સંલગ્ન સુવિધાઓ (અથવા સંબંધિત કન્ફર્મેશન નોટિસ પરથી નિર્દિષ્ટ અથવા વાજબી રીતે અનુમાન કરી શકાય તેવા અન્ય સ્થાનો), જેમાં આ કરાર હેઠળ વિતરણ કરવામાં આવનાર એલએનજીનું ઉત્પાદન અને લોડ કરવા માટે વેચનાર દ્વારા ઉપયોગમાં લેવાતી લોડિંગ પોર્ટ ખાતેની સુવિધાઓનો સમાવેશ થાય છે.

## ડિલિવર થયેલ જથ્થો

સંબંધિત કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ કર્યા મુજબ અનલોડિંગ પોર્ટના રિસીવિંગ ટર્મિનલમાં અનલોડિંગ પોઇન્ટ પર વેચનાર દ્વારા ખરીદનારને એમએમબીટીયુ માં ડિલિવર કરવામાં આવેલ એલએનજીનો જથ્થો.

## રિસીવિંગ ટર્મિનલ

રિગેસિફિકેશન અને સંલગ્ન સુવિધાઓ કે જેને ખરીદનારે સંબંધિત કન્ફર્મેશન નોટિસમાં પુષ્ટિ આપી છે કે તે કરાર હેઠળ ખરીદેલ એલએનજીને અનલોડ કરવા માટે તેનો ઉપયોગ કરશે (જો કોઈ હોય તો).

**રાઉન્ડિંગ અથવા રાઉન્ડેડ**

નીચેની પદ્ધતિનો ઉપયોગ કરીને જરૂરી સંખ્યા સ્થાપિત કરવા માટે બિનજરૂરી અંકોને દૂર કરવા: જો કાઢી નાખવાના અંકોમાંથી પ્રથમ અંક ૫ કે તેથી વધુ હોય, તો જાળવી રાખવાના અંકોમાંથી છેલ્લા અંકમાં ૧ નો વધારો કરવામાં આવે છે; જો કાઢી નાખવાના અંકોમાંથી પ્રથમ અંક ૪ કે તેથી ઓછો હોય, તો જાળવી રાખવાના અંકોમાંથી છેલ્લો અંક યથાવત રહે છે. ઉપરોક્ત અનુસાર સંખ્યા કેવી રીતે સ્થાપિત કરવી તે દર્શાવવા માટે નીચેનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

| રાઉન્ડિંગ પહેલાંની સંખ્યા | ૧ દશાંશ સ્થળ સુધી રાઉન્ડિંગ પછીની સંખ્યા |
|---|---|
| ૬.૭૪ | ૬.૭ |
| ૬.૭૪૯ | ૬.૭ |
| ૬.૭૫૦ | ૬.૮ |

| | |
|---|---|
| ૬.૭૬ | ૬.૮ |

**શિડ્યુલ્ડ અનલોડિંગ તારીખની શ્રેણી**
કલમ ૬.૧ માં વ્યાખ્યાચિત કર્યા મુજબ.

**વેચનારની સુવિધાઓ**

સદર કરાર અનુસાર ડિલિવર કરવાના એલએનજીના ઉત્પાદન, સંગ્રહ અને પરિવહનના સંબંધમાં તમામ સુવિધાઓ અને જેમાં કોઈપણ મર્યાદા વિના, મલેશિયાના સારાવાક રાજ્યમાં ઓનશોર અથવા ઓફશોર આવેલ કુદરતી ગેસના કૂવાઓ અને ઉત્પાદન સુવિધાઓ, પાઇપલાઇનો અને યુટિલિટીઝ, કુદરતી ગેસ ટ્રીટમેન્ટ, લિક્વિફેક્શન અને સંબંધિત સુવિધાઓ, એલએનજી સંગ્રહ સુવિધાઓ અને લોડિંગ પોર્ટ સુવિધાઓ (અથવા સંબંધિત કન્ફર્મેશન નોટિસમાંથી નિર્દિષ્ટ અથવા વાજબી રીતે અનુમાનિત અન્ય સ્થળો) નો સમાવેશ થશે, અને તેમાં સમયાંતરે કરવામાં આવે તેવા તમામ ફેરફારો, રૂપાંતરો અથવા તેમાં થતા ઉમેરાઓનો સમાવેશ થાય છે, પછી ભલે તે વેચનારની માલિકીની હોય કે ન હોય અને/અથવા વેચનાર દ્વારા નિયંત્રિત હોય કે ન હોય.

**જહાજ માલિક**
એલએનજી જહાજનો માલિક.

**પ્રમાણભૂત શરતો અથવા એસસી**

૧૫ ડિગ્રી સેલ્સિયસ અને ૧,૦૧૩.૨૫ મિલિબાર એબ્સોલ્યુટની સંદર્ભ શરતો.

**પ્રમાણભૂત ઘન ફૂટ અથવા એસસીએફ**

ગેસના સંબંધમાં, નિર્જળ ગેસનો તે જથ્થો કે જે ૬૦ ડિગ્રી ફેરનહીટના તાપમાને અને ૧૪.૬૯૬ પાઉન્ડ પ્રતિ ચોરસ ઇંચ એબ્સોલ્યુટના દબાણે ૧ ઘન ફૂટ જગ્યા રોકે છે.

**અનલોડિંગ પોર્ટ**

સંબંધિત કન્ફર્મેશન નોટિસમાં તેને સોંપવામાં આવ્યા મુજબ.

**અનલોડિંગ પોઇન્ટ**

રીસીવિંગ ટર્મિનલ પરનો તે બિંદુ કે જેના પર એલએનજી જહાજ પરના એલએનજી અનલોડિંગ મેનિફોલ્ડનું ફ્લેંજ કપલિંગ ખરીદનારના રીસીવિંગ આર્મના ફ્લેંજ કપલિંગ સાથે જોડાય છે.

**કામકાજનો દિવસ**

શનિવાર અથવા રવિવાર સિવાયનો એવો દિવસ કે જેના પર બેંકો સામાન્ય વ્યવસાય માટે ખુલ્લી હોય (એ) ખરીદનારની નિયુક્ત બેંકના દેશમાં અને (બી) મલેશિયામાં અથવા વેચનારની નિયુક્ત બેંકના દેશમાં (જો વેચનારની નિયુક્ત બેંક મલેશિયામાં ન હોય તો).

**૧.૫.** આ કરારમાં આ માસ્ટર એલએનજી સેલ એન્ડ પર્ચેઝ એગ્રીમેન્ટ, શિડ્યુલ એ, બી અને આ સાથેના શિડ્યુલ સી માં

નિર્ધારિત ફોર્મેટ મુજબની સંબંધિત અમલી કન્ફર્મેશન નોટિસનો સમાવેશ થાય છે. જો માસ્ટર એલએનજી સેલ એન્ડ પર્ચેઝ એગ્રીમેન્ટ, શિડ્યુલ એ, બી માં સમાવિષ્ટ જોગવાઈઓ અને સંબંધિત અમલી કન્ફર્મેશન નોટિસની જોગવાઈઓ વચ્ચે કોઈ અસંગતતા જણાય, તો દસ્તાવેજો અગ્રતાના નીચે મુજબના ક્રમમાં પ્રબળ રહેશે:

(એ) સંબંધિત અમલી કન્ફર્મેશન નોટિસ;

(બી) આ માસ્ટર એલએનજી સેલ એન્ડ પર્ચેઝ એગ્રીમેન્ટ; અને

(સી) શિડ્યુલ એ અને બી

**ક્લોઝ ૨ – સમયગાળો**

૨.૧ આ કરાર ઉપર લખેલી તારીખથી અમલમાં અને પ્રભાવમાં આવશે અને ત્રણ (૩) વર્ષના સમયગાળા માટે અમલમાં અને પ્રભાવમાં રહેશે. શંકા દૂર કરવા માટે, આ કરાર અમલી તારીખની ૩જી વાર્ષિક તિથિએ સમાપ્ત થશે.

૨.૨. પરસ્પર સંમત થઈ શકે તેવા નિયમો અને શરતો પર આ કરારની મુદત લંબાવી શકાશે. આ કરારને લંબાવવાની વિનંતી કરનાર પક્ષકારે ઉપરોક્ત ક્લોઝ ૨.૧ અનુસાર આ કરારની મુદત

પૂરી થવાના ત્રણ (૩) મહિના અગાઉથી મોડું ન થાય તે રીતે બીજા પક્ષકારને લેખિત નોટિસ આપવાની રહેશે.

૨.૩. જોકે પક્ષકારોનો આશય સમયાંતરે એલએનજીના કાર્ગોના વેચાણ અને ખરીદી માટેના કરારો કરવાનો છે, તેમ છતાં પક્ષકારો દ્વારા આ કરારનું નિષ્પાદન કોઈપણ સમયે કોઈપણ પક્ષકારને એલએનજીના વેચાણ અને ખરીદી માટે બીજા પક્ષકાર સાથે કોઈપણ કરાર કરવા માટે બાધ્ય કરશે નહીં. વેચનાર, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિ અનુસાર, અહીં સમાવિષ્ટ નિયમો અને શરતો પર ખરીદનારને એલએનજીના જથ્થાનું વેચાણ કરવાની કોઈપણ સમયે ઓફર કરી શકે છે. જો ખરીદનાર આવી ઓફર સ્વીકારે, તો પક્ષકારો શિડ્યુલ સી માં નિર્ધારિત ફોર્મમાં મુખ્યત્વે કન્ફર્મેશન નોટિસ અંગે વાટાઘાટો કરશે અને તેનું નિષ્પાદન કરશે. એલએનજીના કોઈપણ કાર્ગો અથવા કાર્ગોઝના વેચાણ અને ખરીદી માટે પક્ષકારો દ્વારા કરવામાં આવી શકે તેવો કોઈપણ કરાર, આ કરારની શરતો અને દરેક કરારને સંબંધિત પરસ્પર સંમત થનારી સંબંધિત કન્ફર્મેશન નોટિસ અનુસાર રહેશે. પક્ષકારો દ્વારા કોઈપણ કન્ફર્મેશન નોટિસનું નિષ્પાદન એ એક સ્વતંત્ર અને વ્યક્તિગત કરાર બનશે કે જેના દ્વારા વેચનાર ખરીદનારને એલએનજીનો કાર્ગો અથવા કાર્ગોઝ પૂરા પાડવા, વેચવા અને ડિલિવર કરવા સંમત થાય છે અને ખરીદનાર આ કરાર અને સંબંધિત કન્ફર્મેશન નોટિસ અનુસાર આવા એલએનજીના કાર્ગો

અથવા કાર્ગોઝ ખરીદવા, પ્રાપ્ત કરવા અને વેચનારને તેની ચૂકવણી કરવા સંમત થાય છે.

**૬.૧.** આ કરાર હેઠળ એલએનજીના કોઈપણ કાર્ગોના લોડિંગ અગાઉ, વેચનાર અને ખરીદનાર એકબીજા સાથે ચર્ચા-વિચારણા કરશે અને લોડ કરવાના એલએનજીના કાર્ગો અથવા કાર્ગોઝને લાગુ પડતી શરતો અંગે કન્ફર્મેશન નોટિસમાં સંમત થશે, જેમાં વેચનારના એલએનજી જહાજના સંચાલન અને દીર્ઘકાલીન કરારો પરની તેની પ્રતિબદ્ધતા તેમજ ખરીદનારના બર્થ શિડ્યુલ, ઉપયોગમાં લેવાના એલએનજી જહાજનું નામ (જેને ક્લોઝ ૧૭.૧ ના પાલનને આધીન લોડિંગ પહેલાં જો જરૂરી હોય તો બદલવાનો વેચનારને અધિકાર રહેશે પરંતુ કોઈ બંધન રહેશે નહીં), એલએનજી જહાજનો અંદાજિત સંપૂર્ણ લોડ થયેલ ડ્રાફ્ટ અને ડિલિવર કરવાના એલએનજીના અંદાજિત જથ્થાને ધ્યાનમાં લઈને રીસીવિંગ ટર્મિનલ પર એલએનજીનો સંપૂર્ણ કાર્ગો લોટ ડિલિવર કરવા માટે એલએનજી જહાજના આગમન માટે બે (૨) દિવસની તારીખ-મર્યાદા (અથવા પરસ્પર સંમત થયા મુજબ અન્ય તારીખ-મર્યાદા) ("શિડ્યુલ્ડ અનલોડિંગ ડેટ રેન્જ") નો સમાવેશ થાય છે.

ખરીદનાર અને વેચનાર વચ્ચેની આવી ચર્ચા–વિચારણા દરમિયાન, ખરીદનાર પ્રસ્તાવિત અનલોડિંગ પોર્ટ, રીસીવિંગ ટર્મિનલ અને

સંબંધિત શિપમેન્ટ માટેની આવશ્યકતાઓ વિશે વેચનારને માહિતી પૂરી પાડવા માટે તમામ વાજબી પ્રયાસો પણ કરશે.

લોડિંગ પૂર્ણ થયાના ચોવીસ (૨૪) કલાકની અંદર વેચનાર પત્ર, ટેલેક્સ, ફેક્સિમાઇલ, ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા લેખિત પ્રસારણની અન્ય ઇલેક્ટ્રોનિક પદ્ધતિ દ્વારા ખરીદનારને નોટિસ મોકલશે. ઉપરોક્ત સલાહ મળ્યા પછી, ખરીદનાર સંબંધિત શિપમેન્ટ માટેની સંપૂર્ણ દસ્તાવેજી આવશ્યકતાઓ વેચનારને પૂરી પાડશે.

**૬.૨.** ક્લોઝ ૬.૧ માં સંદર્ભિત એલએનજી જહાજ ક્લોઝ ૧૭.૧ માં દર્શાવ્યા મુજબની વિશિષ્ટતાઓ અને પરિમાણો ધરાવતા એલએનજી જહાજો પૈકીનું કોઈપણ રહેશે.

**૬.૫.** વેચનાર ખરીદનારને આપશે અથવા અપાવશે:

(એ) રીસીવિંગ ટર્મિનલ પર એલએનજી જહાજના આગમનના અંદાજિત સમયની બોતેર (૭૨) કલાકથી ઓછી નહીં તેટલી નોટિસ;

(બી) રીસીવિંગ ટર્મિનલ પર એલએનજી જહાજના આગમનના અંદાજિત સમયના અડતાલીસ (૪૮) કલાકથી ઓછા નહીં તે પહેલાંની નોટિસ;

(સી) રીસીવિંગ ટર્મિનલ પર એલએનજી જહાજના આગમનના અંદાજિત સમયના ચોવીસ (૨૪) કલાકથી ઓછા નહીં તે પહેલાંની વધારાની નોટિસ;

(ડી) ક્લોઝ ૬.૫(સી) હેઠળ આપવામાં આવેલી નોટિસમાં સમાવિષ્ટ સમયમાં ત્રણ (૩) કલાક કરતાં વધુના કોઈપણ ફેરફારની તાત્કાલિક નોટિસ; અને

(ઇ) અનલોડિંગ પોર્ટની વધારાની આવશ્યકતાઓને પહોંચી વળવા માટે ખરીદનાર દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી શકે તેવી અને ખરીદનારની ડિલિવરી સૂચનાઓમાં સમાવિષ્ટ અન્ય અથવા વિશેષ નોટિસ.

**૬.૬.** રીસીવિંગ ટર્મિનલ પર એલએનજી જહાજના આગમનના અંદાજિત સમયના ચોવીસ (૨૪) કલાક પહેલાં (અને પરસ્પર સંમત થઈ શકે તેવા અન્ય સમયે), પ્રવાહી કાર્ગોના અદ્યતન તાપમાન અને એલએનજી જહાજના એલએનજી ટેન્કના દબાણની માહિતી ખરીદનારને પૂરી પાડવાની વ્યવસ્થા વેચનાર કરશે. જો આવી નોટિસ મોકલ્યા પછી જણાઈ આવેલ સંજોગોને કારણે પ્રવાહી કાર્ગોનું અદ્યતન તાપમાન અને એલએનજી ટેન્ક તથા એલએનજી જહાજનું દબાણ બદલાય, તો એલએનજી જહાજના માસ્ટર અગાઉ

ખરીદનારને આપવામાં આવેલી માહિતીમાં સુધારો કરતી તાત્કાલિક નોટિસ ખરીદનારને આપશે.

**૭.૧.** અનલોડિંગ પોર્ટ પર ખરીદનાર દ્વારા જણાવ્યા મુજબના રૂઢિગત લંગરસ્થાન અથવા પ્રતીક્ષા સ્થળે, જ્યાં પ્રથમ પાઇલટ એલએનજી જહાજ પર સવાર થાય છે, એલએનજી જહાજના આગમન પર, જહાજના માસ્ટર નોટિસ ઓફ રેડીનેસ મોકલાવશે. એલએનજી જહાજે સંબંધિત સત્તાવાળાઓ સાથેની જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી, વેચનાર એલએનજી જહાજને ખરીદનારના બર્થ પર સુરક્ષિત રીતે અને ઝડપથી બર્થ કરાવશે અને એલએનજી જહાજને સુરક્ષિત અને ઝડપથી બર્થ કરવામાં જ્યાં વ્યાજબી રીતે શક્ય હોય ત્યાં ખરીદનાર સહકાર આપશે.

**૯.૧.** ખરીદનાર એવા બર્થ પર એલએનજીનું ડિસ્ચાર્જ સ્વીકારશે જે ખરીદનાર વિનામૂલ્યે પૂરો પાડશે અથવા પૂરો પડાવશે અને જ્યાં એલએનજી જહાજ સુરક્ષિત રીતે પહોંચી શકે, લંગરી શકે અને ત્યાંથી રવાના થઈ શકે, અને હંમેશા સુરક્ષિત રીતે તરતું રહી શકે.

**૧૨.૧ વેચનાર અને ખરીદનારની જવાબદારીઓ** વેચનાર રીસીવિંગ ટર્મિનલ પર ખરીદનારને એલએનજી વેચવા અને ડિલિવર કરવા સંમત થાય છે, અને ખરીદનાર આ કરાર અને સંબંધિત કન્ફર્મેશન નોટિસ અનુસાર નિર્ધારિત જથ્થા, ગુણવત્તા અને કિંમતો પર

એલએનજી ખરીદવા, લેવા અને તેના માટે ચૂકવણી કરવા, અથવા જો ન લેવાય તો તેના માટે ચૂકવણી કરવા સંમત થાય છે.

## ૧૨.૨ ટેક ઓર પે અંગે ખરીદનારની જવાબદારી

જો ખરીદનાર સદર કરાર હેઠળ એલએનજીના કોઈપણ કાર્ગોની ડિલિવરી સ્વીકારવામાં નિષ્ફળ જાય, સિવાય કે ફોર્સ મેજર અથવા વેચનાર દ્વારા પાલન કરવામાં મહત્ત્વપૂર્ણ નિષ્ફળતાથી મુક્તિ મળેલી હોય, તો ખરીદનાર આ ક્લોઝ ૧૨.૨ અનુસાર, કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ એલએનજીના આવા જથ્થાને તેના સંબંધમાં કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ એલએનજી કિંમત સાથે ગુણાકાર કરવાથી થતી રકમ બરાબરની રકમ વેચનારને ચૂકવવા માટે જવાબદાર રહેશે ("ટેક ઓર પે રકમ").

ઉપરોક્ત બાબત છતાં, જો વેચનાર તૃતીય પક્ષ ખરીદનારને આવા એલએનજી કાર્ગોના વેચાણનો વ્યવહાર શોધવા અને પૂર્ણ કરવામાં સક્ષમ હોય, અને ખરીદનારે વેચનારને ચૂકવણી કરી દીધી હોય, તો ખરીદનાર આવા તૃતીય પક્ષ પાસેથી વેચનાર દ્વારા વસૂલ કરાયેલી આવી વેચાણની ચોખ્ખી ઉપજ મેળવવા માટે હકદાર રહેશે, જે નીચે મુજબ રહેશે ("ચોખ્ખી ઉપજ"):

(એ) આવા તૃતીય પક્ષને વેચાણમાંથી પ્રાપ્ત થયેલી કુલ ઉપજ વત્તા બચાવેલ કોઈપણ શિપિંગ ખર્ચ, બાદ

(બી) શિડ્યુલ્ડ અનલોડિંગ ડેટ રેન્જ પર ખરીદનારની સુવિધાઓ સુધી કાર્ગોના પરિવહનમાં જે ખર્ચ થયો હોત તેના કરતાં વધુ અને વધારાના તમામ વેચાણ ફી, કમિશન, જકાત, ખર્ચ અને વેચાણના પડતર ખર્ચ, વધારાનું બંકરિંગ અને એલએનજી જહાજના અન્ય ખર્ચાઓ (આવા વૈકલ્પિક વેચાણના પરિણામે થતા કોઈપણ વિલંબ માટેના ડેમરેજ સહિત પરંતુ તેના પૂરતા મર્યાદિત નહીં);

જોકે શરત એ છે કે, જો ચોખ્ખી ઉપજ આવા એલએનજી કાર્ગોના સંબંધમાં ખરીદનાર દ્વારા ચૂકવવામાં આવેલી અથવા ચૂકવવાપાત્ર રકમ કરતાં વધી જાય, તો આવી ચોખ્ખી ઉપજ અને ખરીદનાર દ્વારા ચૂકવવામાં આવેલી અથવા ચૂકવવાપાત્ર રકમ વચ્ચેનો તફાવત વેચનાર દ્વારા તેના પોતાના ખાતા માટે રાખી લેવામાં આવશે.

**૨૦.૧.** આ કરાર અને સંબંધિત કન્ફર્મેશન નોટિસ અનુસાર એલએનજીના કોઈપણ વેચાણ માટે, એમએમબીટીયુ દીઠ યુનાઈટેડ સ્ટેટ્સ ડૉલરમાં દર્શાવવામાં આવેલી એલએનજીની કિંમત કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવશે ("કોન્ટ્રેક્ટ સેલ પ્રાઇસ").

**૨૦.૩.** વેચાયેલા એલએનજી કાર્ગો(ઝ) માટે ખરીદનાર દ્વારા વેચનારને ચૂકવવાપાત્ર રકમ, અથવા આ કરાર અનુસાર ચૂકવવાપાત્ર કોઈપણ અન્ય રકમની ગણતરી સંબંધિત કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ કોન્ટ્રેક્ટ સેલ પ્રાઇસ સાથે ડિલિવર કરેલા જથ્થાનો ગુણાકાર કરીને કરવામાં આવશે.

**૨૦.૯. ક્રેડિટ સપોર્ટ**

(એ) કન્ફર્મેશન નોટિસ અનુસાર અને તેમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વેચનાર દ્વારા વિનંતી કરવામાં આવે તો ખરીદનાર વેચનારને કાં તો (૧) શિડ્યુલ ડી ના ફોર્મ ૨ માં નિર્ધારિત ફોર્મને મુખ્યત્વે સમાન પેરેન્ટ કંપની ગેરંટી પૂરી પાડશે; જોકે શરત એ છે કે આવી ગેરંટી આપનાર કંપની વેચનારને વાજબી રીતે સ્વીકાર્ય હોવી જોઈએ, અથવા (૨) શિડ્યુલ ડી ના ફોર્મ ૧ માં નિર્ધારિત ફોર્મને મુખ્યત્વે સમાન એક અફર સ્ટેન્ડબાય લેટર ઓફ ક્રેડિટ પૂરો પાડશે, જે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ દ્વારા ઓછામાં ઓછું એ- અથવા મૂડીઝ દ્વારા સમકક્ષ ડેટ રેટિંગ ધરાવતી ફર્સ્ટ ક્લાસ આંતરરાષ્ટ્રીય બેંક દ્વારા પૂરો પાડવામાં આવેલ હોય.

(બી) જો કોઈપણ કન્ફર્મેશન નોટિસની મુદત દરમિયાન, ખરીદનારની (અથવા તેના જામીનદારની) નાણાકીય સ્થિતિ એટલી હદે નોંધપાત્ર રીતે બગડે કે વેચનાર પાસે એવું માનવાના વાજબી

કારણો હોય કે કાં તો ખરીદનાર તેની નાણાકીય જવાબદારીઓ પૂર્ણ કરવા માટે નાણાકીય સંસાધનો ધરાવતો બંધ થઈ જશે અથવા ખરીદનારના (અથવા તેના જામીનદારના) નાણાકીય સંજોગો અસ્વીકાર્ય સ્તરે પહોંચી ગયા છે, તો વેચનાર ખરીદનારને નોટિસ આપીને (વેચનારના વાજબી કારણોની વિગતો સહિત) ખરીદનારના પાલનને સુરક્ષિત કરવા માટે, આવી નોટિસમાં નિર્દિષ્ટ કર્યા મુજબ ખરીદનાર તાત્કાલિક વધારાની નાણાકીય સુરક્ષા પૂરી પાડે તેવી વિનંતી કરી શકે છે. આવી નોટિસ મળ્યા પછી, ખરીદનાર પાંચ (૫) કામકાજના દિવસોની અંદર વેચનારને વિનંતી કરાયેલ નાણાકીય સુરક્ષા પૂરી પાડશે. જો ખરીદનાર વિનંતી કરાયેલ સમયગાળામાં વિનંતી કરાયેલ નાણાકીય સુરક્ષા પૂરી પાડવામાં નિષ્ફળ જાય, તો વેચનાર જ્યાં સુધી આવી નાણાકીય સુરક્ષા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ખરીદનારને નોટિસ આપીને એલએનજીની ડિલિવરી સ્થગિત કરવાનો અને/અથવા આ કરાર હેઠળ ખરીદનાર દ્વારા પૂરા પાડવામાં આવેલા ક્રેડિટ સપોર્ટ દસ્તાવેજો પર લેણી કોઈપણ રકમ ઉપાડી લેવાનો તાત્કાલિક અધિકાર રહેશે. આવું સ્થગન આ કરારની શરતો અનુસાર વેચાણ માટે આવા જથ્થાને ઉપલબ્ધ કરાવવામાં વેચનાર તરફથી થયેલી નિષ્ફળતા ગણાશે નહીં, પરંતુ ક્લૉઝ ૧૨.૨ હેઠળ સ્વીકારવામાં ખરીદનારની નિષ્ફળતા ગણાશે. જ્યાં સુધી આવી નાણાકીય સુરક્ષા પૂરી પાડવામાં ન આવે ત્યાં સુધી ખરીદનારને

આવી સ્થગિત ડિલિવરીના સંબંધમાં કોઈ અધિકારો રહેશે નહીં પરંતુ આવી સ્થગિત ડિલિવરીના સંબંધમાં ક્લોઝ ૧૨.૨ અનુસાર બાકી અને ચૂકવવાપાત્ર થતી તમામ ચૂકવણીઓ કરવા માટે તે બંધાયેલ રહેશે.

(સી) જો વેચનાર ઉપરોક્ત ક્લોઝ ૨૦.૯(એ) અનુસાર ક્રેડિટ સપોર્ટની વિનંતી ન કરે, તો કોઈપણ કન્ફર્મેશન નોટિસની મુદત દરમિયાન, જો ખરીદનારની (અથવા તેની પેરેન્ટ કંપનીની) નાણાકીય સ્થિતિ એટલી હદે નોંધપાત્ર રીતે બગડે કે વેચનારના પોતાના અભિપ્રાય મુજબ, વેચનાર પાસે એવું માનવાના વાજબી કારણો હોય કે કાં તો ખરીદનાર તેની નાણાકીય જવાબદારીઓ પૂરી કરવા માટે નાણાકીય સંસાધનો ધરાવતો બંધ થઈ જશે અથવા ખરીદનારના (અથવા તેની પેરેન્ટ કંપનીના) નાણાકીય સંજોગો અસ્વીકાર્ય સ્તરે પહોંચી ગયા છે, તો વેચનાર ખરીદનારને નોટિસ આપીને (વેચનારના વાજબી કારણોની વિગતો સહિત) ખરીદનારના પાલનને સુરક્ષિત કરવા માટે, આવી નોટિસમાં નિર્દિષ્ટ કર્યા મુજબ ખરીદનાર તાત્કાલિક વધારાની નાણાકીય સુરક્ષા પૂરી પાડે તેવી વિનંતી કરી શકે છે. આવી નોટિસ મળ્યા પછી, ખરીદનાર પાંચ (૫) કામકાજના દિવસોની અંદર વેચનારને વિનંતી કરાયેલ નાણાકીય સુરક્ષા પૂરી પાડશે. જો ખરીદનાર વિનંતી કરાયેલ સમયગાળામાં વિનંતી કરાયેલ નાણાકીય સુરક્ષા પૂરી પાડવામાં નિષ્ફળ જાય, તો

વેચનાર જ્યાં સુધી આવી નાણાકીય સુરક્ષા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ખરીદનારને નોટિસ આપીને એલએનજીની ડિલિવરી સ્થગિત કરવાનો તાત્કાલિક અધિકાર રહેશે. આવું સ્થગન આ કરારની શરતો અનુસાર વેચાણ માટે આવા જથ્થાને ઉપલબ્ધ કરાવવામાં વેચનાર તરફથી થયેલી નિષ્ફળતા ગણાશે નહીં, અને જ્યાં સુધી આવી નાણાકીય સુરક્ષા પૂરી પાડવામાં ન આવે ત્યાં સુધી ખરીદનારને આવી સ્થગિત ડિલિવરીના સંબંધમાં કોઈ અધિકારો રહેશે નહીં પરંતુ આવી સ્થગિત ડિલિવરીના સંબંધમાં ક્લોઝ ૧૨.૨ અનુસાર બાકી અને ચૂકવવાપાત્ર થતી તમામ ચૂકવણીઓ કરવા માટે તે બંધાયેલ રહેશે.

આ ક્લોઝ ૨૦.૯ અને લાગુ કન્ફર્મેશન નોટિસ અનુસાર ખરીદનાર દ્વારા પૂરા પાડવામાં આવેલા કોઈપણ ક્રેડિટ સપોર્ટ પર વેચનાર દ્વારા કરવામાં આવેલો કોઈપણ દાવો ખરીદનાર દ્વારા સંબંધિત રકમની ચૂકવણી ગણાશે.

## ક્લોઝ ૨૧ – ડિલિવરી, ટાઇટલ અને જોખમનું ટ્રાન્સફર

**૨૧.૧.** એલએનજીની ડિલિવરી એક્સ-શિપ ધોરણે રહેશે અને, કન્ફર્મેશન નોટિસમાં અન્યથા સંમત થયા સિવાય, આ કરાર હેઠળના દરેક એલએનજી વેચાણનો ડિલિવરી પોઇન્ટ અનલોડિંગ પોઇન્ટ પર રહેશે. આ હેઠળ ડિલિવર કરવામાં આવેલા એલએનજીનું

ટાઇટલ અને જોખમ એવા બિંદુઓ પર વેચનાર પાસેથી ખરીદનારને તબદીલ થશે જ્યાં એલએનજી જહાજની અનલોડિંગ લાઇનોના આઉટલેટ ફ્લેંજ્સ અનલોડિંગ પોઇન્ટની રીસીવિંગ લાઇનોના ઈનલેટ ફ્લેંજ્સ સાથે જોડાય છે.

**ક્લોઝ ૨૬ લાગુ કાયદો**

**૨૬.૧** આ કરાર અને આ હેઠળ નિષ્પાદિત દરેક કન્ફર્મેશન નોટિસ ઇંગ્લેન્ડ અને વેલ્સના કાયદા દ્વારા શાસિત થશે અને તે મુજબ તેનું અર્થઘટન કરવામાં આવશે. યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન કોન્ટ્રેક્ટ્સ ફોર ધ ઇન્ટરનેશનલ સેલ ઓફ ગુડ્સ (ધ વિયેના સેલ્સ કન્વેન્શન) અને કન્વેન્શન ઓન ધ લિમિટેશન પિરિયડ ઈન ધ ઈન્ટરનેશનલ સેલ ઓફ ગુડ્સ લાગુ પડશે નહીં.

**૨૭.૨** આ કરારમાંથી અથવા તેના સંબંધમાં ઉદ્ભવતો કોઈપણ વિવાદ, જે પક્ષકારો વચ્ચે શુદ્ધભાવથી ચર્ચા દ્વારા સુલેહભરી રીતે ઉકેલી શકાતો નથી (પરંતુ ક્લોઝ ૨૭.૧(એ) અનુસાર નિષ્ણાતને મોકલવો જરૂરી હોય તેવા કોઈપણ વિવાદને બાદ કરતાં), તે એક પક્ષકારની લેખિત વિનંતી પર, આવા આર્બિટ્રેશનની તારીખે અમલમાં હોય તેવા લંડન કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન (એલસીઆઇએ) રૂલ્સ અનુસાર આર્બિટ્રેશન દ્વારા પતાવવામાં આવશે. આ કલોઝ અનુસાર શરૂ કરવામાં આવેલા કોઈપણ

આર્બિટ્રિશનનું સંચાલન એલસીઆઇએ દ્વારા કરવામાં આવશે. આર્બિટ્રિટર્સની સંખ્યા ત્રણ (૩) રહેશે. દરેક પક્ષકાર એક આર્બિટ્રિટરની નિમણૂક કરશે અને બે (૨) આર્બિટ્રિટર્સ ત્રીજા આર્બિટ્રિટરની નિમણૂક કરશે જેઓ પ્રિસાઇડિંગ આર્બિટ્રિટર રહેશે; જો કોઈપણ પક્ષકાર આર્બિટ્રિટરની નિમણૂક કરવામાં નિષ્ફળ જાય અથવા પક્ષકારો દ્વારા નિમાયેલા બે (૨) આર્બિટ્રિટર્સ પ્રિસાઇડિંગ આર્બિટ્રિટરની પસંદગી પર સંમત થવામાં નિષ્ફળ જાય, તો નિમણૂક કરનાર સત્તામંડળ એલસીઆઇએ રહેશે. અન્યથા સંમત થયા સિવાય, આર્બિટ્રિશનનું સ્થળ લંડન, યુનાઇટેડ કિંગડમ રહેશે. આર્બિટ્રિશનમાં ઉપયોગમાં લેવાતી ભાષા અંગ્રેજી રહેશે. કોઈપણ એવોર્ડ પક્ષકારો પર અંતિમ અને બંધનકર્તા રહેશે. આર્બિટ્રિટર્સ દ્વારા આપવામાં આવેલા કોઈપણ એવોર્ડ પરનો ચુકાદો પક્ષકારો પર અધિકારક્ષેત્ર ધરાવતી કોઈપણ અદાલતમાં દાખલ કરી શકાશે.”

(સી) નમૂનારૂપ કન્ફર્મેશન નોટિસ, એલએનજીના એક્સ-શિપ વેચાણ અને ખરીદી ધરાવતી શિડ્યુલ ‘સી’ નીચે મુજબ વંચાય છે:-

**શિડ્યુલ સી**

**કન્ફર્મેશન નોટિસ (નમૂનો)**

**એલએનજીનું એક્સ-શિપ વેચાણ અને ખરીદી**

**પક્ષકારો**

ખરીદનાર :

ધ્યાનાર્થે :

ટેલિફોન :

ટેલિફેક્સ :

વેચનાર :

ધ્યાનાર્થે :

ટેલિફોન :

ટેલિફેક્સ :

નીચેની કન્ફર્મેશન નોટિસ અહીં ઓળખાવ્યા મુજબ ખરીદનાર અને વેચનાર વચ્ચે થયેલા કરારની પુષ્ટિ કરે છે. આ વેચાણ ખરીદનાર અને વેચનાર વચ્ચે તારીખ ................ ના રોજ નિષ્પાદિત થયેલા હાલના માસ્ટર એગ્રીમેન્ટ ("કરાર") ના નિયમો અને શરતોને આધીન છે. પક્ષકારો દ્વારા આ કન્ફર્મેશન નોટિસનું નિષ્પાદન એક માન્ય, સ્વતંત્ર અને વ્યક્તિગત કરારની રચના કરશે કે જેના દ્વારા વેચનાર ખરીદનારને એલએનજીનો કાર્ગો અથવા કાર્ગોઝ વેચવા સંમત થાય છે અને ખરીદનાર સદર કરાર અને આ કન્ફર્મેશન નોટિસ અનુસાર આવા એલએનજીના કાર્ગો અથવા કાર્ગોઝ ખરીદવા અને વેચનારને તેની ચૂકવણી કરવા સંમત થાય છે.

**૨. એલએનજી જહાજ**

જહાજનું નામ : ________________________

ડિઝાઈન કરેલ ડ્રાફ્ટ (મોલ્ડેડ) : ________________________

અંદાજિત સંપૂર્ણ લોડ થયેલ ડ્રાફ્ટ : ________________________

કુલ લંબાઈ સર્વિસ સ્પીડ : ________________________

ગ્રોસ કાર્ગો ટેન્ક ક્ષમતા : ________________________

જહાજ માલિકનું નામ : ________________________

જહાજ ઓપરેટરનું નામ : ________________________

ફ્લેગ : ________________________

જહાજની વર્તમાન સ્થિતિ : ________________________

### ૩. રીસીવિંગ ટર્મિનલ

અનલોડિંગ પોર્ટ : ________________________

રાજ્ય : ________________________

દેશ : ________________________

### ૪. શિડ્યુલ્ડ અનલોડિંગ ડેટ રેન્જ

અનલોડિંગ શરૂ થવાની અપેક્ષિત તારીખ : ___________________

અનલોડિંગનો લક્ષ્યાંકિત સમયગાળો : _____________________

### ૫. જથ્થો

સંપૂર્ણ કાર્ગો લોટ્સની સંખ્યા : _____________________

એમએમબીટીયુ માં લોડ થયેલ અંદાજિત જથ્થો : ____________

એમએમબીટીયુ માં અનલોડ કરવાનો અંદાજિત જથ્થો : ________

અનલોડિંગ પોર્ટ પર રાખવામાં આવનાર હીલનો ઘન મીટરમાં

અંદાજિત જથ્થો :___

ડિલિવર કરેલ જથ્થો: માસ્ટર એલએનજી સેલ એન્ડ પર્ચેઝ એગ્રીમેન્ટના ક્લોઝ ૧૩ માં દર્શાવેલ પદ્ધતિનો ઉપયોગ કરીને નક્કી કરવામાં આવશે.

**૬. પ્લાન્ટ :** ________________________________

**૭. લોડિંગ પોર્ટ :** ________________________________

**૮. કોન્ટ્રેક્ટ સેલ પ્રાઈસ**

ડિલિવર કરેલ જથ્થાના યુએસડી/એમએમબીટીયુ : ___________

**૯. ચૂકવણી**

માસ્ટર એલએનજી સેલ એન્ડ પર્ચેઝ એગ્રીમેન્ટના ક્લોઝ ૨૦ ની શરતો અનુસાર અથવા બંને પક્ષકારો વચ્ચે પરસ્પર અન્યથા સંમત થયા મુજબ.

વેચનારનો ખાતા નં. : ____________________

બેંકનું સરનામું : ____________________

દેશ : ____________________

ખરીદનારનો ખાતા નં. : ____________________

બેંકનું સરનામું : ____________________

દેશ : ____________________

**૧૦. પેમેન્ટ સિક્યુરિટી: :** ____________________

**૧૧. ગુણવત્તા**

રીસીવિંગ ટર્મિનલ પરના અનલોડિંગ પોઇન્ટ પર એલએનજી જહાજમાંથી વેચનાર દ્વારા અનલોડ કરવામાં આવનાર એલએનજી, જ્યારે વાયુ સ્વરૂપમાં રૂપાંતરિત થાય, ત્યારે ખરીદનાર અને વેચનાર દ્વારા અહીં સંમત થયા મુજબની ગુણવત્તાની વિશિષ્ટતાઓનું પાલન કરશે.

**૧૨. ડેમરેજ**

દિવસ દીઠ યુએસડી ...................... અને દિવસના ભાગ માટે પ્રમાણસર

**૧૩. નોટિસો**

નીચેના સરનામે માત્ર રૂટિન કામગીરી સંબંધી નોટિસો મોકલવાની રહેશે -

**ખરીદનાર**

વ્યક્તિ : ________________________________

ઈમેઈલ : ________________________________

ટેલિફોન (ઓફિસ) : ________________________________

ટેલિફોન (મોબાઇલ) : ________________________________

ટેલિફોન (૨૪ કલાક) : ________________________________

ફેક્સ (ઓફિસ) : ________________________________

સરનામું : ________________________________

**વેચનાર**

વ્યક્તિ : ________________________________

ઈમેઈલ : ________________________________

ટેલિફોન (ઓફિસ) : ________________________________

ટેલિફોન (મોબાઈલ) : ________________________________

ટેલિફોન (૨૪ કલાક) : ________________________________

ફેક્સ (ઓફિસ) : ________________________________

સરનામું : ________________________________

સામાન્ય પત્રવ્યવહાર, વાણિજ્યિક દસ્તાવેજો, ઈનવોઈસ વગેરે જેવી રૂટિન કામગીરી સંબંધી નોટિસો તરીકે વર્ગીકૃત ન હોય તેવી અન્ય નોટિસો ક્લોઝ ૩૨ માં દર્શાવેલ સરનામે અને ક્લોઝ ૩૨ માં નિર્દિષ્ટ રીતે અથવા ઈનવોઈસ અને ઈનવોઈસ સાથેના દસ્તાવેજો માટે માસ્ટર એલએનજી સેલ એન્ડ પર્ચેઝ એગ્રીમેન્ટના ક્લોઝ ૨૦ માં નિર્દિષ્ટ રીતે મોકલવાની રહેશે.

તારીખ .............. માહે ..................... ના રોજ સંમત અને

સ્વીકૃત

**વેચનાર વતી**

સહી

નામ:

હોદ્દો:

**ખરીદનાર વતી**

સહી

નામ:

હોદ્દો:

(ડી) શ્રી સિદેક (પેટ્રોનાસ ખાતે એમએલએનજી માટે) અને શ્રી અફેન્દી (એમએલએનજી) વચ્ચે તારીખ ૦૪.૦૨.૨૦૦૭ ના ઈમેઈલ દ્વારા માસ્ટર એગ્રીમેન્ટના અનુસંધાનમાં (અપીલકર્તાનો આંતરિક ઈમેઈલ), સામાવાળા માટે ચાર કાર્ગો, એપ્રિલ, મે, જૂન અને ઓગસ્ટ માટે પ્રત્યેક એક કાર્ગો અંગે ચર્ચા કરવામાં આવી હતી. હાલના પક્ષકારો એટલે કે અપીલકર્તા અને સામાવાળાના પ્રતિનિધિઓ વચ્ચે કાર્ગોની ડિલિવરી માટેના શિડ્યુલ અને કિંમત નિર્ધારણના સંબંધમાં તારીખ ૧૫/૧૬.૦૨.૨૦૦૭ ના રોજ બેંગકોક ખાતે યોજાયેલી બેઠકની મિનિટ્સ પેપર-બુકના બીજા ભાગના પાના '૮૧૫' પર છે જેમાં એપ્રિલ, મે, જૂન અને ઓગસ્ટ, ૨૦૦૭ માં ડિલિવરી માટેનું શિડ્યુલ, કિંમત નિર્ધારણ, પેમેન્ટ

ગેરંટી, ડાયવર્ઝન ક્લોઝ, કન્ફર્મેશન નોટિસ અને આગળના પગલાં અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકની મિનિટ્સનો પેરાગ્રાફ '૭' નીચે મુજબ નોંધવાનો રહેશે:-

"૭. આગળના પગલાં

૭.૧ શિડ્યુલ

૭.૧.એ જો પ્રસ્તાવિત નવી તારીખો તેમના માટે સ્વીકાર્ય હોય તો અદાણી જવાબ આપશે.

૭.૨ કિંમત નિર્ધારણ

૭.૨.એ બંને પક્ષકારો શેરિંગ ઓફ અપસાઇડ અને હેલ્પિંગ હેન્ડ કોન્સેપ્ટ્સ પર સંમત થશે.

૭.૩ પેમેન્ટ ગેરંટી

૭.૩.એ એક અથવા બહુવિધ એસબીએલસીના ઉપયોગ અંગે અદાણી જવાબ આપશે.

૭.૩.બી. અદાણી દ્વારા પ્રસ્તાવિત બેંકોની સ્થિતિ અંગે એમએલએનજી જવાબ આપશે.

૭.૪ કન્ફર્મેશન નોટિસ

૭.૪.એ બંને પક્ષકારો કન્ફર્મેશન નોટિસના મોડ, એક અથવા બહુવિધ પર સંમત થશે.

૭.૪.બી કન્ફર્મેશન નોટિસમાં નવા ક્લોઝ ઉમેરવા

૭.૪.બી૧ ડાયવર્ઝન ક્લોઝ

૭.૪.બી૨ "ફર્સ્ટ રાઈટ ઓફ રિફ્યુઝલ""

૫. સામાવાળા (ખરીદનાર) તરફના વિદ્વાન સિનિયર કાઉન્સેલનો કેસ એવો છે કે ડિલિવરી માટેના શિડ્યુલ, કિંમત નિર્ધારણ વગેરેને લગતી શરતો અંગે સદર બેઠકમાં ચર્ચા કરવામાં આવી હોવા છતાં, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ખરીદનાર તેમાં ચર્ચાયેલી શરતો અંગે ફરીથી જવાબ આપશે.

૬. હઝીરા એલએનજી પ્રાઈવેટ લિમિટેડનો સામાવાળા – ખરીદનારને સંબોધિત તારીખ ૨૨.૦૨.૨૦૦૭ નો પત્ર પેપર–બુકના બીજા ભાગના પાના '૮૩૮' પર મૂકવામાં આવ્યો છે જેમાં એવી જાણ કરવામાં આવી હતી કે "આગામી મહિનાઓમાં અમારા ટર્મિનલ પર એલએનજી જહાજોના અપેક્ષિત આગમનને ધ્યાનમાં લેતાં, અમે કોઈપણ રિગેસિફિકેશન ક્ષમતા ઓફર કરવાની સ્થિતિમાં નથી, જેની મહેરબાની કરીને નોંધ લેશો".

૭. હાલના પક્ષકારો એટલે કે અપીલકર્તા (વેચનાર) અને સામાવાળા (ખરીદનાર) વચ્ચે એપ્રિલ, મે, જૂન અને ઓગસ્ટ મહિનામાં એલએનજીના ચાર કાર્ગોના વેચાણ અને ખરીદી માટે તારીખ ૧૨.૦૩.૨૦૦૭ ની કન્ફર્મેશન નોટિસનું નિષ્પાદન કરવામાં આવ્યું હતું, જે તેમાં નીચે મુજબ દર્શાવેલ અનલોડિંગ ડેટ રેન્જના શિડ્યુલ અનુસાર છે:

૪. શિડ્યુલ્ડ અનલોડિંગ ડેટ રેન્જ

ચાર કાર્ગો માટે શિડ્યુલ્ડ અનલોડિંગ ડેટ રેન્જ નીચે દર્શાવ્યા મુજબ રહેશે.

(૧) પ્રથમ કાર્ગો : ૨૬–૨૮ એપ્રિલ ૨૦૦૭

૨) દ્વિતીય કાર્ગો : ૨૬–૨૭ મે ૨૦૦૭

(૩) તૃતીય કાર્ગો : ૨૫–૨૬ જૂન ૨૦૦૭

(૪) ચોથો કાર્ગો : ૨૬–૨૭ ઓગસ્ટ ૨૦૦૭

વેચનાર તાત્કાલિક ખરીદનારને જાણ કરશે અને ખરીદનાર તાત્કાલિક વેચનારને એવા કોઈપણ સંજોગો અંગે જાણ કરશે કે જેના પરિણામે ઉપર દર્શાવેલ નિર્ધારિત અનલોડિંગ તારીખ સિવાયની તારીખે કાર્ગોની ડિલિવરી થઈ શકે. આવા સંજોગોમાં, સંબંધિત પક્ષકાર તેવા સંજોગોમાંથી ઉદ્ભવતી કોઈપણ પ્રતિકૂળ અસરોને ઘટાડવા માટે પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરશે અને તત્કાલીન નિર્ધારિત અનલોડિંગ તારીખ ગાળામાં કોઈ ફેરફાર કરવો જોઈએ કે કેમ તે અંગે પક્ષકારો પરસ્પર વિચાર–વિમર્શ કરશે.

૮. તેમાં દર્શાવેલ નિર્ધારિત અનલોડિંગ તારીખ ગાળાની કલમ ૪ નું અવલોકન દર્શાવે છે કે વેચનાર ખરીદનારને તાત્કાલિક જાણ કરવા અને ખરીદનારે બદલામાં વેચનારને તેમાં દર્શાવેલ નિર્ધારિત અનલોડિંગ તારીખ સિવાયની તારીખમાં ફેરફાર કરવાના કોઈપણ સંજોગો અંગે તાત્કાલિક

જાણ કરવા સંમત થયેલ હતા, જ્યારે આવા સંજોગોમાંથી ઉદ્ભવતી કોઈપણ પ્રતિકૂળ અસરો ઘટાડવા માટે પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરશે અને નિર્ધારિત અનલોડિંગ તારીખ ગાળામાં કોઈ ફેરફાર કરવો કે કેમ તે અંગે પક્ષકારો પરસ્પર વિચાર–વિમર્શ કરશે.

૯. કન્ફર્મેશન નોટિસ વધુમાં તેની સાથે જોડેલ આંક તરીકે ડિલિવરી નોટિસના ફોર્મેટનો ઉલ્લેખ કરે છે અને પૂરું પાડે છે, જે નીચે મુજબ છે:–

ડિલિવરી નોટિસ

એલ.એન.જી. નું એક્સ–શિપ વેચાણ અને ખરીદી

૧. ખરીદનાર

ખરીદનાર : અદાણી એનર્જી લિમિટેડ

ધ્યાનાર્થે : ડેપ્યુટી જનરલ મેનેજર – ગેસ સોર્સિંગ

ટેલિફોન : +૯૧–૧૨૦–૨૪૪૩૦૦૮

ફેક્સ : +૩૧–૧૨૦–૨૪૪૩૦૦૯

વેચનાર : આસિયાન એલ.એન.જી. ટ્રેડિંગ કંપની લિમિટેડ (અલ્ટકો)

ધ્યાનાર્થે : જનરલ મેનેજર, માર્કેટિંગ એન્ડ ટ્રેડિંગ (સેક્ટર ૩)

ટેલિફોન : +૬૦૩–૨૩૩૧–૬૭૪૭

ટેલિફેક્સ : +૬૦૩–૨૩૩૧–૭૮૮૮

આ ડિલિવરી નોટિસ અહીં ઓળખાયા મુજબ ખરીદનાર અને વેચનાર વચ્ચે થયેલ કરારની પુષ્ટિ કરે છે. આ વેચાણ ખરીદનાર અને

વેચનાર વચ્ચે ૨ ઓગસ્ટ ૨૦૦૬ ના રોજ થયેલ વર્તમાન માસ્ટર એગ્રીમેન્ટ ("કરાર") અને ૧૨ માર્ચ ૨૦૦૭ ના રોજ થયેલ કન્ફર્મેશન નોટિસ ("કરાર") ના નિયમો અને શરતોને આધીન છે.

૨. એલ.એન.જી. શિપ

જહાજનું નામ : ____________________

ડિઝાઇન ડ્રાફ્ટ (મોલ્ડેડ) : __________________

અંદાજિત કુલ્લી લેડન ડ્રાફ્ટ : ___________________

કુલ લંબાઈ : _____________________

સર્વિસ સ્પીડ : _____________________

ગ્રોસ કાર્ગો ટેન્ક ક્ષમતા : _____________________

જહાજના માલિકનું નામ : ___________________

જહાજના સંચાલકનું નામ : ___________________

ધ્વજ : ____________________________

જહાજનું વર્તમાન સ્થાન : ___________________

૩. રિસિવિંગ ટર્મિનલ

અનલોડિંગ પોર્ટ : __________

રાજ્ય : __________________

દેશ : _______________

૪. નિર્ધારિત અનલોડિંગ તારીખ ગાળો

અનલોડિંગ શરૂ થવાની અપેક્ષિત તારીખ : _________

અનલોડિંગનો લક્ષિત સમયગાળો : _____________

૫. જથ્થો

એમ.એમ.બી.ટી.યુ. માં લોડ થયેલ અંદાજિત જથ્થો : ___

એમ.એમ.બી.ટી.યુ. માં અનલોડ કરવાનો અંદાજિત જથ્થો : __

અનલોડિંગ પોર્ટ પર જાળવી રાખવાના ક્યુબિક મીટરમાં હીલનો અંદાજિત જથ્થો : _____________________

૬. ગુણવત્તા

કન્ફર્મેશન નોટિસમાં ફકરા ૧૧ (ગુણવત્તા) ને બાધ આવ્યા વિના, ૨૬ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૭, ૨ થી ૪ માર્ચ ૨૦૦૭ અને ૫ થી ૬ માર્ચ ૨૦૦૭ ના રોજ લોડ કરવામાં આવેલ અગાઉના ત્રણ કાર્ગોનું સરેરાશ કુલ સલ્ફર પ્રમાણ કુલ સલ્ફર સંયોજનના વજનના હિસાબે ૧૫ મિ.ગ્રા./એન.એમ.૩ થી વધુ ધરાવતું નથી.

૭. પેમેન્ટ સિક્યોરિટી

યુ.એસ. ડોલર ..... ની કિંમતનું અફર એસ.બી.એલ.સી., જેનો માન્યતા સમયગાળો ........... થી ...... સુધીનો રહેશે.

વેચનાર વતી

સહી:

નામ:

હોદ્દો:

ખરીદનાર વતી

સહી:

નામ:

હોદ્દો:

૧૦. ડિલિવરી નોટિસ રજૂ કરીને, અમારી સમક્ષ અહીં સામાવાળા – ખરીદનાર તરફેના વિદ્ધાન વરિષ્ઠ વકીલ દ્ધારા એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે એલ.એન.જી. શિપ, રિસિવિંગ ટર્મિનલ, નિર્ધારિત અનલોડિંગ તારીખ ગાળો, જથ્થો, ગુણવત્તા, પેમેન્ટ સિક્યોરિટી વગેરેની વિગતો ડિલિવરી નોટિસમાં જ પૂરી પાડવાની હતી.

૧૧. પેપર–બુકના બીજા ભાગના પાના '૯૨૪' પર સામેલ તારીખ ૧૫.૦૩.૨૦૦૭ ના ઈ–મેઈલની નકલ એ વેચનાર (એમ.એલ.એન.જી.) ના અધિકારીઓ વચ્ચેનો આંતરિક સંદેશાવ્યવહાર છે, જેમાં ઇન્ચાર્જ માર્કેટિંગ એન્ડ ટ્રેડિંગ ઈન્ડિયા એન્ડ સાઉથ ઈસ્ટ એશિયા ૨ દ્ધારા જણાવવામાં આવ્યું છે કે જુલાઈના ભાવ અંગે ખરીદનાર વતી એક ઈ–મેઈલ મોકલવામાં આવ્યો હતો પરંતુ તે હજુ આવવાનો બાકી હતો. જો કે, વેચનારના પ્રતિનિધિ સાથે વાત કર્યા પછી, ખરીદનારને તેમની ઓફર કિંમત યુ.એસ. ડોલર ૮.૧૫ હતી.

૧૨. ખરીદનારના ડેપ્યુટી જનરલ મેનેજરને સંબોધિત તારીખ ૧૬.૦૩.૨૦૦૭ ના પત્ર સાથેની ડિલિવરી નોટિસ પેપર–બુકના બીજા ભાગના પાના '૯૨૫' પર બીડેલ છે, જેમાં એલ.એન.જી. શિપ, રિસિવિંગ ટર્મિનલ, જથ્થો, ગુણવત્તા અને પેમેન્ટ સિક્યોરિટીની વિગતો સાથે ૨૬ અને ૨૮ એપ્રિલ, ૨૦૦૭ વચ્ચેની નિર્ધારિત અનલોડિંગ તારીખ અંગેની વિગતોનો

ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં જાહેર કરવામાં આવેલ અનલોડિંગ પોર્ટનું રિસિવિંગ ટર્મિનલ હજીરા, ગુજરાત છે.

૧૩. સામાવાળા તરફેના વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા દલીલ કરવામાં આવી છે કે એપ્રિલ કાર્ગો માટેની ડિલિવરી નોટિસમાં કિંમત સ્પષ્ટ કરવામાં આવી નથી અને વધુમાં તેમાં દર્શાવવામાં આવ્યું છે કે પેમેન્ટ સિક્યોરિટીની રકમ અને માન્યતા સમયગાળો પાછળથી જણાવવામાં આવશે. ડિલિવરી નોટિસમાં વધુમાં જણાવાયું છે કે આ વેચાણ ખરીદનાર અને વેચનાર વચ્ચે તારીખ ૦૨.૦૮.૨૦૦૬ ના રોજ થયેલ વર્તમાન માસ્ટર એગ્રીમેન્ટ અને તારીખ ૧૨.૦૩.૨૦૦૭ ના રોજ થયેલ કન્ફર્મેશન નોટિસના નિયમો અને શરતોને આધીન છે. પેપર–બુકના બીજા ભાગના પાના '૯૨૫'–'૯૨૭' પરની ડિલિવરી નોટિસનું અવલોકન દર્શાવે છે કે ખરીદનાર વતી સહીનું ખાનું ખાલી છે.

૧૪. પેપર–બુકના બીજા ભાગના પાના '૯૨૮' પર તારીખ ૧૯.૦૩.૨૦૦૭ ના ઈ–મેઇલની નકલ દર્શાવે છે કે એમ.એલ.એન.જી. ના અધિકારીઓ વચ્ચેના સદર આંતરિક ઈ–મેઇલમાં એવો સંદેશાવ્યવહાર કરવામાં આવ્યો હતો કે:

"શુક્રવારે અમારી ટેલિકોમ વાતચીત મુજબ, સદર કાર્ગો માટે અદાણીની ઓફર યુ.એસ.ડી. ૮.૧૫ અથવા એચ.એચ. + ૧.૫૦ પર નિશ્ચિત અને અફર હોવાની આ રિવર્સ કન્ફર્મેશન છે. ફ્લોટ

કિંમત પણ અદાણીના ખર્ચ એક્સપોઝરને હેજ કરવા અને તેને યુ.એસ.ડી. ૮.૧૫ સમકક્ષ મર્યાદિત કરવા માટે અમારી સંમતિને આધીન છે.

આ સમયે, જૂન / જુલાઈ માટે પ્રવર્તમાન એચ.એચ. ને કારણે, નિશ્ચિત અને અફર ઓફર આર્થિક રીતે પોસાય તેવી નથી અને હેજિંગ સાથેની વૈકલ્પિક ફ્લોટ ઓફર પણ શક્ય નથી."

૧૫. વેચનાર (એમ.એલ.એન.જી.) દ્વારા ખરીદનારને મોકલવામાં આવેલ તારીખ ૨૧.૦૩.૨૦૦૭ ના ઈ–મેઈલની નકલમાં વધુમાં જણાવાયું છે કે એપ્રિલ કાર્ગોની કિંમત અંગે પુષ્ટિની જરૂર હતી અને સ્ટેન્ડબાય લેટર ઓફ ક્રેડિટ અંગેના મુદ્દાનું નિરાકરણ લાવવા પણ વિનંતી કરવામાં આવી હતી. પેપર–બુકના બીજા ભાગના પાના '૯૩૪' પર અમારા હેતુઓ માટે સંબંધિત સંદેશાવ્યવહારનો અંશ નીચે મુજબ વંચાય છે:

"હું તમને એ પણ ખાતરી આપવા માંગુ છું કે અમે આ વ્યવહારમાં અદાણી માટે શ્રેષ્ઠ કિંમત મેળવવાની તમામ શક્યતાઓ ચકાસી રહ્યા છીએ, જેમ કે તમે સારી રીતે જાણો છો કે, તાજેતરમાં યુ.એસ. માં હવામાનનું પરિબળ આપણી તરફેણમાં નથી. હેનરી હબના ભાવ તાજેતરમાં ૬.૮૪ થી ૭.૦૦ વચ્ચે ઉપર–નીચે થઈ રહ્યા છે. તેમ છતાં, અમે હજુ પણ આશાવાદી છીએ કે ભાવ વધુ નીચે જશે અને ૬.૬૫ ની આસપાસનું સ્તર (૮.૫૦ ની ડી.ઈ.એસ. કિંમત આપશે)

હજુ પણ શક્ય છે. આથી, મેં આજે અગાઉ આલોકને જણાવ્યું હતું તેમ, જો અમે તે સ્તરે હેજ કરી શકીએ તો શું તમે એપ્રિલ કાર્ગો માટે ૮.૫૦ ની કિંમત નિશ્ચિત ભાવ તરીકે સ્વીકારશો તે અંગે અમને તમારી પુષ્ટિની જરૂર છે. અમારી પાસે સમય ઓછો હોવાથી, અમને તાત્કાલિક પુષ્ટિની જરૂર છે."

૧૬. પેપર–બુકના બીજા ભાગના પાના '૯૩૭' પર અપીલકર્તા (વેચનાર) દ્વારા સામાવાળા (ખરીદનાર) ને મોકલવામાં આવેલ તારીખ ૨૨.૦૩.૨૦૦૭ ના અન્ય ઈ–મેઈલનું વાચન દર્શાવે છે કે કિંમત અંગે કોઈ કરાર કે સહમતિ સધાઈ નહોતી, કેમ કે, તે નીચે મુજબ વંચાય છે:

"અફેન્ડી બી. અદનાન (એમ.એલ.એન.જી.)" <અફેનડ@નાદ@પેટ્રોનાસ.કોમ.માય> ૨૨/૦૩/૨૦૦૭ ૧૧:૨૮ પૂર્વાહ્ન

પ્રતિ : "આલોક સિંઘ"<આલોક.સિંઘ@અદાણીએનર્જી.કોમ>

સીસી : <શહરસ@પેટ્રોનાસ.કોમ.માય>,

"રાજીવ શર્મા"<રાજીવ.શર્મા@અદાણીએનર્જી.કોમ> બીસીસી :

પ્રિય આલોક,

મને લાગે છે કે કંઈક ગેરસમજ થઈ છે. અમે તમને હજુ સુધી $૮.૫૦ નો નિશ્ચિત ભાવ ઓફર કર્યો નથી. અમે જે ઓફર કરી રહ્યા છીએ તે એ છે કે શું અમે $૮.૫૦ પર કિંમત હેજ કરવાની સ્થિતિમાં છીએ. શું તમે ઈચ્છો છો કે અમે આ કરીએ? શ્રી શહરુદ્દીનના ઈ–મેઈલમાં

જણાવ્યા મુજબ. તમારે આજે અમને જે પ્રત્યુત્તર આપવાનો છે તે એ છે કે જ્યારે પણ અમે કરી શકીએ ત્યારે $૮.૫૦ પર હેજ કરવા માટે તમારી સંમતિ. હાલમાં, અમારા માટે હેજ કરવા માટે કિંમત હજુ પણ ઘણી ઊંચી છે તેથી કિંમત હજુ પણ ઇન્ડેક્સ્ડ પ્રાઇસિંગ પર આધારિત છે.

હું તમને વધુ સમજાવવા માટે પછીથી ફોન કરીશ.

સાદર. અફેન્ડી અદનાન

તરફથી: શહરુદ્દીન બી એમ સિડેક (એમ.એલ.એન.જી.)

મોકલ્યા તારીખ: ગુરુવાર, ૨૨ માર્ચ, ૨૦૦૭ ૧૨:૩૪ પૂર્વાહ્ન

પ્રતિ: આલોક.સિંઘ@અદાણીએનર્જી.કોમ; અફેન્ડી બી અદનાન (એમ.એલ.એન.જી.)

સીસી: રાજીવ શર્મા

વિષય: રિ: ફ્યુચર જુલાઈ કાર્ગો એન્ડ ધ કમિંગ એપ્રિલ કાર્ગો

પ્રિય શ્રી રાજીવ શર્મા અને શ્રી આલોક સિંઘ, "હું તમને એ પણ ખાતરી આપવા માંગુ છું કે અમે આ વ્યવહારમાં અદાણી માટે શ્રેષ્ઠ કિંમત મેળવવાની તમામ શક્યતાઓ ચકાસી રહ્યા છીએ. જેમ કે તમે સારી રીતે જાણો છો કે, તાજેતરમાં યુ.એસ. માં હવામાનનું પરિબળ આપણી તરફેણમાં નથી. હેનરી હબના ભાવ તાજેતરમાં ૬.૮૪ થી ૭.૦૦ વચ્ચે ઉપર–નીચે થઈ રહ્યા છે. તેમ છતાં, અમે હજુ પણ આશાવાદી છીએ કે ભાવ વધુ નીચે જશે અને ૬.૬૫ ની આસપાસનું સ્તર (૮.૫૦ ની ડી.ઇ.એસ. કિંમત આપશે) હજુ પણ શક્ય છે. આથી, મેં આજે અગાઉ આલોકને જણાવ્યું હતું તેમ, જો અમે તે સ્તરે

હેજ કરી શકીએ તો શું તમે એપ્રિલ કાર્ગો માટે ૮.૫૦ ની કિંમત નિશ્ચિત ભાવ તરીકે સ્વીકારશો તે અંગે અમને તમારી પુષ્ટિની જરૂર છે. અમારી પાસે સમય ઓછો હોવાથી, અમને તાત્કાલિક પુષ્ટિની જરૂર છે.

હું ફરી એકવાર તમને એસ.બી.એલ.સી. ના મુદ્દાનું નિરાકરણ લાવવા વિનંતી કરું છું જેથી કરીને આપણે મોટા એજન્ડા સાથે આગળ વધી શકીએ. આ સિવાય, એપ્રિલ માટેના નાઈજિરિયન કાર્ગોના શું સમાચાર છે?

સાદર

શહરુદ્દીન

૧૭. તેના જવાબમાં પેપર-બુકના બીજા ભાગના પાના '૯૪૯' પર અપીલકર્તા (વેચનાર) દ્વારા સામાવાળા (ખરીદનાર) ને તારીખ ૨૭.૦૩.૨૦૦૭ ના પત્રનો સ્વીકાર કરતો પત્ર છે, જે નીચે મુજબ વંચાય છે:

૨૮ માર્ચ ૨૦૦૭

શ્રી શ્રીધર તામ્રપર્ણી,

વાઇસ પ્રેસિડેન્ટ,

અદાણી એનર્જી લિમિટેડ

ડેપ્યુટી જનરલ મેનેજર - ગેસ સોર્સિંગ

અદાણી એનર્જી લિમિટેડ

નમસ્કાર,

મલેશિયા એલ.એન.જી. એસ.ડી.એન. બી.એચ.ડી. (મલેશિયા એલ.એન.જી. કંપનીઓ વતી અને તેમના તરફથી) અને અદાણી એનર્જી લિમિટેડ (અદાણી) વચ્ચે પ્રવાહીકૃત કુદરતી ગેસના એક્સ–શિપ ટૂંકા ગાળાના વેચાણ અને ખરીદી માટેનો તારીખ ૨ ઓગસ્ટ ૨૦૦૬ નો માસ્ટર એલ.એન.જી. સેલ એન્ડ પર્ચેઝ એગ્રીમેન્ટ ("માસ્ટર એગ્રીમેન્ટ"). અદાણી એનર્જી લિમિટેડ અને આસિયાન એલ.એન.જી. ટ્રેડિંગ કંપની લિમિટેડ (અલ્ટકો) વચ્ચે તારીખ ૧૨ માર્ચ ૨૦૦૭ ની કન્ફર્મેશન નોટિસ ("કન્ફર્મેશન નોટિસ") અને અલ્ટકો દ્વારા ૧૬ માર્ચ ૨૦૦૭ ના રોજ અદાણીને મોકલવામાં આવેલ ડિલિવરી નોટિસ ("ડિલિવરી નોટિસ")

તમારા તારીખ ૨૭ માર્ચ ૨૦૦૭ ના પત્ર ("પત્ર") બદલ આભાર. અમે સદર પત્ર પરથી સમજીએ છીએ કે કન્ફર્મેશન નોટિસ હેઠળ પક્ષકારો વચ્ચે સંમત થયેલ ૨૬–૨૮ એપ્રિલ ૨૦૦૭ ના રોજ ડિલિવરી માટે નિર્ધારિત કાર્ગો ("એપ્રિલ કાર્ગો") અને ૨૬–૨૭ મે ૨૦૦૭ ના રોજ ડિલિવરી માટે નિર્ધારિત કાર્ગો ("મે કાર્ગો") ની ડિલિવરી સ્વીકારવામાં અદાણી સક્ષમ રહેશે નહીં.

એપ્રિલ કાર્ગો અને મે કાર્ગોની ડિલિવરી સ્વીકારવામાં અદાણીની નિષ્ફળતા અંગેના ઉપરોક્ત પત્રના આધારે, અમે માસ્ટર એગ્રીમેન્ટની કલમ ૧૨.૨ હેઠળ ટેક ઓર પે ની અદાણીની જવાબદારી માટે આપશ્રીને ઇન્વોઇસ મોકલીશું.

અમે માસ્ટર એગ્રીમેન્ટ અને કન્ફર્મેશન નોટિસ અનુસાર સ્ટેન્ડબાય લેટર ઓફ ક્રેડિટ (એસ.બી.એલ.સી.) માટેની અમારી વિનંતીનો પણ પુનરોચ્ચાર કરવા માંગીએ છીએ જે ૨૨ માર્ચ ૨૦૦૭ ના રોજ આપશ્રી તરફથી અમને મળવાપાત્ર હતી.

સાદર,

આસિયાન એલ.એન.જી. ટ્રેડિંગ કંપની લિમિટેડ વતી અને તેમના તરફથી

શહરુદ્દીન એમ. સિડેક

જનરલ મેનેજર

માર્કેટિંગ એન્ડ ટ્રેડિંગ (સેક્ટર ૩)

કોમર્શિયલ ડિવિઝન

૧૮. એપ્રિલ–ઓગસ્ટ, ૨૦૦૭ દરમિયાન હજીરા ટર્મિનલની રિગેસિફિકેશન ક્ષમતાની જરૂરિયાત અંગે પૂછપરછ કરવાના વિષય પર ખરીદનાર દ્વારા હજીરા એલ.એન.જી. પ્રાઈવેટ લિમિટેડને મોકલવામાં આવેલ તારીખ ૨૮.૦૩.૨૦૦૭ નો અન્ય એક પત્ર (પેપર–બુકના પાના '૯૫૦' પર) છે, જેમાં પ્રથમ કાર્ગો તારીખ ૦૧.૦૪.૨૦૦૭ ના રોજ પોર્ટ ફોર્ટિન, ત્રિનિદાદ અને ટોબેગો ખાતે લોડ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાનું જણાવતાં ખરીદનારે ટર્મિનલ ખાતે રિગેસિફિકેશન સ્લોટની ઉપલબ્ધતા અંગે હજીરા ટર્મિનલ પાસેથી પુષ્ટિ માંગી હતી. સદર પત્ર સાથે જોડેલ એનેક્ષરો સાથે જહાજની વિગતો અને ગેસનો જથ્થો પણ તેમાં જાહેર કરવામાં આવ્યો હતો. તેમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે જો ઉપરોક્ત દિવસોમાં કાર્ગો સ્વીકારવામાં મુશ્કેલી હોય, તો કાર્ગોના સામાન્ય પુનઃનિર્ધારણ અંગે સૂચન કરવામાં આવે, જે ટર્મિનલ માટે સ્વીકાર્ય હોઈ શકે, જ્યારે પ્રથમ કાર્ગો મે, ૨૦૦૭ ના પ્રથમ અઠવાડિયામાં પુનઃનિર્ધારિત થવાની સંભાવના હોવાનું જણાવવામાં આવ્યું હતું.

૧૯. પેપર–બુકના પાના '૯૭૨' પર તારીખ ૨૯.૦૩.૨૦૦૭ નો અન્ય સંદેશાવ્યવહાર દર્શાવે છે કે સામાવાળા (ખરીદનાર) દ્વારા તારીખ ૨૮.૦૩.૨૦૦૭ ના પત્ર દ્વારા ગુજરાત રાજ્યમાં દહેજ ટર્મિનલ ખાતે

એપ્રિલ–ઓગસ્ટ, ૨૦૦૭ દરમિયાન રિગેસિફિકેશન સ્લોટની ઉપલબ્ધતા અંગે કરવામાં આવેલી પૂછપરછ પર, પેટ્રોનાસ એલ.એન.જી. લિમિટેડે એવો જવાબ આપ્યો હતો કે સદર સમયગાળા દરમિયાન તેમની ક્ષમતા સંપૂર્ણપણે બુક થઈ ગઈ હતી, તેઓ તારીખ ૨૮.૦૩.૨૦૦૭ ના પત્રમાં ઉલ્લેખિત કાર્ગો સ્વીકારવાની સ્થિતિમાં રહેશે નહીં.

૨૦. હજીરા ટર્મિનલ ખાતે રિગેસિફિકેશન ક્ષમતાની જરૂરિયાતની પૂછપરછ માટેના તારીખ ૨૮.૦૩.૨૦૦૭ ના પત્રના જવાબમાં, પેપર–બુકના પાના '૯૮૦' પર તારીખ ૦૩.૦૪.૨૦૦૭ ના પત્ર દ્વારા સામાવાળા (ખરીદનાર) ને એક જવાબ મળ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે આગામી મહિનામાં એલ.એન.જી. કાર્ગોના અપેક્ષિત આગમનને ધ્યાનમાં રાખીને રિગેસિફિકેશન ક્ષમતા આપવી મુશ્કેલ બનશે અને તેઓ કોઈપણ રિગેસિફિકેશન ક્ષમતા આપવાની સ્થિતિમાં નથી.

૨૧. અપીલકર્તાએ, જો કે, પેપર–બુકના પાના '૯૮૧' પર સામેલ તારીખ ૦૩.૦૪.૨૦૦૭ ના ફેક્સ દ્વારા સંદેશ મોકલ્યો હતો, જેના દ્વારા એપ્રિલ કાર્ગોના સંદર્ભમાં સામાવાળાને ટેક ઓર પે ઇન્વોઇસ મોકલવામાં આવ્યું હતું. સદર નોટિસ તારીખ ૦૨.૦૮.૨૦૦૬ ના માસ્ટર એગ્રીમેન્ટ, તારીખ ૧૨.૦૩.૨૦૦૭ ની કન્ફર્મેશન નોટિસ અને તારીખ ૧૬.૦૩.૨૦૦૭ ની ડિલિવરી નોટિસની શરતો અનુસાર હોવાનું જણાવવામાં આવ્યું છે, જેમાં

જણાવવામાં આવ્યું હતું કે તારીખ ૦૩.૦૪.૨૦૦૭ ના સૂચના પત્રમાં નિયુક્ત કરાયેલા બેંક ખાતામાં ચૂકવણી કરવાની હતી.

૨૨. પેપર–બુકના પાના '૧૦૨૮'–'૧૦૩૨' તરફ કોર્ટનું ધ્યાન દોરીને, અમારી સમક્ષ એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે અપીલકર્તા દ્વારા કથિત રીતે સામાવાળાને મોકલવામાં આવેલ એપ્રિલ કાર્ગો તારીખ ૦૬.૦૪.૨૦૦૭ ના માસ્ટર એગ્રીમેન્ટ દ્વારા બી.જી. એલ.એન.જી. ટ્રેડિંગ, એલ.એલ.સી. ને વેચી દેવામાં આવ્યો હતો.

૨૩. તે પછી એવું જણાય છે કે, સામાવાળા (ખરીદનાર) એ તારીખ ૧૦.૦૪.૨૦૦૭ નો પત્ર લખ્યો હતો, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે તારીખ ૧૨.૦૩.૨૦૦૭ ના રોજ સહી થયેલ કન્ફર્મેશન નોટિસમાં નિર્ધારિત કર્યા મુજબ એપ્રિલ અને મે ના કાર્ગો લેવા માટે તેઓ દહેજ અને હજીરા બંને ટર્મિનલ ખાતે રિગેસિફિકેશન ક્ષમતા મેળવવામાં અણધારી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા અને તે અંગેની જાણ અપીલકર્તાને તારીખ ૨૭.૦૩.૨૦૦૭ ના પત્ર દ્વારા મોકલવામાં આવી હતી. તેમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે સામાવાળાને અપીલકર્તા તરફથી તારીખ ૨૮.૦૩.૨૦૦૭ નો પત્ર અને તારીખ ૦૩.૦૪.૨૦૦૭ નું ટેક ઓર પે ઈન્વોઈસ મળેલ હોવાથી, આ મુદ્દાનો સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવવા માટે તેઓ શક્ય તેટલી વહેલી તકે મળી શકે છે અને એપ્રિલ, ૨૦૦૭ ના મધ્ય સુધીમાં ઉપરોક્ત બાબતનો ઉકેલ આવી ગયા પછી, સામાવાળા

(ખરીદનાર) મે, ૨૦૦૭ ના અંતનો સ્લોટ મેળવવાની સ્થિતિમાં હશે. પેપર–બુકના બીજા ભાગના પાના '૧૦33' પરના તારીખ ૧૦.૦૪.૨૦૦૭ ના પત્રની વિગતો નીચે મુજબ ટાંકવામાં આવે છે:

"પ્રિય શ્રી શહરુદ્દીન,

આ અમારા તારીખ ૨૭ માર્ચ ૨૦૦૭ ના અગાઉના પત્રના અનુસંધાનમાં છે જેમાં અમે ૧૨ માર્ચ ૨૦૦૭ ના રોજ સહી થયેલ કન્ફર્મેશન નોટિસ હેઠળ નિર્ધારિત કર્યા મુજબ એપ્રિલ અને મે ના કાર્ગો લેવા માટે દહેજ અને હજીરા ખાતેના એલ.એન.જી. રિગેસિફિકેશન ટર્મિનલ્સ પર જરૂરી સ્લોટ્સ મેળવવા માટે અમારા દ્વારા સામનો કરવામાં આવી રહેલી મુશ્કેલીઓ રજૂ કરી હતી. ત્યારબાદ, અમને તમારો તારીખ ૨૮ માર્ચ ૨૦૦૭ નો પત્ર અને તમારું તારીખ ૩ એપ્રિલ ૨૦૦૭ નું ટેક ઓર પે ઈન્વોઈસ મળેલ છે.

તમને અગાઉ પણ જણાવ્યા મુજબ, તમે સમજી શકશો કે અમે ટર્મિનલ્સ પર રિગેસિફિકેશન ક્ષમતાઓ મેળવવામાં અણધારી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ જેને અમે ટૂંક સમયમાં ઉકેલવાની આશા રાખીએ છીએ. જ્યાં સુધી ટર્મિનલ માલિકો સાથે ઉપરોક્ત બાબતનો ઉકેલ ન આવે અને તેમના દ્વારા નિશ્ચિત રિગેસિફિકેશન સ્લોટ ઉપલબ્ધ કરાવવામાં ન આવે ત્યાં સુધી અમારા માટે ડિલિવરીનું સ્થળ, તારીખ અથવા કાર્ગોની સ્વીકૃતિ અંગે પુષ્ટિ કરવી શક્ય બનશે નહીં. અમને આશા છે કે ઉપરોક્ત બાબતનો એપ્રિલ ૨૦૦૭ ના મધ્ય સુધીમાં ઉકેલ આવી જશે. એકવાર તેનો ઉકેલ આવી જાય પછી, અમે મે ૨૦૦૭ ના અંતનો સ્લોટ મેળવવાની આશા રાખીએ છીએ.

આ તબક્કે હું તમને ખાતરી આપવા માંગુ છું કે અમે કરારની ભાવના સાથે બંધાયેલા છીએ. એપ્રિલ ૨૦૦૭ માં ડિલિવરી માટે નિર્ધારિત પ્રથમ કાર્ગો અંગેના મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે અમે સૂચન કરીએ છીએ કે આ બાબતનો સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવવા માટે અમે શક્ય તેટલી વહેલી તકે નવી દિલ્હી ખાતે મળીએ.

આ સંદર્ભમાં હું આગળના માર્ગ પર ચર્ચા કરવા અને પ્રથમ એલ.એન.જી. કાર્ગો સંબંધિત મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે કામચલાઉ ધોરણે ૧૮ એપ્રિલ ૨૦૦૭ અને ૧૭ એપ્રિલ ૨૦૦૭ ના રોજ બેઠક માટે એમ.એલ.એન.જી. ની ટીમને નવી દિલ્હી ખાતે આમંત્રિત કરવા માંગુ છું.

અમે ઉપરોક્ત બાબતે તમારા તરફથી ટૂંક સમયમાં સાંભળવાની અપેક્ષા રાખીએ છીએ."

૨૪. જો કે, અપીલકર્તાના સિનિયર મેનેજર ઈન્ડિયા / સાઉથ એશિયા ૨ દ્વારા સામાવાળા (ખરીદનાર) ને તારીખ ૧૭.૦૪.૨૦૦૭ નો સંદેશાવ્યવહાર મોકલવામાં આવ્યો હતો જેમાં ૨૬–૨૭ મે, ૨૦૦૭ ના કાર્ગો માટેની અન્ય ડિલિવરી નોટિસ બીડવામાં આવી હતી અને તેમાં ઉલ્લેખિત રિસિવિંગ ટર્મિનલ / અનલોડિંગ પોર્ટ હજીરા / દહેજ બંને છે જો કે જહાજની વિગતો અગાઉની ડિલિવરી નોટિસમાં ઉલ્લેખિત કર્યા મુજબ જ રહે છે. તારીખ ૧૭.૦૪.૨૦૦૭ ના સંદેશાવ્યવહાર સાથે મોકલવામાં આવેલ ડિલિવરી નોટિસની વિગતોનું અવલોકન દર્શાવે છે કે તેમાં "નિર્ધારિત અનલોડિંગ તારીખ ગાળો" ના ખાનામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ખરીદનારનો તારીખ ૨૭.૦૩.૨૦૦૭ નો પત્ર પુષ્ટિ કરે છે કે "કન્ફર્મેશન નોટિસ હેઠળ પક્ષકારો વચ્ચે સંમત થયા મુજબ ખરીદનાર ૨૬ – ૨૭ મે, ૨૦૦૭ ના રોજ ડિલિવરી માટે નિર્ધારિત કાર્ગો અથવા ડિલિવરી સ્વીકારવા સક્ષમ નથી". વધુમાં જથ્થો અને ગુણવત્તાનો ઉલ્લેખ કરતી વખતે, તેમાં જણાવાયું છે કે ખરીદનારે મે, ૨૦૦૭ ના કાર્ગો માટે યુ.એસ. ડોલર ૨,૯૨,૬૫,૬૦૦ ની રકમમાં તાત્કાલિક

એસ.બી.એલ.સી. પૂરું પાડવું જરૂરી હતું, જેનો માન્યતા સમયગાળો સદર તારીખ એટલે કે ૧૭.૦૪.૨૦૦૭ થી ૧૮.૦૬.૨૦૦૭ સુધીનો રહેશે.

૨૫. પેપર–બુકના પાના '૧૦૪૧'–'૧૦૪૩' પર મે કાર્ગોના સંદર્ભમાં ડિલિવરી નોટિસનું અવલોકન દર્શાવે છે કે તેના પર ખરીદનારની સહી નથી. પેપર–બુકના બીજા સેટના પાના '૧૦૪૪' પર ખુદ તારીખ ૧૭.૦૪.૨૦૦૭ ના ફેક્સ દ્વારા ઇન્વોઇસ સાથેની બીજી ટેક ઓર પે નોટિસ એવા આધારે મોકલવામાં આવી હતી કે ખરીદનારે મે કાર્ગોની ડિલિવરી સ્વીકારવામાં અસમર્થતા દર્શાવી હતી.

૨૬. સામાવાળા દ્વારા અપીલકર્તાને તારીખ ૧૯.૦૪.૨૦૦૭ નો સંદેશાવ્યવહાર મોકલવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે કન્ફર્મેશન નોટિસમાં એલ.એન.જી. શિપ અને રિસિવિંગ ટર્મિનલની વિગતો નહોતી અને તે વિગતો જાણીજોઈને ખાલી રાખવામાં આવી હતી કારણ કે એવું સમજવામાં આવ્યું હતું કે શિપમેન્ટ રિસિવિંગ ટર્મિનલને આખરી ઓપ આપવાને અને તેની ઉપલબ્ધતાની પુષ્ટિ કરતી ડિલિવરી નોટિસના અમલને આધીન થવાના હતા. ખરીદનાર રિસિવિંગ ટર્મિનલને આખરી ઓપ આપવામાં અસમર્થ હતો તે હકીકત તેના નિયંત્રણ બહારની હતી અને રિસિવિંગ ટર્મિનલ આખરી થયા વિના, કન્ફર્મેશન નોટિસ પૂર્ણ અને આખરી નહોતી. આથી, એવી જાણ કરવામાં આવી હતી કે રિસિવિંગ ટર્મિનલ પર કોઈ સહમતિ ન હોવાથી, અપીલકર્તા દ્વારા ઉતાવળે ટેક ઓર

પે ઈન્વોઈસ કલમનો આશરો લેવો અને તે હેઠળ ઈન્વોઈસ જારી કરવું તે અયોગ્ય હતું.

૨૭. જ્યાં સુધી પરસ્પર સંમતિથી રિસિવિંગ ટર્મિનલ સંબંધિત મુદ્દો ઉકેલાઈ ન જાય ત્યાં સુધી તારીખ ૨૮.૦૩.૨૦૦૭ ના પત્ર અને તારીખ ૦૩.૦૪.૨૦૦૭ તથા ૧૭.૦૪.૨૦૦૭ ના ઈન્વોઈસ પાછા ખેંચવાની વિનંતી કરવામાં આવી હતી. એવું જણાવવામાં આવ્યું હતું કે સદર મુદ્દા પર નવી દિલ્હી ખાતે તારીખ ૨૦.૦૪.૨૦૦૭ ના રોજ નિર્ધારિત આગામી બેઠકમાં ચર્ચા થઈ શકે છે.

૨૮. સામાવાળા (ખરીદનાર) તરફેના વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે મે કાર્ગોના સંદર્ભમાં એલ.એન.જી. ની ખરીદી માટે અપીલકર્તા (વેચનાર) અને વિટોલ એસ.એ. વચ્ચે તારીખ ૩૦.૦૪.૨૦૦૭ નું કન્ફર્મેશન મેમોરેન્ડમ કરવામાં આવ્યું હતું.

૨૯. તારીખ ૦૧.૦૬.૨૦૦૭ ના રોજ લોડ થનારા આગામી ત્રીજા કાર્ગો માટે ટર્મિનલની (દહેજ કે હજીરા) પુષ્ટિ કરવા વિનંતી કરતો તારીખ ૧૫.૦૫.૨૦૦૭ નો ઈ–મેઇલ (પેપર–બુકનું પાનું '૧૦૭૬') અપીલકર્તા દ્વારા સામાવાળા (ખરીદનાર) ને મોકલવામાં આવ્યો હતો. જો કે, તારીખ ૧૮.૦૫.૨૦૦૭ ના પત્ર (પેપર–બુકનું પાનું '૧૦૭૮') દ્વારા અપીલકર્તાએ ૨૫–૨૬ જૂન ૨૦૦૭ ના કાર્ગો માટેની ડિલિવરી નોટિસ બીડતો પત્ર મોકલ્યો હતો. તેના જવાબમાં સામાવાળા (ખરીદનાર) દ્વારા

તારીખ ૧૮.૦૫.૨૦૦૭ ના રોજ ઈ-મેઈલ મોકલવામાં આવ્યો હતો (પેપર-બુકનું પાનું '૧૦૮૧') જેમાં અન્ય બાબતો સાથે એવું જણાવવામાં આવ્યું હતું કે બંને રિગેસિફિકેશન ટર્મિનલ્સમાં સ્લોટ્સ નકારી કાઢવામાં આવ્યા છે, અને તેથી, તેઓ જૂન, ૨૦૦૭ માં કોઈપણ કાર્ગો લેવાનું સ્વીકારી શકતા નથી. ફરીથી જૂન કાર્ગોના સંદર્ભમાં તારીખ ૨૩.૦૫.૨૦૦૭ ના રોજ ફેક્સ દ્વારા ટેક ઓર પે ઈન્વોઈસ સામાવાળા દ્વારા મોકલવામાં આવ્યું હતું (સંદર્ભ: પેપર-બુકનું પાનું '૧૦૮૫').

૩૦. અપીલકર્તા (વેચનાર) દ્વારા સામાવાળા (ખરીદનાર)ને તારીખ ૨૪.૦૫.૨૦૦૭ ની ટર્મિનેશન નોટિસ (પેપર-બુકનું પાનું '૧૦૯૬') મોકલવામાં આવી હતી, જેમાં તારીખ ૧૨.૦૩.૨૦૦૭ ની કન્ફર્મેશન નોટિસ સમાપ્ત કરવામાં આવી હતી અને એવી રજૂઆત કરવામાં આવી હતી કે એલ.એન.જી. કાર્ગોના ડિસ્ચાર્જ માટે ડિલિવરી સ્વીકારવામાં, લેટર્સ ઓફ ક્રેડિટ ખોલવામાં અથવા રીસીવિંગ ટર્મિનલ(લ્સ) નિર્દિષ્ટ કરવામાં નિષ્ફળ રહીને ખરીદનાર દ્વારા કરારનો ભંગ કરવામાં આવ્યો છે, તે ઉપરાંત કરારના અન્ય અસંખ્ય ભંગ પણ કરવામાં આવ્યા છે. ખરીદનાર તરફથી કરારના ભંગની સદર યાદી સંપૂર્ણ નથી તેમ જણાવતા ટર્મિનેશન પત્રમાં જણાવવામાં આવેલા ચોક્કસ ભંગ નીચે મુજબ છે:

(૧) કન્ફર્મેશન નોટિસની કલમ ૧૦ અને માસ્ટર એગ્રીમેન્ટની કલમ ૨૦.૯(એ) ના ભંગ બદલ, કન્ફર્મેશન નોટિસ હેઠળ એપ્રિલ

૨૦૦૭ ની ડિલિવરી સુરક્ષિત કરવા માટે લેટર ઓફ ક્રેડિટ પૂરી પાડવામાં ખરીદનારની નિષ્ફળતા.

(૨) કન્ફર્મેશન નોટિસની કલમ ૧૦ અને માસ્ટર એગ્રીમેન્ટની કલમ ૨૦.૯(એ) ના ભંગ બદલ, કન્ફર્મેશન નોટિસ હેઠળ મે ૨૦૦૭ ની ડિલિવરી સુરક્ષિત કરવા માટે સ્ટેન્ડબાય લેટર ઓફ ક્રેડિટ પૂરી પાડવામાં ખરીદનારની નિષ્ફળતા.

(૩) કન્ફર્મેશન નોટિસની કલમ ૯ અને માસ્ટર એગ્રીમેન્ટની કલમો ૧૨.૧, ૧૨.૨ અને ૨૦ ના ભંગ બદલ, કન્ફર્મેશન નોટિસ હેઠળ એપ્રિલ ૨૦૦૭ ની ડિલિવરીના સંબંધમાં ૩ એપ્રિલ ૨૦૦૭ ના રોજ ખરીદનારને મોકલવામાં આવેલા ટેક ઓર પે ઇન્વોઇસ ચૂકવવામાં ખરીદનારની નિષ્ફળતા.

(૪) કન્ફર્મેશન નોટિસની કલમ ૯ અને માસ્ટર એગ્રીમેન્ટની કલમો ૧૨.૧, ૧૨.૨ અને ૨૦ ના ભંગ બદલ, કન્ફર્મેશન નોટિસ હેઠળ મે ૨૦૦૭ ની ડિલિવરીના સંબંધમાં ૧૭ એપ્રિલ ૨૦૦૭ ના રોજ ખરીદનારને મોકલવામાં આવેલા ટેક ઓર પે ઇન્વોઇસ ચૂકવવામાં ખરીદનારની નિષ્ફળતા.

(૫) કરારના ભંગ બદલ, કન્ફર્મેશન નોટિસ હેઠળ જૂન ૨૦૦૭ ની ડિલિવરી મેળવવા માટે રીસીવિંગ ટર્મિનલ નિર્દિષ્ટ કરવામાં ખરીદનારની નિષ્ફળતા.

(૬) કન્ફર્મેશન નોટિસની કલમ ૧૦ અને માસ્ટર એગ્રીમેન્ટની કલમ ૨૦.૯(એ) ના ભંગ બદલ, કન્ફર્મેશન નોટિસ હેઠળ જૂન ૨૦૦૭ ની ડિલિવરી સુરક્ષિત કરવા માટે સ્ટેન્ડબાય લેટર ઓફ ક્રેડિટ પૂરી પાડવામાં ખરીદનારની નિષ્ફળતા.

૩૧. એ પણ રેકર્ડ પર લાવવામાં આવ્યું છે કે અપીલકર્તા (વેચનાર) અને સુએઝ ગ્લોબલ એલ.એન.જી. લિમિટેડ (સપ્લાયર) વચ્ચેના તારીખ ૩૦.૦૫.૨૦૦૭ ના કરાર દ્વારા એ સંમત થયું હતું કે અપીલકર્તા કન્ફર્મેશન નં. ૩ માં વર્ણવેલ સંપૂર્ણ કાર્ગો લોટની ડિલિવરી લેવાનું જતું કરશે અને સુએઝ તેમાં ઉલ્લેખિત શરતોને આધીન કન્ફર્મેશન નં. ૩ અને સદર ચાદી રદ કરવા સંમત થયું હતું.

૩૨. સામાવાળા (ખરીદનાર) દ્વારા તારીખ ૦૧.૦૬.૨૦૦૭ ના પત્રવ્યવહાર મારફતે તારીખ ૨૪.૦૫.૨૦૦૭ ની ટર્મિનેશન નોટિસનો જવાબ આપવામાં આવ્યો હતો, જેમાં અન્ય બાબતો સાથે એવું જણાવવામાં આવ્યું હતું કે ડિલિવરી નોટિસ દ્વારા ભાવ પરસ્પર સંમતિથી નક્કી કરવાનો હતો અને ખરીદનાર દ્વારા કોઈ નિશ્ચિત ભાવ આપવામાં આવ્યો ન હતો. તદુપરાંત, સદર વેચનારે કન્ફર્મેશન નોટિસમાં બંને પક્ષો વચ્ચે સંમત થયેલા ટર્મિનલ પર એક્સ-શિપ ધોરણે એલ.એન.જી. કાર્ગો ડિલિવર કરવાનો હતો. ખરીદનાર પાસે કોઈ રિગેસિફિકેશન ટર્મિનલ ઉપલબ્ધ ન હોવાથી, જે બાબત ખરીદનાર દ્વારા વેચનારને સ્પષ્ટપણે

જણાવવામાં આવી હતી અને બંને પક્ષો માસ્ટર એગ્રીમેન્ટ (એમ.એસ.પી.એ.) ના એનેક્ષર-'સી' માં દર્શાવ્યા મુજબ કન્ફર્મેશન નોટિસની પુનઃરચના કરવા સંમત થયા હતા, તે પુનઃરચિત સ્વરૂપ હેઠળ "કન્ફર્મેશન નોટિસ" ને બે ભાગમાં વિભાજિત કરવામાં આવી હતી. પ્રથમ ભાગને "કન્ફર્મેશન નોટિસ" તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો જે પ્રસ્તાવિત સોદા માટેની વ્યાવસાયિક શરતોને આવરી લેતો હતો, જ્યારે "ડિલિવરી નોટિસ" તરીકે નિયુક્ત કરવામાં આવેલ બીજો ભાગ ખરીદનારની સુવિધા (રિગૅસિફિકેશન ટર્મિનલ), એસ.એલ.બી.સી. ની રકમ અને સલ્ફર સામગ્રીની વિગતો (ખરીદનાર માટે ચિંતાનો વિષય) ને આવરી લેશે. રિગૅસિફિકેશન ટર્મિનલની ઉપલબ્ધતા, એસ.બી.એલ.સી. મેળવવા માટેના ભાવની સ્વીકાર્યતા અને કુલ સલ્ફર સામગ્રીને આધીન રહીને, બંને પક્ષોએ કરારને અસરકારક બનાવતી "ડિલિવરી નોટિસ" મારફતે પરસ્પર સંમતિ સાધવાની હતી.

૩૩. તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે "કન્ફર્મેશન નોટિસ" ની જોગવાઈઓ હેઠળ, વેચનારે લોડિંગની તારીખ પહેલાં ખરીદનારને નિશ્ચિત ભાવ પૂરો પાડવાનો અને ભાવ અંગે ખરીદનારની સ્વીકૃતિ મેળવવાની હોય છે. વેચનાર દરેક પ્રસંગે ખરીદનારને નિશ્ચિત ભાવનો વિકલ્પ પૂરો પાડવામાં નિષ્ફળ રહ્યો છે જે "કન્ફર્મેશન નોટિસ" ની જોગવાઈઓનો ભંગ છે. વધુમાં, કોઈ કાયદેસર / અસરકારક કરારના અભાવે, કારણ કે પક્ષકારો વચ્ચે ડિલિવરી નોટિસ પરસ્પર અમલમાં મૂકવામાં આવી ન હતી, તેથી

ટેક ઓર પે ઇન્વોઇસ રજૂ કરવાનું કોઈ કાનૂની ઔચિત્ય કે પવિત્રતા ધરાવતું નથી.

૩૪. ખરીદનારે તારીખ ૨૭.૦૩.૨૦૦૭, ૦૬.૦૪.૨૦૦૭, ૧૮.૦૪.૨૦૦૭ અને ૧૮.૦૫.૨૦૦૭ ના ઈ–મેઈલ પત્રો દ્વારા વેચનારને રિગેસિફિકેશન ટર્મિનલની બિન–ઉપલબ્ધતા વિશે જાણ કરી હતી, તેમજ ટેક ઓર પે કલમ લાગુ કરવા અને ઇન્વોઇસ મોકલવા સામે વાંધો ઉઠાવ્યો હતો. આથી, સામાવાળા (ખરીદનાર) દ્વારા આખરે એવું જણાવવામાં આવ્યું હતું કે:

> "તેથી એ જોઈ શકાશે કે પક્ષકારો વચ્ચે કોઈ પૂર્ણ થયેલ કરાર નથી, કારણ કે મહત્વની શરતો, જેમાં ડિસ્ચાર્જ ટર્મિનલ અંગેની સંમતિનો સમાવેશ થાય છે. કોઈ પૂર્ણ થયેલ કરાર અસ્તિત્વમાં નથી તે હકીકતને ધ્યાને લેતાં, તેને સમાપ્ત કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જોકે, અમે ટર્મિનેશન નોટિસ શીર્ષક હેઠળના તમારા તારીખ ૨૪મી મે, ૨૦૦૭ ના પત્રની નોંધ લીધી છે અને એમ.એસ.પી.એ. તથા કન્ફર્મેશન નોટિસ હેઠળના અમારા અધિકારો અનામત રાખીને આ બાબતને બંધ થયેલી ગણીશું."

૩૫. અપીલકર્તા દ્વારા એપ્રિલ, મે અને જૂન, ૨૦૦૭ ના કાર્ગો માટે તારીખ ૩૦.૦૯.૨૦૦૭ ની આખરી ટેક ઓર પે નોટિસ જારી કરવામાં આવી હતી (પેપર–બુકનું પાનું '૧૧૫૧'–'૧૧૯૩').

૩૬. લંડન કોર્ટ ઓફ ઇન્ટરનેશનલ આર્બિટ્રેશન દ્વારા તારીખ ૨૫.૦૬.૨૦૦૯ ના રોજ આર્બિટ્રલ એવોર્ડ પસાર કરવામાં આવ્યો હતો.

૩૭. અપીલકર્તા દ્વારા તારીખ ૨૯.૦૧.૨૦૧૪ ના રોજ અમદાવાદ ખાતેની સિટી સિવિલ કોર્ટ સમક્ષ એક્ઝિક્યુશન એપ્લિકેશન નં. ૭૧/૨૦૧૪ દાખલ કરવામાં આવી હતી. તારીખ ૧૬.૦૩.૨૦૧૭ ના હુકમ દ્વારા સદર એક્ઝિક્યુશન એપ્લિકેશન હાઈકોર્ટની કોમર્શિયલ ડિવિઝનને ટ્રાન્સફર કરવામાં આવી હતી. અગાઉ નોંધ્યા મુજબ, તારીખ ૦૫.૦૭.૨૦૧૮ ના ચુકાદા અને હુકમ દ્વારા, આ કોર્ટના વિદ્વાન એકલ ન્યાયાધીશે તારીખ ૨૫.૦૬.૨૦૦૯ ના આર્બિટ્રલ એવોર્ડની અમલવારી કરવાનો ઇનકાર કર્યો હતો, જેના કારણે હાલની અપીલ દાખલ કરવામાં આવી છે.

## [૩] <u>આર્બિટ્રલ એવોર્ડ:</u>

૩૮. વિદ્વાન આર્બિટ્રેટરે પક્ષકારોના વિદ્વાન વકીલોને સાંભળ્યા પછી અને પુરાવાઓનું અવલોકન કર્યા પછી નિર્ણય માટે નીચે મુજબના પ્રશ્નો ઘડ્યા હતા:

"૮૦........

(૧) શું, જેમ આલ્ટકો દલીલ કરે છે તેમ, ૧૨ માર્ચની કન્ફર્મેશન નોટિસ ચાર એલ.એન.જી. કાર્ગોના વેચાણ માટે બંધનકર્તા કરાર રચે છે કે પછી, જેમ અદાણી દલીલ કરે છે તેમ, કોઈ જ બંધનકર્તા કરાર ન હતો, કાનૂની સંબંધો સ્થાપિત કરવાનો કોઈ ઈરાદો ન હતો, અથવા

જ્યાં સુધી દરેક કાર્ગો માટે ડિલિવરી નોટિસ પૂર્ણ (અથવા કદાચ પૂર્ણ અને સહી) ન થાય ત્યાં સુધી વધુમાં વધુ માત્ર એક ફ્રેમવર્ક એગ્રીમેન્ટ હતું.

(૨) અદાણીની રજૂઆતોમાંથી ઉપસ્થિત થતો સંબંધિત મુદ્દો કે કન્ફર્મેશન નોટિસ બંધનકર્તા કરાર હતી કે નહીં, તેની શરતો અપૂરતી રીતે નિશ્ચિત હતી અથવા ચોક્કસ નોંધપાત્ર અને મહત્વપૂર્ણ બાબતોમાં સંમત થવા માટેના માત્ર એક કરારથી વિશેષ કંઈ ન હતી કે જેથી તે કાયદેસર રીતે અસરકારક ન હતી. આ સંદર્ભમાં અદાણી દ્વારા આધાર રાખવામાં આવેલી બાબતો, જેમાં પ્રથમ બે બાબતો પર વિશેષ ભાર અને સૌથી વધુ આધાર રાખવામાં આવ્યો હતો, તે નીચે મુજબ હતી:

(એ) ભાવ;

(બી) રીસીવિંગ ટર્મિનલની ઓળખ;

(સી) એસ.બી.એલ.સી. ની રકમ;

(ડી) એલ.એન.જી. જહાજની વિગતો; અને

(ઈ) એલ.એન.જી. નું સલ્ફરનું સ્તર.

(૩) જો અદાણી પ્રથમ બે મુદ્દાઓ પર અસફળ રહે તો પણ, અદાણી રજૂઆત કરે છે કે ટી.ઓ.પી. કલમના યોગ્ય અર્થઘટન અને ઉપયોગ

પર આલ્ટકો પ્રથમ ત્રણ કાર્ગોમાંથી કોઈપણ માટે ટી.ઓ.પી. ચૂકવણી મેળવવા હકદાર નથી અને જો તે રજૂઆતમાં તે ખોટું હોય તો પણ, દરેક વ્યક્તિગત એપ્રિલ, મે અને જૂનના કાર્ગો માટેના ટી.ઓ.પી. દાવાઓમાં એવી વિશેષતાઓ છે જે સદર કલમને તે કાર્ગો માટે બિન-લાગુપાત્ર બનાવે છે.

(૪) જો આલ્ટકો કોઈપણ ટી.ઓ.પી. ચૂકવણી મેળવવા હકદાર હોય તો દરેક કાર્ગોના સંબંધમાં એવોર્ડ કરવાપાત્ર રકમ (વ્યાજ સહિત) કેટલી છે.

(૫) શું ઓગસ્ટના કાર્ગોના સંબંધમાં નુકસાની માટેનો આલ્ટકોનો દાવો માન્ય છે અને જો તે હોય તો દાવાની રકમ (વ્યાજ સહિત) કેટલી છે."

૩૯. ૧૨મી માર્ચની કન્ફર્મેશન નોટિસ બંધનકર્તા કરાર રચે છે કે નહીં તે પ્રથમ મુદ્દા પર, વિદ્વાન આર્બિટ્રેટર દ્વારા એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે:

"૮૨. કન્ફર્મેશન નોટિસનો હેતુ ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીની મીટિંગમાં સ્પષ્ટપણે સંમત થયો હતો જે મિનિટ્સના ફકરા ૫ માં નોંધાયેલ છે અને તે હેતુ કન્ફર્મેશન નોટિસમાં જ વિશ્વાસપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો. તે ચાર કાર્ગો માટે એક જ કરાર બનવાનો હતો અને

હતો. તે અલબત્ત એ હકીકત સાથે સંપૂર્ણપણે સુસંગત છે કે આલ્ટકો પોતે સુએઝ પાસેથી ચાર કાર્ગો ખરીદવા સંમત થયું હતું.

૮૩. સંભવિત મહત્વનું એકમાત્ર પરિબળ જે અદાણીની રજૂઆતને સમર્થન આપી શકે છે તે એ નિર્વિવાદ હકીકત છે કે કન્ફર્મેશન નોટિસ સાથે જોડાયેલ ડિલિવરી નોટિસના ફોર્મમાં બંને પક્ષકારોની સહીઓની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ ટ્રિબ્યુનલ એવું માનતી નથી કે તે પરિબળ તેણે ઉલ્લેખ કરેલી અન્ય બાબતો કરતાં વધુ વજનદાર બનવાની નજીક પણ આવે છે અને કોઈપણ સંજોગોમાં તે બાબત સ્પષ્ટપણે અસંભવિત છે કે પક્ષકારોનો ક્યારેય એવો ઈરાદો હોઈ શકે કે કોઈ બંધનકર્તા પ્રતિબદ્ધતાને એવી તારીખ સુધી સંમત થવા કે ન થવા પર છોડી શકાય જે સંબંધિત કાર્ગો લોડ થવાના માત્ર ૧૪ દિવસ પહેલાં જ હોઈ શકે. તે અદાણી કે આલ્ટકોના હિતમાં ન હોય.

૮૪. ડિલિવરી નોટિસના ફોર્મમાં વપરાયેલી ભાષા પોતે જ સૂચવે છે કે તેમાં સમાવિષ્ટ કરવાની બાબતો ખરેખર ઓપરેશનલ સ્વરૂપની હતી, અને અલબત્ત એવું પણ નથી બનતું કે દસ્તાવેજ પર અદાણી દ્વારા સહી કરવામાં આવી ન હોવાના કારણે તેમાં જે સમાવિષ્ટ હતું તે વાસ્તવમાં સંમત થયું ન હતું."

૪૦. ભાવ વગેરેના પાસાઓ પર નિશ્ચિતતા હતી કે નહીં તે અંગેના બીજા મુદ્દા પર, એવું ઠરાવવામાં આવ્યું હતું કે ચાર કાર્ગોમાંથી દરેક માટે સંમત થયેલ ભાવ સંબંધિત મહિના માટેનો હેનરી હબ (એચ.એચ.) ભાવ વત્તા યુ.એસ.ડોલર ૧.૮૫ હતો, સિવાય કે ખરીદનારે કોઈ ચોક્કસ સ્તરે ભાવના એચ.એચ. ઘટકના હેજનો આગ્રહ રાખ્યો હોય, જે વેચનાર માટે પ્રાપ્ત કરવો શક્ય હતો અને વાસ્તવમાં પ્રાપ્ત થયો હતો. ૧૫-૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૭ અને ૫ અને ૬ માર્ચ, ૨૦૦૭ ના રોજ યોજાયેલી મીટિંગોની મિનિટ્સ અને કન્ફર્મેશન નોટિસની શરતોનો સંદર્ભ આપીને નોંધવામાં આવ્યું હતું કે ઉપરોક્ત નોંધાયેલ ભાવ કન્ફર્મેશન નોટિસની કલમ ૮ નો આધારભૂત કરાર હતો. ફકરા '૮૬' માં નીચે મુજબ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો:

> "૮૬. જેમ આલ્ટકોએ રજૂઆત કરી હતી તેમ, આલ્ટકો પર નિશ્ચિત ભાવ ઓફર કરવાની જવાબદારી, તેનાથી વિશેષ કંઈ ન હોવાથી, અર્થહીન છે. આ વાતની સ્વીકૃતિમાં અને આ વ્યવહાર પર અદાણી જે માર્જિન ઈચ્છતું હતું તે મેળવવાનો આ એકમાત્ર રસ્તો હતો તે કારણે જ કોઈ શંકા વિના, અદાણીએ સાક્ષીઓના પુરાવામાં નહીં તો પણ ઓછામાં ઓછું રજૂઆતોમાં, લગભગ સ્વીકારી લીધું હતું કે કોઈપણ નિશ્ચિત ભાવ હેજમાંથી મેળવવામાં આવશે. તેથી એવું ફલિત થશે કે કોઈ આપેલા ભાવે હેજ, જો પ્રાપ્ત કરી શકાય તેવું હોય તો, સંબંધિત નિર્ધારણ તારીખના ભાવ કરતાં ઓછો ભાવ આપવાની શક્યતા છે કે

નહીં તે અંગેનો નિર્ણય અદાણીએ કરવાનો રહેશે. જરૂરી માહિતી નાઈમેક્સ પર ઉપલબ્ધ હશે. તે સ્થિતિમાં એપ્રિલ માટે અદાણી દ્વારા પ્રસ્તાવિત આંકડો પ્રાપ્ત કરી શકાય તેવો ન હતો અને અદાણીએ અન્ય કાર્ગો માટે કોઈ આંકડા રજૂ કર્યા ન હતા."

૪૧. રીસીવિંગ ટર્મિનલના મુદ્દા પર (મુદ્દા નં. ૨ નો ભાગ), એવું ઠરાવવામાં આવ્યું હતું કે:

"૮૭. ફરીથી સંક્ષિપ્તમાં, ટ્રિબ્યુનલે શોધી કાઢ્યું છે કે ૨૭ માર્ચ પહેલાંના તમામ સમયે અદાણી, તેના પોતાના પુરાવા પરથી, જે શ્રી શર્મા અને એમ. સિંહના વર્તન દ્વારા સંપૂર્ણપણે સાબિત થાય છે, વિશ્વાસ ધરાવતું હતું કે તેની પાસે ચાર કાર્ગોમાંથી દરેક માટે દહેજ અથવા હજીરા ખાતે સ્લોટ્સ ઉપલબ્ધ હતા અથવા તે સરળતાથી મેળવી શકતું હતું. તેને મૂળ પેટ્રોનેટ પત્ર, ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીની મીટિંગ, ૫ અને ૬ માર્ચની મીટિંગ, પક્ષકારો દ્વારા કાર્ગોની સતત ચર્ચા ચાલુ રાખવાની ખુદ હકીકત અને શ્રી શર્મા તથા શ્રી સિંહ તરફથી શરતીપણાની તો વાત જ બાજુ પર રહી, શંકા વ્યક્ત કર્યાનો કોઈ પણ રેકર્ડ ન હોવાનું સમર્થન મળે છે.

૮૮. ટ્રિબ્યુનલે એ પણ શોધી કાઢ્યું છે કે અદાણીએ એપ્રિલના કાર્ગો માટે રીસીવિંગ ટર્મિનલ તરીકે હજીરાને સ્પષ્ટપણે નિર્દિષ્ટ કર્યું હતું. ૫ અને ૬ માર્ચની મીટિંગમાં આ શક્યતા ઊભી કરવામાં આવી હતી અને

૧૨ માર્ચે હસ્તાક્ષર સમારોહમાં તેની પુષ્ટિ કરવામાં આવી હતી. તેને ૧૬ માર્ચે મોકલવામાં આવેલી ડિલિવરી નોટિસમાં હજીરાના સંદર્ભ અને ૨૩ માર્ચે અદાણીને મોકલવામાં આવેલા એસ.બી.એલ.સી. ના ડ્રાફ્ટ ફોર્મ્સ દ્વારા વધુ સમર્થન મળે છે.

૮૯. ટ્રિબ્યુનલે નક્કી કર્યું છે કે ૧૨ માર્ચની મૂળભૂત ધારણા, જે એ હકીકતમાં પ્રતિબિંબિત થાય છે કે ડિલિવરી નોટિસમાં રીસીવિંગ ટર્મિનલનું નામ આપવાનું કામ અદાણીનું નહીં પણ આલ્ટકોનું હતું, તે એ હતી કે અદાણી દરેક કાર્ગો માટે ડિલિવરી નોટિસમાં સમાવેશ કરવા માટે દહેજ અથવા હજીરામાંથી કોઈપણ એક વિશે આલ્ટકોને જાણ કરશે. ફરીથી વ્યાવસાયિક રીતે એ બાબત સંપૂર્ણપણે અસંભવિત હશે કે કોઈ બંધનકર્તા કરારનું અસ્તિત્વ હોવું કે ન હોવું એ બાબત પર છોડી દેવામાં આવે કે અદાણી લોડિંગના ૧૪ દિવસ પહેલાં કોઈપણ સમયે આવી નોટિસ આપવાનું પસંદ કરે છે કે નહીં. એવી સંમતિ કે અદાણી દ્વારા એક અથવા બીજા ટર્મિનલને નિર્દિષ્ટ કરવામાં આવશે, જે યોગ્ય રીતે જ વિવાદમાં નથી, તે એક બંધનકર્તા જવાબદારી બનવા માટે પૂરતી રીતે નિશ્ચિત છે."

૪૨. આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા એવોર્ડના ફકરા '૯૩' માં મુદ્દા નં. ૧ અને ૨ પર કાઢવામાં આવેલ નિષ્કર્ષ નીચે મુજબ છે:

"૯૩. ટ્રિબ્યુનલ સંપૂર્ણપણે સંતુષ્ટ છે કે કન્ફર્મેશન નોટિસ આલ્ટકો દ્વારા વેચાણ અને અદાણી દ્વારા ચાર કાર્ગોની ખરીદી માટે એક બંધનકર્તા કાનૂની પ્રતિબદ્ધતા હતી અને પક્ષકારો દ્વારા તેનો તેવો જ ઈરાદો રાખવામાં આવ્યો હતો. જે બાબતો બાકી રહી ગઈ હતી તે ઓપરેશનલ પ્રકારની હતી. જો કોઈ નિશ્ચિત ભાવ રાખવાનો હોય તો તે મેળવવાની જવાબદારી અદાણી પર હતી અન્યથા સંબંધિત તારીખ માટે એચ.એચ. નિર્ધારણ તારીખે ભાવ નક્કી થવાનો હતો. રીસીવિંગ ટર્મિનલ તરીકે હજીરા અથવા દહેજમાંથી કોઈ એકને નિર્દિષ્ટ કરવાનું અદાણી માટે હતું. તે સમજૂતી અનુસાર અદાણીએ એપ્રિલના કાર્ગો માટે હજીરાને નિર્દિષ્ટ કર્યું હતું. એસ.બી.એલ.સી. માટે ઉપયોગમાં લેવાનાર અંદાજિત મૂલ્ય પર સંમતિ સધાઈ હતી. એલ.એન.જી. જહાજની વિગતો જાણીતી અને યોગ્ય હતી. સલ્ફર સ્પષ્ટીકરણનું નિરાકરણ કરવામાં આવ્યું હતું અને તેના પર સંમતિ સધાઈ હતી."

૪૩. ઉપરોક્ત બાબતો સાથે, ટેક ઓર પે (ટી.ઓ.પી. દાવો) અંગેના મુદ્દા નં. ૩ પર, વિદ્વાન આર્બિટ્રેટરે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે ખરીદનાર "એલ.એન.જી. કાર્ગોની ડિલિવરી સ્વીકારવામાં નિષ્ફળ રહે છે" જેથી તેણે "કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ એલ.એન.જી. જથ્થાને કન્ફર્મેશન નોટિસમાં નિર્દિષ્ટ એલ.એન.જી. ભાવ સાથે ગુણતા આવતી રકમ" જેટલી રકમ ચૂકવવી જરૂરી છે. એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે ફેબ્રુઆરી અને માર્ચની મીટિંગો પછી જોકે કરારનું સ્વરૂપ બદલાઈ ગયું હતું, તેમ

છતાં કન્ફર્મેશન નોટિસના નવા સ્વરૂપમાં ભાવની જોગવાઈ, અંદાજિત જથ્થો અને માસ્ટર એગ્રીમેન્ટની કલમ ૧૩ માં આપેલી જોગવાઈ મુજબ નક્કી કરવાના "ડિલિવર થયેલ જથ્થા" નો સંદર્ભ શામેલ હતો.

૪૪. એવું ઠરાવવામાં આવ્યું હતું કે માસ્ટર એગ્રીમેન્ટની કલમ ૧૨ ને ધ્યાને લેતાં અને વ્યાવસાયિક સમજ સૂચવે છે કે તે શબ્દોને એવો અર્થ આપવામાં આવે જેના માટે વેચનાર દલીલ કરે છે, જેમાં ખરીદનાર તે સમયે આપેલા કાર્ગોની ડિલિવરી સ્વીકારી શકતું નથી અથવા સ્વીકારશે નહીં તે સ્પષ્ટ કરે તેનાથી વિશેષ કશાની જરૂર નથી, જે તેણે અન્યથા કરવા સંમતિ આપી હતી. તે અર્થઘટન "ટેક ઓર પે" ની ભાષા સાથે સુસંગત છે. બંને પક્ષકારોના હિતમાં હતું કે જો ખરીદનાર દ્ધારા કાર્ગો લેવાનો ન હોય તો તે શક્ય તેટલી વહેલી તકે જાણી શકાય જેથી કદાચ વાજબી ભાવે ત્રીજા પક્ષકારને વેચાણ કરવાની તકમાં સુધારો થઈ શકે.

૪૫. એવું ઠરાવવામાં આવ્યું હતું કે એપ્રિલ, મે અને જૂનના દરેક કાર્ગોના કિસ્સામાં, વેચનાર દ્ધારા ટેક ઓર પે કલમ લાગુ કરતાં પહેલાં ડિલિવરી નોટિસ મોકલવામાં આવી હતી અને, દરેક કિસ્સામાં, નોટિસમાં ખરીદનારના તે નિવેદનનો સંદર્ભ આપવામાં આવ્યો હતો કે તે સંબંધિત કાર્ગોની ડિલિવરી સ્વીકારશે નહીં.

૪૬. ટ્રિબ્યુનલ નોંધે છે કે ૨૭મી માર્ચનો પત્ર અસંદિગ્ધ હતો કે ખરીદનાર મે મહિનાનો કાર્ગો સ્વીકારશે નહીં. ૧૦મી એપ્રિલનો પત્ર, ખરીદનારને મે

મહિનાના અંતનો સ્લોટ મળી શકે તેવી આશા વ્યક્ત કરવા છતાં, સ્પષ્ટ હતો કે કોઈ સ્લોટ પ્રાપ્ત થયો ન હતો અને તે રીતે, કાર્ગોની સ્વીકૃતિની પુષ્ટિ થઈ શકી નથી. ૨૦મી એપ્રિલની મીટિંગમાં થયેલી ચર્ચાએ સ્પષ્ટ કર્યું હતું કે વેચનારે ખરીદનારના કોઈપણ વિરોધ વિના કાર્ગો વેચવાનો પ્રયાસ કર્યો હતો. ૧૭મી એપ્રિલે મોકલવામાં આવેલી ડિલિવરી નોટિસમાં ૨૭મી માર્ચના પત્રનો અને ખરીદનાર કાર્ગોની ડિલિવરી સ્વીકારવામાં સક્ષમ ન હતો તે હકીકતનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પ્રોવિઝનલ ટેક ઓર પે (ટી.ઓ.પી.) નોટિસ તે જ દિવસે મોકલવામાં આવી હતી. ખરીદનાર દ્વારા કોઈ એસ.બી.એલ.સી. પૂરી પાડવામાં આવી ન હતી અને વધુમાં, જો ખરીદનારે કોઈપણ એક રીસીવિંગ ટર્મિનલ પર સ્લોટ મેળવ્યો હોત, અને વેચનારને તે વિશે જાણ કરી હોત જેથી વેચનાર દ્વારા આગળના વેચાણ પહેલાં ખરીદનારને વેચાણ પુનર્જીવિત કરી શકાયું હોત. આથી, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે માસ્ટર એગ્રીમેન્ટની કલમ ૧૨.૨ અમલમાં આવે છે કારણ કે ખરીદનાર "કોઈપણ એલ.એન.જી. કાર્ગો" ની ડિલિવરી સ્વીકારવામાં નિષ્ફળ રહે છે. તે ખરીદનાર દ્વારા ત્રીજા પક્ષકારને "આવા એલ.એન.જી. કાર્ગો" ના વેચાણમાંથી "ચોખ્ખી આવક" મેળવવા માટે ખરીદનારને હકદાર પણ બનાવે છે. જ્યાં સુધી જહાજ ખરેખર લોડ ન થાય અને જ્યાં સુધી ડિલિવરી નોટિસમાં તેની ઓળખ ન થાય ત્યાં સુધી કોઈ કાર્ગો ન હતો તેવો ખરીદનારનો કેસ ટ્રિબ્યુનલ દ્વારા ફગાવી દેવામાં આવ્યો હતો.

૪૭. એવું જણાવતાં કે વેચનાર દ્વારા સુએઝ સાથે તારીખ ૦૯.૦૩.૨૦૦૭ ના રોજ અને ફેબ્રુઆરીમાં પણ જ્યારે વેચનારે ખરીદનારને સૌપ્રથમ તેમના વિશે જાણ કરી હતી ત્યારે કરાર કરવામાં આવ્યો હતો, અને કન્ફર્મેશન નોટિસમાં જહાજના સંદર્ભ સાથે (ફકરા '૬' અને '૭') વેચનારે તે કાર્ગોની સુએઝ પાસેથી ખરીદવામાં આવેલા કાર્ગો તરીકે ઓળખ કરી હતી, ફકરા '૧૦૭' માં નીચે મુજબ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો:-

"૧૦૭. પુરાવા પરથી એપ્રિલ અને મે બંને કાર્ગો, કોઈપણ સંજોગોમાં, વાસ્તવમાં એલ.એન.જી. જહાજ પર લોડ કરવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં જૂન "કાર્ગો" સંબંધિત એક અલગ હકીકતલક્ષી મુદ્દો છે. આ કાર્ગો આલ્ટકો દ્વારા સુએઝ પાસેથી ખરીદવામાં આવ્યો હતો પરંતુ જ્યારે અદાણીએ તેની ડિલિવરી સ્વીકારવાનો ઇનકાર કર્યો ત્યારે વેચાણ રદ કરવામાં આવ્યું હતું. તેમ છતાં, ટ્રિબ્યુનલ માને છે કે કાર્ગો પૂરતી રીતે ઓળખાયેલ હતો અને જો આવી વ્યવસ્થા ઉપલબ્ધ હોય તો કોઈપણ પક્ષકાર માટે આવી તક ગુમાવવી એ કોઈ વ્યાવસાયિક સમજ ધરાવતું નથી. આ મુદ્દો ટી.ઓ.પી. કલમની કલમ ૧૨.૨ દ્વારા જરૂરી જૂન કાર્ગોના એલ.એન.જી. જથ્થાની ગણતરી માટે પણ સંબંધિત છે અને તે સંદર્ભમાં આગળ વિચારણા કરવામાં આવે છે."

૪૮. આગળની ચર્ચાઓ વેચનાર દ્વારા દાવો કરવામાં આવેલ ટેક ઓર પે (ટી.ઓ.પી.) ચૂકવણી અને નુકસાનીની રકમ અંગેના મુદ્દા નં. ૪ અને ૫ પર છે.

## [૪] <u>વિદ્વાન એકલ ન્યાયાધીશનો હુકમ:</u>

૪૯. વિદ્વાન એકલ ન્યાયાધીશે આર્બિટ્રલ એવોર્ડના અમલીકરણની માંગ કરતી અરજીઓ પર વિચારણા કરતી વખતે સામાવાળાની એવી દલીલો નોંધી છે કે માત્ર પક્ષકારો દ્વારા હસ્તાક્ષર કરાયેલ કન્ફર્મેશન નોટિસના આધારે કોઈ પૂર્ણ થયેલ કરાર અસ્તિત્વમાં આવ્યો ન હતો. ટ્રિબ્યુનલે કરારનું ખોટું અર્થઘટન કર્યું છે અને ભાવ જાણ્યા વિના અથવા અનલોડિંગ પોર્ટ આખરી કર્યા વિના પણ આશરે યુ.એસ.ડી. ૧૧,૦૦,૦૦,૦૦૦ ની કિંમતના કાર્ગો ખરીદવા અને ચૂકવણી કરવા સામાવાળા સંમત થયા હતા તેવા નિષ્કર્ષ પર ભૂલભરેલી રીતે પહોંચીને વિકૃત તારણ પર આવી છે. સામાવાળા દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે ભાવ અથવા રીસીવિંગ ટ્રિબ્યુનલ અંગેના મુદ્દાઓ માત્ર ઓપરેશનલ મુદ્દાઓ હતા તેવું ઠરાવવામાં ટ્રિબ્યુનલે તમામ તર્કને નેવે મૂક્યા છે.

૫૦. આર્બિટ્રલ એવોર્ડના અમલીકરણનો વિરોધ કરતાં એવી દલીલ કરવામાં આવી હતી કે ટ્રિબ્યુનલે, એક તરફ, એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે કાર્ગોની ખરીદી માટે યુ.એસ.ડી. ૮.૫૦ નો ભાવ ખરીદનારને નુકસાન પહોંચાડશે અને એચ.એચ. નિર્ધારણ તારીખ પહેલાં નિશ્ચિત ભાવ ઓફર કરવામાં

આવ્યો ન હતો, પરંતુ એવા નિષ્કર્ષ પર પહોંચી હતી કે ખરીદનારે એચ.એચ. નિર્ધારણ તારીખ પહેલાં નિશ્ચિત ભાવ ઓફર કર્યો ન હોવાથી આપમેળે એચ.એચ. ભાવ સંમત ભાવ બની જશે. એવી દલીલ કરવામાં આવી હતી કે આ તારણ સંપૂર્ણપણે વિકૃત અને ગેરવાજબી છે, કારણ કે, જ્યારે પક્ષકારો વચ્ચે લેખિતમાં ભાવ સંમત થયો ન હતો, ત્યારે એવું કહી શકાય નહીં કે કોઈ પૂર્ણ થયેલ કરાર અસ્તિત્વમાં આવ્યો હતો.

૫૧. રીસીવિંગ ટર્મિનલના મુદ્દા પર, એવી દલીલ કરવામાં આવી હતી કે દહેજ અને હજીરા ખાતેના એકમાત્ર ઉપલબ્ધ ટર્મિનલ્સ સંબંધિત સમયે અનુપલબ્ધ હતા અને રીસીવિંગ ટર્મિનલ અને તેની ઉપલબ્ધતાના નિર્ધારણ વિના સામાવાળા આટલો મોટો કાર્ગો ખરીદશે તે અત્યંત અકલ્પ્ય હતું.

૫૨. માસ્ટર એગ્રીમેન્ટમાં પણ એવી જોગવાઈ કરવામાં આવી હતી કે રીસીવિંગ ટર્મિનલ એક આવશ્યક શરત હતી, જેના પર કરાર પૂર્ણ થયો હોવાનું કહી શકાય તે પહેલાં વાસ્તવમાં લેખિતમાં સંમતિ થવી જરૂરી હતી. વિદેશી પુરવઠા માટે રીસીવિંગ ટ્રિબ્યુનલ એક અપ્રસ્તુત પરિબળ છે અને ટર્મિનલ નિર્દિષ્ટ કરવાનું સામાવાળા માટે હતું તેવા ટ્રિબ્યુનલ દ્વારા પહોંચેલા તારણો સંપૂર્ણપણે ગેરવાજબી, અતાર્કિક અને તમામ તર્કને નેવે મૂકનારા છે. રીસીવિંગ ટર્મિનલના નિર્ધારણને સામાવાળાની કરાર પછીની

જવાબદારી ગણીને ટ્રિબ્યુનલે આ તારણો પર પહોંચવામાં ભૂલ કરી છે, જે કરારના ખોટા અર્થઘટનનું પરિણામ માત્ર છે.

૫૩. ઉપરોક્ત બાબતો સાથે, એવી દલીલ કરવામાં આવી હતી કે કોઈપણ પૂર્ણ થયેલ કરારના અભાવે, પક્ષકારો વચ્ચે કોઈ ભાવ સંમત થયો ન હોવાથી અને તેના નિયંત્રણ બહારના સંજોગોના કારણે સામાવાળા દ્વારા રીસીવિંગ ટર્મિનલ નક્કી કરી શકાયું ન હોવાથી, અથવા પક્ષકારો વચ્ચે સંમત થઈ શક્યું ન હોવાથી, ટ્રિબ્યુનલ દ્વારા પહોંચેલા તારણો અતાર્કિક, અવિવેકી, વિકૃત છે અને એવા છે જે ભારતીય કાયદાની મૂળભૂત જાહેર નીતિની વિરુદ્ધ છે અને આથી, ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ ની પેટા–કલમ (૨) ના દાયરામાં આવે છે.

૫૪. એવી દલીલ કરવામાં આવી હતી કે આર્બિટ્રલ એવોર્ડના ગુણદોષને સ્પર્શ્યા વિના, વિદ્વાન આર્બિટ્રેટર દ્વારા એવું ઠરાવવા માટે આપવામાં આવેલા કારણો કે ત્યાં એક પૂર્ણ થયેલ કરાર હતો અને ખરીદદારે કરારનો ભંગ કર્યો હતો જેના પરિણામે માસ્ટર એગ્રીમેન્ટની ટેક ઓર પે કલમ લાગુ કરવામાં આવી હતી, તે એવા સિવાય બીજું કંઈ નથી જે એવોર્ડને સંપૂર્ણપણે વિકૃત, અતાર્કિક અને મૂળભૂત જાહેર નીતિ વિરુદ્ધ બનાવે છે એટલી હદે કે તે કોર્ટના અંતરાત્માને આંચકો આપે છે, અને તેથી, એવોર્ડના એક્ઝિક્યુશન / અમલીકરણનો ઇનકાર કરવાનો રહે છે.

૫૫. હાલના અરજદાર / અપીલકર્તા તરફેના વિદ્વાન વકીલે વિદ્વાન ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરવામાં આવેલા પુષ્કળ પુરાવાઓનું કોર્ટ સમક્ષ વાંચન કર્યું હતું તેની નોંધ લેતાં, અમલીકરણ કોર્ટે નોંધ્યું હતું કે તે એ હકીકતથી વાકેફ હતી કે તે વિદ્વાન આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા ગુણદોષ પર આપવામાં આવેલા તારણો સામે અપીલમાં બેઠી નથી અને પુરાવાઓની નવેસરથી તપાસ કરવાની કોર્ટ પાસે માંગણી કરતી અરજદારની દલીલો ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ ના અધિકારક્ષેત્રની બહાર હતી. તેમાં એવું પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે પુરાવાઓના સંદર્ભ પર અને આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલા એવોર્ડના ગુણદોષ પર, તે બંને પક્ષકારો એટલે કે અરજદાર તેમજ તેમાંના સામાવાળા બંનેની દલીલોની ગુણદોષ પર તપાસ કરી શકે નહીં.

૫૬. આમ, લવાદ એવોર્ડના ગુણદોષને સ્પર્શ્યા વિના, ૧૯૯૬ ના સદર અધિર્નિયમની કલમ ૪૮ ની મયા  દિત હકૂમત અંતર્ગત ચકાસણીની વ્યાપ્તિને ધ્યાનમાં રાખીને, અમલીકરણ કોર્ટે પેરાગ્રાફ '૭૫' થી '૮૪' [આ ચુકાદાના શરૂઆતના પેરાગ્રાફ (૧ અને ૨) માં ઉદ્ધૃત કરેલ] માં ઠરાવ્યું છે કે વાદગ્રસ્ત એવોર્ડ ભારતીય કાયદાની મૂળભૂત જાહેર નીતિની વિરુદ્ધ હોવાથી તેનો અમલ કરાવી શકાય નહીં અને તે એવો છે કે જે અદાલતના અંતરાત્માને આંચકો આપે છે.

## [૫] <u>અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલની દલીલો:</u>

૫૭. અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી દેવાંગ નાણાવટી ભારપૂર્વક એવી દલીલ કરશે કે કોઈ આખરી થયેલ કરાર અસ્તિત્વમાં હતો કે કેમ તે અંગેનો પ્રશ્ન માત્ર એક મૂળભૂત અપીલમાં જ નક્કી કરી શકાયો હોત જે અંગ્રેજી કાયદા હેઠળ દાખલ કરી શકાઈ હોત. માસ્ટર એગ્રીમેન્ટની કલમો ૨૬ અને ૨૭ મુજબ, જ્યાં સુધી સદર કરાર અને દરેક કન્ફર્મેશન નોટિસનો સંબંધ હતો, તે ઇંગ્લેન્ડ અને વેલ્સના કાયદાઓ દ્વારા શાસિત હતી અને તે મુજબ તેનું અર્થઘટન થવાનું હતું. જ્યારે લંડન કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન રૂલ્સ એ લવાદના શાસક કાયદાઓ હતા.

૫૮. શાસક અંગ્રેજી કાયદા અનુસાર સદર એવોર્ડને પડકારવામાં આવ્યો ન હતો અને સામાવાળાએ અમદાવાદ ખાતેની સિટી સિવિલ કોર્ટ સમક્ષ ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૩૪ હેઠળ એક ગેરસમજભરી અરજી દાખલ કરી હતી જેમાં તેને નામંજૂર કરવા માટે કોડ ઓફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ ના ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળની અરજી ફગાવી દેવામાં આવી હતી. જો કે, સિવિલ રિવિઝન મંજૂર કરવામાં આવી હતી અને રિવિઝનલ કોર્ટના હુકમને પડકારતી સ્પેશિયલ લીવ પિટિશન ફગાવી દેવામાં આવી હતી. આમ, સામાવાળા દ્વારા લવાદ એવોર્ડ સામે ઉઠાવવામાં આવેલ પડકાર સમાપ્ત થઈ ચૂક્યો છે. અપીલકર્તા દ્વારા સિવિલ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી એક્ઝિક્યુશન પિટિશનમાં, આ બાબત હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

૫૯. એવી રજૂઆત છે કે વિદ્વાન સિંગલ જજે લવાદ એવોર્ડનો અમલ કરવાનો ઈનકાર કરતી વખતે એ હકીકત ધ્યાને લેવાનું ચૂકી ગયા છે કે કરારના અર્થઘટન કે કરારની રચના અંગે ગુણદોષની સમીક્ષા, જે સંપૂર્ણપણે આર્બિટ્રિટરની હકૂમતમાં હતી, તે પરવાનગીપાત્ર નથી. સામાવાળાની સંપૂર્ણ સહભાગિતા પછી એવોર્ડ પસાર કરવામાં આવ્યો હતો અને તે એક સર્વસંમત એવોર્ડ છે. શાસક કાયદાઓ હેઠળ ગુણદોષના આધારે એવોર્ડ સામે કોઈ પડકાર ન હોવા છતાં, કલમ ૪૮ હેઠળની અમલીકરણ કાર્યવાહીમાં દખલગીરી ૧૯૯૬ ના અધિનિયમ હેઠળ દખલગીરીની મર્યાદિત વ્યાપ્તિનું ઉલ્લંઘન કરે છે. સદર એવોર્ડ ભારતીય કાયદાની મૂળભૂત નીતિ અથવા નૈતિકતાની મૂળભૂત વિભાવના સાથે સંઘર્ષમાં હોવાના આધાર પર ન્યાયિક દખલગીરીની મર્યાદિત વ્યાપ્તિ ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) ના સ્પષ્ટીકરણ ૨ દ્વારા મર્યાદિત છે. તે સિવાય પણ, ઈન્ડિયન કોન્ટ્રેક્ટ એક્ટ લાગુ કરીને એવોર્ડમાં ચકાસણી કે દખલગીરી પરવાનગીપાત્ર ન હતી.

૬૦. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જે અદાલતમાં વિદેશી એવોર્ડના અમલીકરણની માંગ કરવામાં આવી છે તે અદાલત પક્ષકારો વચ્ચે આખરી થયેલ કરાર હતો તે અંગે વ્યાવસાયિક અસરકારકતાના સંદર્ભમાં આર્બિટ્રિટરના તર્કનું વિશ્લેષણ કરી શકતી નથી. અદાલતની વાણિજ્યિક સૂઝ જોવાની હોતી નથી. આ અદાલતે અપીલમાં જે તપાસવાનું છે તે એ છે કે શું અમલીકરણ કોર્ટ માટે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮

હેઠળ કેસની હકીકતોમાં અથવા કરારને લાગુ પડતા કરાર કાયદા હેઠળ કરાર આખરી થયો હતો કે કેમ તે પ્રશ્ન ધ્યાને લેવો કે તપાસવો પરવાનગીપાત્ર હતો.

૬૧. એવી રજૂઆત છે કે કરારના અર્થઘટન કે રચનાનો પ્રશ્ન કલમ ૪૮ હેઠળ અદાલતની હદની તદ્દન બહાર હતો, જેના માટે સ્વાભાવિક રીતે જ પુરાવાનું પુનઃમૂલ્યાંકન કરવું પડે અને વિદ્વાન આર્બિટ્રેટરના તર્કનું વિશ્લેષણ કરીને સ્વતંત્ર તારણ પર પહોંચવું પડે, જે સંપૂર્ણપણે પ્રતિબંધિત ક્ષેત્ર છે. તે સિવાય પણ, મર્યાદિત તપાસમાં, અદાલત આ પ્રશ્નની તપાસ કરતી હોય તો પણ, તે ઈન્ડિયન કોન્ટ્રેક્ટ એક્ટના સિદ્ધાંતો લાગુ કરી શકી ન હોત.

૬૨. ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) હેઠળ લવાદ એવોર્ડના અમલીકરણનો ઇનકાર કરતી વખતે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ હેઠળ વિદેશી એવોર્ડની તપાસની વ્યાપ્તિ પર, અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલે સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા પ્રવર્તમાન કાયદાનું અમને અવલોકન કરાવ્યું છે.

૬૩. ***ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા વિ. વેદાંત લિમિટેડ (અગાઉ કેર્ન ઈન્ડિયા લિમિટેડ)*** [(૨૦૨૦) ૧૦ એસ.સી.સી. ૧] માં સર્વોચ્ચ અદાલતના ચુકાદાનું પેરાગ્રાફ '૧૧૮' થી '૧૨૧' નો સંદર્ભ આપીને અવલોકન કરાવતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે સર્વોચ્ચ અદાલતે તેમાં

સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે લવાદ એવોર્ડના ગુણદોષ અમલીકરણ કોર્ટ દ્વારા સમીક્ષા માટે ખુલ્લા નથી, કારણ કે તે સીટ કોર્ટના અધિકારક્ષેત્રમાં આવે છે. નિર્ણયની ભૂલો એ વિદેશી એવોર્ડના અમલીકરણનો ઇનકાર કરવા માટે પૂરતું કારણ નથી. આંતરરાષ્ટ્રીય વાણિજ્યિક લવાદોમાં એવોર્ડની આખરીતા અને અમલીકરણ રાજ્યની જાહેર નીતિના આધારે ન્યાયિક હસ્તક્ષેપની મર્યાદાઓ અંગે કાયદાની સુસ્થાપિત સ્થિતિને ધ્યાનમાં લેતાં, કેસની હકીકતોમાં તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે, તેમાં અપીલકર્તાની દલીલ, જેમણે લવાદ કાર્યવાહીના સંચાલનમાં પ્રક્રિયાગત યોગ્ય પ્રક્રિયાનું અથવા પ્રક્રિયાગત નિષ્પક્ષતા, પક્ષકારો પ્રત્યે વાજબી અને સમાન વ્યવહાર, જે લવાદ પ્રક્રિયાની અખંડિતતાનો મૂળભૂત આધાર બનાવે છે, તેના ઉલ્લંઘનનો કેસ સાબિત કર્યો ન હતો, તેઓ એવી દલીલ કરી શકે નહીં કે સદર એવોર્ડ ન્યાયની મૂળભૂત વિભાવનાઓની વિરુદ્ધ હોવાથી તેનો અમલ કરાવી શકાય નહીં.

૬૪. સર્વોચ્ચ અદાલતે તેમાં ઠરાવ્યું હતું કે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ એવોર્ડના ગુણદોષ પર વાસ્તવિક અપીલ પૂરી પાડતી નથી. કલમ ૪૮ હેઠળ હકૂમતનો ઉપયોગ કરતી અમલીકરણ કોર્ટ, કરારની શરતોનું અલગ અર્થઘટન કરીને અમલીકરણનો ઇનકાર કરી શકતી નથી.

૬૫. ***રેણુસાગર પાવર કો. લિમિટેડ વિ. જનરલ ઈલેક્ટ્રિક કો.*** [૧૯૯૪ સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૪૪] માં સર્વોચ્ચ અદાલતના ચુકાદાની

નોંધ લેતાં તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અમલીકરણનો ઇનકાર માત્ર ત્યારે જ કરી શકાય જો તે અમલીકરણ રાજ્યની નૈતિકતા અને ન્યાયની અત્યંત મૂળભૂત વિભાવનાઓનું ઉલ્લંઘન કરતો હોય, જેનું તેમાં એવો અર્થ કરવામાં આવ્યો છે કે અમલીકરણનો ઇનકાર કરવામાં ભારે ખચકાટ હોવો જોઈએ, સિવાય કે તે "ભ્રષ્ટાચાર અથવા છેતરપિંડી, અથવા અયોગ્ય સાધનો" દ્વારા મેળવવામાં આવ્યો હોય.

૬૬. ***વિજય કારિયા અને અન્ય વિ. પ્રિસ્મિયન કેવી ઈ. સિસ્તેમી એસઆરએલ*** [(૨૦૨૦) ૧૧ એસ.સી.સી. ૧] રજૂ કરીને એવી દલીલ કરવામાં આવી હતી કે સર્વોચ્ચ અદાલતે તેમાં ઠરાવ્યું છે કે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ હેઠળ વિદેશી એવોર્ડના અમલીકરણનો ઇનકાર માત્ર ત્યારે જ કરી શકાય જો અમલીકરણનો વિરોધ કરનાર પક્ષકાર અદાલત સમક્ષ એવો પુરાવો રજૂ કરે કે અમલીકરણનો વિરોધ કરવા માટે દર્શાવેલ કારણો પૈકીનું કોઈ કારણ ઉપસ્થિત થાય છે. સદર કારણો અચૂક છે–કારણ કે કલમ ૪૮ બહારનું કોઈ પણ કારણ ધ્યાને લઈ શકાતું નથી.

૬૭. કલમ ૪૮ ની પેટા–કલમ (૨) હેઠળ "મે" શબ્દના ઉપયોગને કારણે લવાદ એવોર્ડના અમલીકરણનો ઇનકાર કરવાની અદાલતની મુનસફી અંગે તેમાં કરવામાં આવેલી દલીલ પર, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે વિદેશી એવોર્ડના અમલીકરણની કાર્યવાહીમાં, કલમ ૪૮ ની પેટા–કલમ (૨) માં દર્શાવેલ કારણો જ માત્ર ધ્યાને લઈ શકાતા હોવાથી, જ્યારે

વાત "ભારતની જાહેર નીતિ" ની આવે છે, ત્યારે કપટ કે ભ્રષ્ટાચારથી પ્રેરિત હોય, અથવા જે ભારતીય કાયદાની મૂળભૂત નીતિનું ઉલ્લંઘન કરતો હોય, અથવા જો તે ન્યાયની નૈતિકતાની મૂળભૂત વિભાવનાઓ સાથે સંઘર્ષમાં હોય તેવા એવોર્ડનો અમલ કરાવવામાં કોઈ મુનસફી રહેશે નહીં.

૬૮. ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ માં "મે" શબ્દપ્રયોગનો અર્થ, સંદર્ભના આધારે, "શેલ" થઈ શકે છે અથવા એવો અર્થ દર્શાવે છે કે તેના વિરોધ માટેના કારણો ઉપસ્થિત થયા હોવા છતાં, વિદેશી એવોર્ડનો અમલ કરાવવા માટે અદાલત પાસે શેષ મુનસફી રહે છે. જે સ્પષ્ટ છે તે એ છે કે આ મુનસફીની વ્યાપ્તિ ચુકાદાના પેરાગ્રાફ '૫૨' થી '૫૮' માં દર્શાવેલ સંજોગો પૂરતી મર્યાદિત છે, જે કિસ્સામાં તેનો અમલ કરાવતી અદાલત દ્વારા સંતુલન સાધવાનું કાર્ય થઈ શકે છે.

૬૯. ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮(૧)(બી) ના અર્થઘટન પર, કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનની દલીલ પર, "પોતાનો કેસ રજૂ કરવામાં અસમર્થ" હોવું એ કુદરતી ન્યાયના ભંગ સાથે સમકક્ષ છે અને જે કુદરતી ન્યાયના *ઓડી અલ્ટરમ પાર્ટમ* નિયમની વ્યાપક લવાદ આવશ્યકતાઓને અનુરૂપ તપાસ કરવા સુધી વિસ્તરે છે, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કલમ ૪૮ નો હેતુ અમુક સુવ્યાખ્યાયિત સંકુચિત અપવાદોને આધીન રહીને વિદેશી એવોર્ડનો અમલ કરાવવાનો છે તે હકીકતને ધ્યાનમાં લેતાં, કલમ ૪૮(૧)(બી) માં આવતા શબ્દપ્રયોગ

"અન્યથા પોતાનો કેસ રજૂ કરવામાં અસમર્થ હતા" ને વ્યાપક અર્થ આપી શકાય નહીં અને સદર શબ્દસમૂહની આગળ આવતા શબ્દોના સંદર્ભ અને સ્વરૂપમાં તેને વાંચવો પડશે.

૭૦. જે કિસ્સામાં કેસના મૂળ સુધી જતી દલીલોનો સામનો કરવાની કોઈ તક આપવામાં આવી ન હોય અથવા પક્ષકારોની પીઠ પાછળ ગયેલા પુરાવા પર આધારિત તારણો હોય અને જેના પરિણામે પક્ષકારના હિતને નુકસાન પહોંચાડીને ન્યાયનો ઈનકાર થતો હોય; અથવા વધારાના કે નવા પુરાવા લેવામાં આવ્યા હોય જે એવોર્ડનો આધાર બને છે જેના પર પક્ષકારને ખંડન કરવાની કોઈ તક આપવામાં આવી ન હોય, તે આપેલ કેસની હકીકતો પર, પક્ષકાર પોતાનો કેસ રજૂ કરવામાં અસમર્થ રહ્યો હોવાના આધારે વિદેશી એવોર્ડને બિન–અમલપાત્ર બનાવી દેશે. જો કે, આ એક શરત સાથે આવવું જોઈએ કે આપેલ કેસની હકીકતો પર આવો ભંગ સ્પષ્ટપણે સાબિત થવો જોઈએ અને કલમ ૪૮ હેઠળ વિદેશી એવોર્ડમાં ન્યૂનતમ દખલગીરી શક્ય હોવાથી, એવોર્ડને રદ કરવાને બદલે માન્ય રાખવાના ઝોક સાથે હંમેશા સમર્થનાત્મક રીતે વાંચવો જોઈએ.

૭૧. સર્વોચ્ચ અદાલતે તેમાં વધુમાં એવું ઠરાવ્યું છે કે જો કોઈ વિદેશી એવોર્ડ બાબતના મૂળ સુધી જતા મહત્વના મુદ્દાને નક્કી કરવામાં નિષ્ફળ જાય અથવા દાવા કે કાઉન્ટર ક્લેઈમનો સંપૂર્ણપણે નિર્ણય કરવામાં નિષ્ફળ જાય, તો તે એવોર્ડ અદાલતના અંતરાત્માને આંચકો આપી શકે છે અને

જાહેર નીતિના ઉલ્લંઘનના આધારે તેનો અમલ કરાવી શકાતો નથી, કારણ કે તે સંજોગોમાં તે આ દેશમાં ન્યાયની અત્યંત મૂળભૂત વિભાવનાનું ઉલ્લંઘન કરશે. તેમ છતાં, તેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે નબળો તર્ક, જેના દ્વારા કોઈ મહત્વપૂર્ણ મુદ્દો અથવા દાવો નકારી કાઢવામાં આવ્યો હોય, તે ક્યારેય કેસોના આ વર્ગમાં આવી શકે નહીં.

૭૨. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેમાં અવલોકન કર્યા મુજબ, ધ્યાનમાં લેવા જેવો સૌથી મહત્વનો મુદ્દો એ છે કે વિદેશી એવોર્ડને સમગ્રતયા, નિષ્પક્ષપણે અને છીદ્રાન્વેષણ વિના વાંચવો જોઈએ. જો સમગ્રતયા વાંચવામાં આવે અને જો સદર એવોર્ડે પક્ષકારો દ્વારા ઉઠાવવામાં આવેલા મૂળભૂત મુદ્દાઓને સંબોધિત કર્યા હોય અને પક્ષકારોના દાવાઓ અને કાઉન્ટર ક્લેઇમ્સનો સારાંશરૂપે નિર્ણય કર્યો હોય, તો અમલીકરણ થવું જ જોઈએ.

૭૩. ***વિજય કારિયા અને અન્ય*** [(૨૦૨૦) ૧૧ એસ.સી.સી. ૧] ના પેરાગ્રાફ '૧૧૨' માં કરાયેલા અવલોકનોનો ઉપયોગ એ રજૂઆત કરવા માટે કરવામાં આવ્યો હતો કે સદર સિદ્ધાંતો લાગુ કરતાં, જો પ્રસ્તુત કેસમાં એવોર્ડને સમગ્રતયા વાંચવામાં આવે, તો કોઈ દખલગીરી માન્ય ન હતી.

૭૪. ***એલએમજે ઇન્ટરનેશનલ લિમિટેડ વિ. સ્લીપવેલ ઇન્ડસ્ટ્રીઝ કંપની લિમિટેડ*** [(૨૦૧૯) ૫ એસ.સી.સી. ૩૦૨] માં સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો પેરાગ્રાફ '૨૦' અમારી સમક્ષ એ દલીલ કરવા માટે મૂકવામાં

આવ્યો છે કે પ્રસ્તુત કેસમાં, લવાદ ટ્રિબ્યુનલે બાબતના તમામ પાસાઓને ધ્યાનમાં લીધા છે અને જો એક ક્ષણ માટે સ્વીકારી લેવામાં આવે કે તેણે કોઈ ભૂલ કરી છે, તો પણ તે વધુમાં વધુ અંગ્રેજી કાયદા હેઠળ પરવાનગીપાત્ર કારણોસર અપીલ દ્વારા સુધારણાની બાબત હોઈ શકે છે, જેના દ્વારા લવાદ કાર્યવાહી શાસિત થાય છે, જેનો આશરો લેવામાં આવ્યો નથી. તેથી હાલની અપીલ મંજૂર થવાને પાત્ર છે.

૭૫. ભારતીય કાયદા હેઠળ ઉપલબ્ધ કારણોસર વિદેશી એવોર્ડની માન્યતા અને અમલીકરણનો ઇનકાર કરવાની સંકુચિત વ્યાપ્તિ પર દલીલ કરવા માટે ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** [૧૯૯૪ સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૪૪] ના પેરાગ્રાફ '૬૬' પર આધાર રાખવામાં આવ્યો છે.

૭૬. ***જેમિની બે ટ્રાન્સક્રિપ્શન પ્રાઈવેટ લિમિટેડ વિ. ઈન્ટિગ્રેટેડ સેલ્સ સર્વિસ લિમિટેડ અને અન્ય*** [(૨૦૨૨) ૧ એસ.સી.સી. ૭૫૩] માં સર્વોચ્ચ અદાલતના નિર્ણય પર એ રજૂઆત કરવા માટે આધાર રાખવામાં આવ્યો છે કે વિદેશી એવોર્ડ કરાર હેઠળના કોઈ વિદેશી દેશના મૂળભૂત કાયદાનું ઉલ્લંઘન કર્યું છે તેવા આધાર પર કલમ ૪૮ હેઠળ તેને રદબાતલ ઠેરવી શકાય નહીં.

૭૭. ***શ્રી લાલ મહલ લિમિટેડ*** વિ. પ્રોજેત્તો ગ્રાનો એસપીએ [(૨૦૧૪) ૨ એસ.સી.સી. ૪૩૩] રજૂ કરીને એવી દલીલ કરવામાં આવી હતી કે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ એવોર્ડ અમલીકરણના તબક્કે

વિદેશી એવોર્ડ પર "પુનઃ વિચારણા" કરવાની તક આપતી નથી. કલમ ૪૮ હેઠળની તપાસની વ્યાપ્તિ વિદેશી એવોર્ડની ગુણદોષ પર સમીક્ષા કરવાની પરવાનગી આપતી નથી.

૭૮. ***શ્રી લાલ મહલ લિમિટેડ*** [(૨૦૧૪) ૨ એસ.સી.સી. ૪૩૩] અને ***એવિટેલ પોસ્ટ સ્ટુડિયોઝ લિમિટેડ અને અન્ય વિ. એચએસબીસી પીઆઈ હોલ્ડિંગ્સ (મોરિશિયસ) લિમિટેડ*** [૨૦૨૪ એસ.સી.સી. ઓનલાઇન એસ.સી. ૩૪૫] પર આધાર રાખીને એવી દલીલ કરવામાં આવી હતી કે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૩૪(૨)(બી)(૨) અને કલમ ૪૮(૨)(બી) બંનેમાં "ભારતની જાહેર નીતિ" શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જો કે, કલમ ૪૮(બી) ના હેતુ માટે "ભારતની જાહેર નીતિ" ના સિદ્ધાંતનો અમલ વધુ મર્યાદિત છે.

૭૯. ***ઓપીજી પાવર જનરેશન પ્રાઈવેટ લિમિટેડ*** વિ. એનેક્સિઓ પાવર કૂલિંગ સોલ્યુશન્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને અન્ય [(૨૦૨૫) ૨ એસ.સી.સી. ૪૧૨] રજૂ કરીને એવી દલીલ કરવામાં આવી હતી કે ભારતીય કાયદાની મૂળભૂત નીતિનું કોઈ ઉલ્લંઘન છે કે કેમ તે અંગેની કસોટીમાં વિવાદના ગુણદોષ પર સમીક્ષાનો સમાવેશ થશે નહીં.

૮૦. ***ક્રુઝ સિટી ૧ મોરિશિયસ હોલ્ડિંગ્સ વિ. યુનિટેક લિમિટેડ*** [૨૦૧૭ એસ.સી.સી. ઓનલાઇન દિલ્હી ૭૮૧૦] રજૂ કરીને એવી દલીલ કરવામાં

આવી હતી કે કોઈ કાયદાની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન એ ભારતીય કાયદાની મૂળભૂત નીતિના ઉલ્લંઘનનું સમાનાર્થી નથી.

૮૧. *સ્વાન ગોલ્ડ માઈનિંગ લિમિટેડ વિ. હિન્દુસ્તાન કોપર લિમિટેડ* [(૨૦૧૫) ૫ એસ.સી.સી. ૭૩૯] માં સર્વોચ્ચ અદાલતના નિર્ણયની સહાયથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે આર્બિટ્રિટર હકીકતોના આખરી ન્યાયાધીશ છે અને આર્બિટ્રિટર દ્વારા કરારની શરતોનું યોગ્ય રીતે અર્થઘટન કરવામાં આવ્યું ન હતું તેવા કારણોસર હકીકતોના તારણોમાં દખલગીરી કરી શકાતી નથી.

૮૨. પોતાની દલીલોનો ઉપસંહાર કરતાં, અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા ભારપૂર્વક એવી રજૂઆત કરવામાં આવી હતી કે ભારતના સંહિતાબદ્ધ કાયદા કે ઘડાયેલા કાનૂનનું માત્ર ઉલ્લંઘન એ લવાદ એવોર્ડમાં દખલગીરી કરવાનું કારણ નથી. કરારનો મૂળભૂત કાયદો અંગ્રેજી કાયદો હોવાથી અને અંગ્રેજી કાયદા હેઠળ કોઈ અપીલ દાખલ કરવામાં આવી ન હોવાથી, અમલીકરણ કોર્ટ કોઈ આખરી થયેલ કરાર હતો તેવું ઠરાવવા માટે આર્બિટ્રિટર દ્વારા મૂલ્યાંકન કરાયેલા તર્ક અથવા પુરાવાનું પુનઃમૂલ્યાંકન કરીને ગુણદોષ પર પોતાનો દ્રષ્ટિકોણ મૂકી શકી ન હોત.

૮૩. લવાદ ટ્રિબ્યુનલે કાયદા અને હકીકતોના મિશ્ર પ્રશ્નોનો નિર્ણય કર્યો છે અને અમલીકરણ કોર્ટ એવું કોઈ કારણ દર્શાવવામાં સક્ષમ રહી નથી કે

ટ્રિબ્યુનલનો અભિપ્રાય સંભવિત અભિપ્રાય ન હતો અથવા એવો છે કે જે અદાલતના અંતરાત્માને આંચકો આપે છે.

૮૪. કલમ ૪૮ ગુણદોષ પરની સમીક્ષા પર પ્રતિબંધ મૂકે છે અને ભારતની મૂળભૂત નીતિના ઉલ્લંઘનની વ્યાપ્તિ એવી છે કે ભૂલ ભારતીય કાયદાના મુખ્ય મૂલ્ય સુધી જતી હોવી જોઈએ અને વિકૃતિ વિવાદના મુખ્ય આધારબિંદુ, કેસના મૂળ સુધી જતી હોવી જોઈએ. પ્રસ્તુત કેસમાં સામાવાળા દ્વારા આ કારણો પૈકીનું કોઈ પણ કારણ ઉપસ્થિત કરી શકાયું ન હતું અને વ્યાવસાયિક અસરકારકતાને ધ્યાનમાં રાખીને વિદ્વાન આર્બિટ્રેટર દ્વારા કરાયેલ કરારનું અર્થઘટન અમલીકરણ અદાલતની વાણિજ્યિક સૂઝ લાગુ કરીને સમીક્ષા માટે ખુલ્લું ન હતું. આમ, એવી રજૂઆત છે કે આ અદાલતના વિદ્વાન સિંગલ જજ દ્વારા ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮(૨) હેઠળ વિદેશી એવોર્ડનો અમલ કરવાનો ઈનકાર કરતો હુકમ તેની સાથે જોડાયેલા સ્પષ્ટીકરણ ૨ થી સીધો જ બાધિત થાય છે. તેથી, અમલીકરણ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ હુકમને કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરીને આ અપીલ મંજૂર થવાને પાત્ર છે.

## [૬] <u>સામાવાળા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલની દલીલો:</u>

૮૫. સામાવાળા તરફે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મિહિર જોશી લવાદ એવોર્ડમાં દખલગીરીના કાનૂની સિદ્ધાંતો પર એવી દલીલ કરશે કે હાલનો

કેસ ૨૦૧૬ ના અધિનિયમ નં. ૩ દ્વારા તારીખ ૨૩.૧૦.૨૦૧૫ થી અમલમાં આવેલા ૧૯૯૬ ના સદર અધિનિયમના સુધારા–પૂર્વેના શાસનકાળ સાથે સંબંધિત છે, જેના દ્વારા ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ સાથે મૂળ રીતે જોડાયેલા સ્પષ્ટીકરણના સ્થાને કલમ ૪૮ ની પેટા–કલમ (૨) નું સ્પષ્ટીકરણ ૨ કાનૂન પર લાવવામાં આવ્યું હતું.

૮૬. એવી રજૂઆત છે કે સદર એવોર્ડ વર્ષ ૨૦૦૯ માં આપવામાં આવ્યો હતો અને કલમ ૪૮ હેઠળ એવોર્ડના અમલીકરણની માંગ કરતી અરજી વર્ષ ૨૦૧૪ માં દાખલ કરવામાં આવી હતી. કલમ ૪૮ નું અસુધારિત સ્પષ્ટીકરણ અલગ ભાષામાં રચાયેલું હતું. એ પણ નોંધવું યોગ્ય છે કે એવોર્ડના અમલીકરણ માટેની અરજી સિટી સિવિલ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી, જેની કોઈ હકૂમત ન હતી અને ટ્રાન્સફર થયા પછી, તે હાઈકોર્ટમાં તારીખ ૧૬.૦૩.૨૦૧૭ ના રોજ નોંધવામાં આવી હતી.

૮૭. ભલે ગમે તે હોય, ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** [૧૯૯૪ સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૪૪] માં સર્વોચ્ચ અદાલતના નિર્ણય તરફ અદાલતનું ધ્યાન દોરતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે વિદેશી એવોર્ડના અમલીકરણનો ઈનકાર જાહેર નીતિની વિરુદ્ધ હોવાના આધારે કરી શકાય છે જો આવું અમલીકરણ (૧) ભારતીય કાયદાની મૂળભૂત નીતિ; (૨) ભારતના હિત; અને (૩) ન્યાય અથવા નૈતિકતા ની વિરુદ્ધ હોય.

૮૮. ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** [૧૯૯૪ સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૪૪] થી શરૂ કરીને કાયદાના વિકાસનું અમને અવલોકન કરાવતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે ***ઓએનજીસી વિ. સો પાઈપ્સ લિમિટેડ*** [(૨૦૦૩) ૫ એસ.સી.સી. ૭૦૫] એ જાહેર નીતિમાં પ્રત્યક્ષ ગેરકાયદેસરતા ઉમેરી છે. જો કે, ***શ્રી લાલ મહલ લિમિટેડ*** [(૨૦૧૪) ૨ એસ.સી.સી. ૪૩૩] એ ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** [૧૯૯૪ સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૪૪] નો સંદર્ભ આપીને ઠરાવ્યું છે કે ધ ફોરેન એવોર્ડ્સ (રેકગ્નિશન એન્ડ એન્ફોર્સમેન્ટ) એક્ટ, ૧૯૬૧ ની કલમ ૭(૧)(બી)(૨) ના સંદર્ભમાં ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** માં જે જણાવવામાં આવ્યું છે તે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮(૨)(બી) ની વ્યાપ્તિના ક્ષેત્રને સમાન રીતે લાગુ પડવું જોઈએ. ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** ને અનુસરીને તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કલમ ૪૮(૨)(બી) ના હેતુઓ માટે, "ભારતની જાહેર નીતિ" શબ્દપ્રયોગને સંકુચિત અર્થ આપવો જોઈએ અને જો વિદેશી એવોર્ડ ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** માં ગણાવેલી ત્રણ શ્રેણીઓમાંથી કોઈ એક હેઠળ આવતો હોય તો તે ભારતની જાહેર નીતિની વિરુદ્ધ હોવાના આધારે તેનો અમલ કરવાનો ઈનકાર કરવામાં આવશે.

૮૯. ***શ્રી લાલ મહલ લિમિટેડ*** [(૨૦૧૪) ૨ એસ.સી.સી. ૪૩૩] માં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે કલમ ૩૪(૨)(બી)(૩) અને કલમ ૪૮(૩)(બી) બંનેમાં "ભારતની જાહેર નીતિ" શબ્દપ્રયોગનો ઉપયોગ

કરવામાં આવ્યો છે અને બંને કલમોમાં "ભારતની જાહેર નીતિ" નો ખ્યાલ સ્વરૂપમાં સમાન છે, પરંતુ જ્યાં સુધી આ બંને કલમોનો સંબંધ છે ત્યાં સુધી તેના અમલમાં માત્રાનો તફાવત છે. દેશી લવાદ એવોર્ડના સંદર્ભમાં આ જ શબ્દપ્રયોગના અમલ કરતાં કલમ ૪૮(૨)(બી) ના હેતુઓ માટે "ભારતની જાહેર નીતિ" ના સિદ્ધાંતનો અમલ વધુ મર્યાદિત છે. આમ, એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮(૨)(બી) હેઠળની તપાસની વ્યાપ્તિ સમજવા માટે ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** [૧૯૯૪ સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૪૪] લાગુ થવું જોઈએ અને ***સો પાઈપ્સ લિમિટેડ*** [(૨૦૦૩) ૫ એસ.સી.સી. ૭૦૫] માં કલમ ૩૪(૨)(બી)(૨) માં આવતા "ભારતની જાહેર નીતિ" શબ્દપ્રયોગને અપાયેલો વ્યાપક અર્થ કલમ ૪૮(૨)(બી) હેઠળ વિદેશી એવોર્ડના અમલીકરણ સામે ઉઠાવવામાં આવેલા વાંધાને લાગુ પડતો નથી.

૯૦. તારીખ ૨૫.૧૧.૨૦૧૪ ના રોજ નિર્ણિત ***એસોસિએટ બિલ્ડર્સ વિ. ડીડીએ*** [(૨૦૧૫) ૩ એસ.સી.સી. ૪૯] માં, ***ઓએનજીસી વિ. વેસ્ટર્ન ગેકો ઈન્ટરનેશનલ લિમિટેડ*** [(૨૦૧૪) ૯ એસ.સી.સી. ૨૬૩] નો ઉલ્લેખ કરીને "ભારતની મૂળભૂત નીતિ" પર ભારતની જાહેર નીતિની વિરુદ્ધ હોવાના આધાર પર એવોર્ડ રદ કરવા માટે ***સો પાઈપ્સ લિમિટેડ*** [(૨૦૦૩) ૫ એસ.સી.સી. ૭૦૫] માં સમાવિષ્ટ દરેક હેડ્સનું વિસ્તરણ

કરતાં, પેરાગ્રાફ નં. '૨૭', '૨૮', '૨૯', '૩૦', '૩૧', '૩૨', '૩૩' અને '૩૪' માં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:

"૨૭. *સો પાઈપ્સ* [(૨૦૦૩) ૫ એસ.સી.સી. ૭૦૫ : એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી. ૨૬૨૯] ચુકાદામાં સમાવિષ્ટ દરેક હેડ્સ પર આવતાં, અમે સૌ પ્રથમ "ભારતીય કાયદાની મૂળભૂત નીતિ" ના હેડ પર વિચાર કરીશું. રેણુસાગર [*રેણુસાગર પાવર કો. લિમિટેડ વિ. જનરલ ઈલેક્ટ્રિક કો.*, ૧૯૯૪ સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૪૪] ચુકાદા પરથી અગાઉ જોવામાં આવ્યું છે કે ફોરેન એક્સચેન્જ એક્ટનું ઉલ્લંઘન અને ભારતમાં વડી અદાલતોના હુકમોની અવગણના કરવી એ ભારતીય કાયદાની મૂળભૂત નીતિની વિરુદ્ધ ગણવામાં આવશે. તેમાં એ ઉમેરી શકાય કે વડી અદાલતના ચુકાદાની બંધનકર્તા અસરની અવગણના કરવી એ પણ સમાન રીતે ભારતીય કાયદાની મૂળભૂત નીતિનું ઉલ્લંઘન કરનારું બનશે.

"૨૮. એક તાજેતરના ચુકાદા, ઓએનજીસી લિમિટેડ વિ. *વેસ્ટર્ન ગેકો ઈન્ટરનેશનલ લિમિટેડ* [(૨૦૧૪) ૯ એસ.સી.સી. ૨૬૩ : (૨૦૧૪) ૫ એસ.સી.સી. (સિવિલ) ૧૨] માં, આ અદાલતે અન્ય ત્રણ અલગ અને મૂળભૂત ન્યાયશાસ્ત્રીય સિદ્ધાંતો ઉમેર્યા છે જેને ભારતીય કાયદાની મૂળભૂત નીતિના અભિન્ન અંગ તરીકે સમજવા જ જોઈએ. અદાલતે ઠરાવ્યું : (એસ.સી.સી. પાના ૨૭૮–૮૦, પેરા ૩૫ અને ૩૮–૪૦)"

"૩૫. તો પછી 'ભારતીય કાયદાની મૂળભૂત નીતિ' શું બનશે તે પ્રશ્ન છે. ઓ.એન.જી.સી. [(૨૦૦૩) ૫ એસ.સી.સી. ૭૦૫ : એ.આઇ.આર. ૨૦૦૩ એસ.સી. ૨૬૨૯] ના ચુકાદામાં તે પાસાની વિગતવાર ચર્ચા કરવામાં આવી નથી. તેમ છતાં, અમારા મતે, આ શબ્દપ્રયોગમાં આ દેશમાં ન્યાય પ્રશાસન અને કાયદાના અમલીકરણ માટે આધાર પૂરા પાડતા હોય તેવા તમામ મૂળભૂત સિદ્ધાંતોનો સમાવેશ થવો જ જોઇએ. 'ભારતીય કાયદાની મૂળભૂત નીતિ' શબ્દપ્રયોગના તાત્પર્યની સંપૂર્ણ ગણતરી કરવાનો ઈરાદો રાખ્યા વિના, અમે ત્રણ અલગ અને મૂળભૂત ન્યાયિક સિદ્ધાંતોનો ઉલ્લેખ કરી શકીએ છીએ જેને અનિવાર્યપણે ભારતીય કાયદાની મૂળભૂત નીતિના અભિન્ન અંગ તરીકે સમજવા જોઇએ. સૌથી પહેલો અને અગ્રણી સિદ્ધાંત એ છે કે અદાલત કે અન્ય સત્તાતંત્ર દ્વારા કરવામાં આવતા દરેક નિર્ણાયક નિર્ધારણમાં, જે નાગરિકના અધિકારોને અસર કરતો હોય અથવા કોઇ દીવાની પરિણામો તરફ દોરી જતો હોય, સંબંધિત અદાલત કે સત્તાતંત્ર આ બાબતમાં જેને કાયદાકીય પરિભાષામાં 'ન્યાયિક અભિગમ' કહેવામાં આવે છે તે અપનાવવા માટે બંધાયેલ છે. ન્યાયિક અભિગમ અપનાવવાની ફરજ અદાલત કે સત્તાતંત્ર દ્વારા વાપરવામાં આવતી સત્તાના મૂળ સ્વરૂપમાંથી જ ઉદ્‌ભવે છે, અને તે સંબંધિત ફોરમ પર અલગથી કે વધારામાં લાદવાની રહેતી નથી. જે બાબત યાદ રાખવી જરૂરી છે તે એ છે કે ન્યાયિક અને અર્ધન્યાયિક નિર્ણયોમાં ન્યાયિક અભિગમનું મહત્વ એ હકીકતમાં રહેલું છે કે જ્યાં સુધી

અદાલત, ટ્રિબ્યુનલ કે પોતાની સમક્ષના પક્ષકારોના અધિકારો કે જવાબદારીઓને અસર કરતી સત્તાઓનો ઉપયોગ કરતું સત્તાતંત્ર ન્યાયિક અભિગમ પ્રત્યે વફાદારી દર્શાવે છે, ત્યાં સુધી તેઓ મનસ્વી, લહેરી કે તરંગી રીતે કામ કરી શકતા નથી. ન્યાયિક અભિગમ એ સુનિશ્ચિત કરે છે કે સત્તાતંત્ર શુદ્ધબુદ્ધિપૂર્વક કામ કરે અને વિષયવસ્તુ સાથે ન્યાયી, વ્યાજબી અને નિષ્પક્ષ રીતે વ્યવહાર કરે તથા તેનો નિર્ણય કોઇપણ અસંગત બાબતથી પ્રેરિત ન હોય. તે અર્થમાં ન્યાયિક અભિગમ એવી ક્ષતિઓ અને ખામીઓ સામે નિયંત્રણ તરીકે કામ કરે છે કે જે અદાલત, ટ્રિબ્યુનલ કે સત્તાતંત્રના નિર્ણયને પડકારવા પાત્ર બનાવી શકે છે.

***

૩૮. ભારતીય કાયદાની નીતિ માટે તેટલો જ મહત્વપૂર્ણ અને વાસ્તવમાં મૂળભૂત સિદ્ધાંત એ છે કે અદાલત અને તે જ રીતે અર્ધન્યાયિક સત્તાતંત્રે પોતાની સમક્ષના પક્ષકારોના અધિકારો અને જવાબદારીઓ નક્કી કરતી વખતે, કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસાર તેમ કરવું જોઇએ. પ્રખ્યાત *ઓડી અલ્ટરમ પાર્ટમ* નિયમ ઉપરાંત કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું એક પાસું એ છે કે બાબતનો નિર્ણય કરનાર અદાલત/સત્તાતંત્રે આ કે તે રીતે અભિપ્રાય બાંધતી વખતે તેની સાથે સંકળાયેલી હકીકતો અને સંજોગો તરફ પોતાનું મન લગાવવું જોઇએ. મન ન લગાવવું (વિચાર ન કરવો) એ એક એવી ખામી છે જે કોઇપણ ન્યાયનિર્ણય માટે ઘાતક છે. મન

લગાવવાની શ્રેષ્ઠ સાબિતી મનનું પ્રગટીકરણ છે અને મનનું પ્રગટીકરણ શ્રેષ્ઠ રીતે અદાલત કે સત્તાતંત્ર જે નિર્ણય લઈ રહ્યું છે તેના સમર્થનમાં કારણો નોંધીને થાય છે. નિર્ણાયક સત્તાતંત્રે પોતાનું મન લગાવવું જોઈએ તેવી આવશ્યકતા, તે દૃષ્ટિએ, આપણા ન્યાયશાસ્ત્રમાં એટલી ઊંડે સુધી જડાયેલી છે કે તેને ભારતીય કાયદાની મૂળભૂત નીતિ તરીકે વર્ણવી શકાય છે.

૩૯. વહીવટી કાયદામાં હિતકારી ન્યાયિક મૂળભૂત સિદ્ધાંત તરીકે હવે માન્યતા પ્રાપ્ત સિદ્ધાંત પણ એટલો જ મહત્વપૂર્ણ છે કે એવો નિર્ણય જે વિકૃત હોય અથવા એટલો અતાર્કિક હોય કે કોઈપણ સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિ તેવા નિર્ણય પર પહોંચી ન શકે, તે અદાલતમાં ટકી શકશે નહીં. નિર્ણયોની વિકૃતતા કે અતાર્કિકતાની ચકાસણી વેડન્સબરી [*એસોસિએટેડ પ્રોવિન્શિયલ પિક્ચર હાઉસીસ લિમિટેડ* વિ. વેડન્સબરી કોર્પોરેશન, (૧૯૪૮) ૧ કે.બી. ૨૨૩ : (૧૯૪૭) ૨ ઓલ ઈ.આર. ૬૮૦ (સી.એ.)] ના વ્યાજબીપણાના સિદ્ધાંતની એરણ પર કરવામાં આવે છે. વ્યાજબીપણાના માપદંડોમાં ઊણા ઊતરતા નિર્ણયો અદાલતમાં પડકારવા પાત્ર બને છે, ઘણીવાર ઉપલી અદાલતોની રિટ હકુમત હેઠળ, પરંતુ જ્યાં પણ ઉપલબ્ધ હોય ત્યાં વૈધાનિક પ્રક્રિયાઓમાં પણ તેટલા જ પડકારવા પાત્ર છે.

૪૦. ભારતીય કાયદાની મૂળભૂત નીતિ શું ગણાશે તેની સંપૂર્ણ ગણતરી કરવાનો પ્રયાસ કરવો અમારા માટે જરૂરી કે યોગ્ય નથી અને આ શબ્દપ્રયોગને વ્યાખ્યાના ચોક્કસ ચોકઠામાં બાંધવો પણ શક્ય નથી. હાલના કેસના સંદર્ભમાં જે મહત્વનું છે તે એ છે કે જો પોતાની સમક્ષ સાબિત થયેલી હકીકતો પરથી લવાદીઓ એવું અનુમાન તારવવામાં નિષ્ફળ જાય કે જે તારવવું જોઇતું હતું અથવા જો તેઓએ એવું અનુમાન તારવ્યું હોય કે જે પ્રથમદર્શનીય રીતે જ અસમર્થનીય હોય અને જેના પરિણામે ન્યાયની નિષ્ફળતા ઊભી થતી હોય, તો ચુકાદાઓ આપવામાં નોંધપાત્ર છૂટછાટ અને અનુકૂળતા ભોગવતી આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા આવો ન્યાયનિર્ણય કરવામાં આવ્યો હોય તો પણ તે પડકારવા પાત્ર રહેશે અને વાંધાજનક ભાગ બાકીના ભાગથી અલગ કરી શકાય તેવો છે કે નહીં તેના આધારે તેને બાજુ પર મૂકી શકાય છે અથવા સુધારી શકાય છે."

૨૯. એ સ્પષ્ટ છે કે "ન્યાયિક અભિગમ"નો ન્યાયશાસ્ત્રીય સિદ્ધાંત એવી માંગ કરે છે કે નિર્ણય ન્યાયી, વ્યાજબી અને નિષ્પક્ષ હોવો જોઇએ. બીજી બાજુ, મનસ્વી અને તરંગી હોય તેવી કોઇપણ બાબત દેખીતી રીતે જ એવો નિર્ધારણ ન હોઇ શકે કે જે ન્યાયી, વ્યાજબી કે નિષ્પક્ષ હોય.

૩૦. *ઓડી અલ્ટરમ પાર્ટમ* સિદ્ધાંત, જે નિઃશંકપણે ભારતીય કાયદામાં એક મૂળભૂત ન્યાયિક સિદ્ધાંત છે, તે આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિએશન

એક્ટની કલમ ૧૮ અને ૩૪(૨)(એ)(૩) માં પણ સમાવિષ્ટ છે. આ કલમો નીચે મુજબ વંચાય છે:

"**૧૮.** ***પક્ષકારો પ્રત્યે સમાન વ્યવહાર.***—પક્ષકારો સાથે સમાનતાપૂર્વક વ્યવહાર કરવામાં આવશે અને દરેક પક્ષકારને પોતાનો કેસ રજૂ કરવાની સંપૂર્ણ તક આપવામાં આવશે.

***૩૪. લવાદ ચુકાદો રદ કરવા માટેની અરજી.***—

*(૧)* ***

(૨) અદાલત દ્વારા લવાદ ચુકાદો ત્યારે જ રદ કરી શકાય જો—

(એ) અરજી કરનાર પક્ષકાર એવો પુરાવો રજૂ કરે કે— ***

(૩) અરજી કરનાર પક્ષકારને લવાદની નિમણૂક અંગે અથવા લવાદ કાર્યવાહી અંગે યોગ્ય નોટિસ આપવામાં આવી ન હતી અથવા તે અન્યથા પોતાનો કેસ રજૂ કરવામાં અસમર્થ હતો;"

૩૧. ત્રીજો ન્યાયિક સિદ્ધાંત એ છે કે જે નિર્ણય વિકૃત હોય અથવા એટલો અતાર્કિક હોય કે કોઈપણ સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિ તેવા નિર્ણય પર ન પહોંચી શકે તે મહત્વપૂર્ણ છે અને અમુક અંશે સમજૂતી માંગી લે છે. તે પ્રસ્થાપિત કાયદો છે કે જ્યાં:

(૧) તારણ કોઈપણ પુરાવા વિનાનું હોય, અથવા

(૨) આર્બિટ્રલ ટ્રિબ્યુનલ પોતે જે નિર્ણય પર પહોંચે છે તેની સાથે અસંગત હોય તેવી બાબતને ધ્યાને લે; અથવા

(૩) પોતાના નિર્ણય પર પહોંચવામાં મહત્વપૂર્ણ પુરાવાને અવગણે, ત્યારે આવો નિર્ણય અનિવાર્યપણે વિકૃત ગણાશે.

૩૨. વિકૃતતાની એક સારી કાર્યકારી કસોટી બે ચુકાદાઓમાં સમાવિષ્ટ છે. એક્સાઇઝ એન્ડ ટેક્સેશન ઓફિસર–કમ–એસેસિંગ ઓથોરિટી વિ. ગોપી નાથ એન્ડ સન્સ [૧૯૯૨ સપ્લિ. (૨) એસ.સી.સી. ૩૧૨] માં ઠરાવવામાં આવ્યું હતું: (એસ.સી.સી. પાનું ૩૧૭, ફકરો ૭)

"૭. ... તેમાં કોઈ શંકા નથી કે એ સાચું છે કે જો હકીકતનું તારણ સંબંધિત સામગ્રીને અવગણીને કે બાકાત રાખીને અથવા અસંગત સામગ્રીને ધ્યાનમાં લઈને કાઢવામાં આવ્યું હોય અથવા જો તારણ તર્કને એટલી હદે ખુલ્લેઆમ નકારતું હોય કે તે અતાર્કિકતાના દોષથી પીડાતું હોય અને વિકૃત હોવાનો આક્ષેપ વહોરી લેતું હોય, તો તે તારણ કાયદાની દૃષ્ટિએ ક્ષતિપૂર્ણ બને છે."

કુલદીપ સિંહ વિ. કમિશનર ઓફ પોલીસ [(૧૯૯૯) ૨ એસ.સી.સી. ૧૦ : ૧૯૯૯ એસ.સી.સી. (એલ.&એસ.) ૪૨૯] માં ઠરાવવામાં આવ્યું હતું: (એસ.સી.સી. પાનું ૧૪, ફકરો ૧૦)

"૧૦. તેથી, જે નિર્ણયો વિકૃત છે અને જે વિકૃત નથી તે વચ્ચે મોટો તફાવત જાળવવો પડશે. જો કોઈ નિર્ણય કોઈપણ પુરાવા વિના અથવા તદ્દન અવિશ્વસનીય પુરાવા પર આધારિત હોય અને કોઈપણ વ્યાજબી વ્યક્તિ તેના પર વિશ્વાસ ન કરે, તો તે હુકમ વિકૃત ગણાશે. પરંતુ જો રેકર્ડ પર એવો કોઈ પુરાવો હોય કે જે સ્વીકાર્ય હોય અને જેના પર વિશ્વાસ રાખી શકાય તેમ હોય, ભલે તે ગમે તેટલો સંક્ષિપ્ત હોય, તો તે તારણોને વિકૃત ગણવામાં આવશે નહીં અને તે તારણોમાં દખલ કરવામાં આવશે નહીં."

૩૩. એ સ્પષ્ટપણે સમજવું જોઈએ કે જ્યારે અદાલત લવાદ ચુકાદા પર "જાહેર નીતિ" ની કસોટી લાગુ કરતી હોય, ત્યારે તે અપીલની અદાલત તરીકે કામ કરતી નથી અને પરિણામે હકીકતની ભૂલો સુધારી શકાતી નથી. હકીકતો પર લવાદ દ્વારા લેવાયેલો સંભવિત અભિપ્રાય અનિવાર્યપણે સ્વીકાર્ય બનવો જ જોઈએ કારણ કે જ્યારે લવાદ પોતાનો લવાદ ચુકાદો આપે છે ત્યારે જેના પર આધાર રાખવાનો હોય તેવા પુરાવાની ગુણવત્તા અને જથ્થાનો આખરી નિર્ણયકર્તા લવાદ પોતે જ છે. આમ, અલ્પ પુરાવા પર અથવા પ્રશિક્ષિત કાયદાકીય મગજની ગુણવત્તાના માપદંડમાં ન બેસતા પુરાવા પર આધારિત ચુકાદો આ બાબતે અમાન્ય ઠેરવી શકાય નહીં [ઘણીવાર લવાદ એક સામાન્ય વ્યક્તિ હોય છે જે કાયદામાં પ્રશિક્ષિત હોવું જરૂરી નથી. લોર્ડ મેન્સફિલ્ડ, એક પ્રખ્યાત અંગ્રેજ ન્યાયાધીશ, તેમણે એકવાર જમૈકામાં એક ઉચ્ચ લશ્કરી

અધિકારીને જેમને ન્યાયાધીશ તરીકે કામ કરવાની જરૂર હતી તેમને નીચે મુજબ સલાહ આપી હતી: "જનરલ, તમારી પાસે સ્વસ્થ મગજ અને સારું હૃદય છે; હિંમત રાખો અને તમે તમારા વ્યવસાયમાં, ઈક્વિટી કોર્ટમાં ખૂબ સારું કામ કરશો. મારી સલાહ એ છે કે તમારા હુકમનામા તમારા મગજ અને હૃદયના આદેશ મુજબ બનાવો, બંને પક્ષોને ધીરજપૂર્વક સાંભળો, તમે જે શ્રેષ્ઠ રીતે કરી શકો તે રીતે દ્રઢતા સાથે નિર્ણય લો; પરંતુ સાવચેત રહો કે તમારા કારણો ન આપો, કારણ કે તમારો નિર્ણય મૂળભૂત રીતે સાચો હોઈ શકે છે, ભલે તમારા કારણો ખૂબ ખરાબ અથવા અનિવાર્યપણે ખોટા હોઈ શકે છે". જ્યારે સામાન્ય લવાદીઓના ચુકાદાઓને પડકારવામાં આવે ત્યારે આ બાબત ધ્યાનમાં રાખવી ખૂબ જ મહત્વપૂર્ણ છે]. એકવાર એવું જણાય કે લવાદનો અભિગમ મનસ્વી કે તરંગી નથી, પછી હકીકતો પર તેમનો શબ્દ આખરી છે. *પી.આર. શાહ, શેર્સ એન્ડ સ્ટોક બ્રોકર્સ (પ્રા.) લિમિટેડ* વિ. બી.એચ.એચ. સિક્યોરિટીઝ (પ્રા.) લિમિટેડ [(૨૦૧૨) ૧ એસ.સી.સી. ૫૯૪ : (૨૦૧૨) ૧ એસ.સી.સી. (સિવિલ) ૩૪૨] માં, આ અદાલતે ઠરાવ્યું હતું: (એસ.સી.સી. પાના ૬૦૧–૦૨, ફકરો ૨૧)

"૨૧. અદાલત પુરાવાનું પુનઃમૂલ્યાંકન કે પુનઃવિચારણા કરીને આર્બિટ્રલ ટ્રિબ્યુનલના ચુકાદા સામે અપીલમાં બેસતી નથી. સદર અધિનિયમની કલમ ૩૪(૨) માં દર્શાવેલ કારણો હેઠળ જ ચુકાદાને પડકારી શકાય છે. આર્બિટ્રલ ટ્રિબ્યુનલે હકીકતો તપાસી છે અને

ઠરાવ્યું છે કે બીજા સામાવાળા અને અપીલકર્તા બંને જવાબદાર છે. પ્રથમ સામાવાળા દ્વારા રજૂ કરાયેલો કેસ સ્વીકારવામાં આવ્યો છે. લઘુમતી અભિપ્રાય પણ એવો હતો કે પ્રથમ સામાવાળા દ્વારા દાવો કરાયા મુજબ બીજા સામાવાળા જવાબદાર હતા, પરંતુ અપીલકર્તા માત્ર એ આધાર પર જવાબદાર ન હતા કે સ્ટોક એક્સચેન્જ દ્વારા બાય-લો ૨૪૮ હેઠળ બિન-સભ્ય સામેના દાવામાં નિમાયેલા લવાદીઓને અન્ય સભ્ય સામેના દાવાનો નિર્ણય કરવાની કોઇ હકુમત નહોતી. બહુમતીનું તારણ એ છે કે અપીલકર્તાએ બીજા સામાવાળાના નામે વ્યવહાર કર્યો હતો અને તેથી, બીજા સામાવાળા સાથે સંયુક્ત રીતે જવાબદાર છે. તેથી, સદર અધિનિયમની કલમ ૩૪(૨) હેઠળના કોઇપણ કારણની ગેરહાજરીમાં, કોઇ અલગ નિર્ણય પર પહોંચી શકાય કે કેમ તે શોધવા માટે હકીકતોની પુનઃતપાસણી કરવી શક્ય નથી."

૩૪. આ ખૂબ જ મહત્વપૂર્ણ ચેતવણી સાથે ભારતીય કાયદાની મૂળભૂત નીતિનો ભાગ બનતા બે મૂળભૂત સિદ્ધાંતો (કે લવાદનો ન્યાયિક અભિગમ હોવો જોઇએ અને તેણે વિકૃત રીતે વર્તવું ન જોઇએ) ને સમજવાના રહેશે."

૯૧. જાહેર નીતિમાં સમાવિષ્ટ ચુકાદો રદ કરવાના ત્રીજા આધાર, ***સો પાઇપ્સ લિમિટેડ*** માં "ન્યાય અને નૈતિકતા" અંગે, એવું અવલોકન કરવામાં આવ્યું

હતું કે કાયદામાં આ બે અલગ અલગ વિભાવનાઓ છે. ચુકાદો ત્યારે જ ન્યાયની વિરુદ્ધ કહી શકાય જ્યારે તે અદાલતના અંતરાત્માને આંચકો પહોંચાડતો હોય અને તે આધાર પર રદ થવાને પાત્ર બનશે.

૯૨. નૈતિકતા પરની ચર્ચા પણ એ જ મૂળભૂત સિદ્ધાંત પર છે કે અનૈતિક અવેજ પર અથવા અનૈતિક હેતુ માટે કરવામાં આવેલ કરાર અમલ કરી શકાય તેવો નથી, જો કે, આ આધાર પર હસ્તક્ષેપ પણ ત્યારે જ થશે જો કોઈ બાબત અદાલતના અંતરાત્માને આંચકો પહોંચાડે. ભારતની જાહેર નીતિમાં સમાવિષ્ટ આધારો પૈકીના એક એવા પ્રત્યક્ષ ગેરકાયદેસરતાના મુદ્દે, એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવો આધાર ઉપલબ્ધ રહેશે, ઉદાહરણ તરીકે એવા કેસમાં જ્યાં લવાદ હકુમતની ભૂલ કરે છે, જો તે કરારની બહાર ભટકે છે અને તેને સોંપવામાં ન આવી હોય તેવી બાબતો સાથે વ્યવહાર કરે છે.

૯૩. નિયમનો તર્ક એ છે કે વિવાદનું સ્વરૂપ એવી બાબત છે કે જે ચુકાદામાં જે જણાય છે તેનાથી બહાર અને સ્વતંત્ર રીતે નક્કી થવી જોઈએ. જો કે, જો લવાદ દ્વારા લેવાયેલ અભિપ્રાય સંભવિત અભિપ્રાય હોય, ભલે તે પ્રતીતિકર ન હોય, તો એવું કહેવું શક્ય નથી કે લવાદ પોતાની હકુમતની બહાર ગયા હતા અને અદાલત લવાદ દ્વારા સ્વીકારવામાં આવેલા અર્થઘટનની જગ્યાએ પોતાનો અભિપ્રાય મૂકી શકતી નથી.

૯૪. તારીખ ૦૮/૦૫/૨૦૧૯ ના રોજ નિર્ણીત ***સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રક્શન કો. લિમિટેડ*** વિ. એન.એચ.એ.આઇ.૧૪ માં, સર્વોચ્ચ અદાલત ૨૦૧૬ ના સુધારા અધિનિયમ પછી તારીખ ૩૦/૦૭/૨૦૧૬ ના રોજ દાખલ કરાયેલ કલમ ૩૪ ની અરજીની વિચારણા કરતી વખતે, ખાસ કરીને લવાદ ચુકાદાઓને પડકારવા માટેના "ભારતની જાહેર નીતિ" ના આધારમાં તારીખ ૨૩/૧૦/૨૦૧૫ થી થયેલા સુધારાની અસર અંગે વિચારણા કરી રહી હતી.

૯૫. તેમાં એ નોંધવામાં આવ્યું હતું કે તેમાં કોઇ શંકા નથી કે કાયદામાં મૂળભૂત ફેરફારો લાવવામાં આવ્યા છે અને ***સો પાઇપ્સ લિમિટેડ*** તથા ***વેસ્ટર્ન ગેકો ઇન્ટરનેશનલ લિમિટેડ***માં "ભારતની જાહેર નીતિ" નો જે વિસ્તાર કરવામાં આવ્યો હતો તેને નાબૂદ કરવામાં આવ્યો છે.

૯૬. જો કે, સુધારા અધિનિયમ ૨૦૧૫ પહેલાં અસ્તિત્વમાં હતા તે મુજબ ભારતની જાહેર નીતિ સાથે સંઘર્ષમાં હોવાના આધારે લવાદ ચુકાદો રદ કરવાના આધારને લગતા કાયદાનું સર્વેક્ષણ કરતી વખતે, સર્વોચ્ચ અદાલતે ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** ના ચુકાદાનો અને ત્યારબાદ ***એસોસિએટ બિલ્ડર્સ*** નો ઉલ્લેખ કર્યો હતો અને સદર અધિનિયમ ૧૯૯૬ ની સુધારા પહેલાંની કલમ ૩૪(૨)(બી) અને ૪૮(૨)(બી) ની નોંધ લેતા, એવું નોંધવામાં આવ્યું હતું કે જ્યારે કલમ ૩૪ હેઠળ ચુકાદો રદ કરવા અથવા કલમ ૪૮ હેઠળ વિદેશી ચુકાદાની માન્યતા અને

અમલીકરણનો ઈનકાર કરવા માટે ઉપયોગમાં લેવાતા "ભારતની જાહેર નીતિ" ના આધારની વાત આવે છે, ત્યારે કલમ ૩૪(૨)(બી) નું અર્થઘટન કલમ ૪૮(૨)(બી) ની જેમ જ થવું જોઈતું હતું.

૯૭. એ નોંધવામાં આવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે ***એસોસિએટ બિલ્ડર્સ*** માં સમજાવ્યા મુજબ ***વેસ્ટર્ન ગેકો ઈન્ટરનેશનલ લિમિટેડ*** સાથે કલમ ૩૪ હેઠળ લવાદ ચુકાદો રદ કરવા માટે "ભારતની જાહેર નીતિ" ના આધારનો વ્યાપ વિસ્તૃત કર્યો હતો, જેમાં "ન્યાયિક અભિગમ" નો ન્યાયિક સિદ્ધાંત, જે એવી માંગ કરે છે કે નિર્ણય ન્યાયી, વ્યાજબી અને નિષ્પક્ષ હોવો જોઈએ, ઓડી અલ્ટરમ સિદ્ધાંત, પક્ષકારો પ્રત્યે સમાન વ્યવહાર, વિકૃતતા અને અતાર્કિકતા કે કોઈપણ સામાન્ય બુદ્ધિશાળી વ્યક્તિ તેવા નિર્ણય પર ન પહોંચી શકે તેનો ભારતની જાહેર નીતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જો કે, એ સ્પષ્ટ કરતી વખતે કે જ્યારે અદાલત લવાદ ચુકાદા પર "જાહેર નીતિ" ની કસોટી લાગુ કરતી હોય, ત્યારે તે અપીલની અદાલત તરીકે કામ કરતી નથી અને પરિણામે હકીકતની ભૂલો સુધારી શકાતી નથી, તેમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે હકીકતો પર લવાદ દ્વારા લેવાયેલો સંભવિત અભિપ્રાય અનિવાર્યપણે સ્વીકાર્ય બનવો જ જોઈએ કારણ કે જ્યારે લવાદ પોતાનો લવાદ ચુકાદો આપે છે ત્યારે જેના પર આધાર રાખવાનો હોય તેવા પુરાવાની ગુણવત્તા અને જથ્થાનો આખરી નિર્ણયકર્તા લવાદ પોતે જ છે. અલ્પ પુરાવા પર અથવા પ્રશિક્ષિત કાયદાકીય મગજની ગુણવત્તાના માપદંડમાં ન બેસતા પુરાવા પર

આધારિત ચુકાદો આ બાબતે અમાન્ય ઠેરવી શકાય નહીં. એકવાર એવું જણાય કે લવાદનો અભિગમ મનસ્વી કે તરંગી નથી, પછી હકીકતો પર તેમનો શબ્દ આખરી છે.

૯૮. એ નોંધવામાં આવ્યું હતું કે આ અવલોકન એ મહત્વપૂર્ણ ચેતવણી સાથે હતું કે ભારતીય કાયદાની મૂળભૂત નીતિનો ભાગ બનતા બે સિદ્ધાંતો, કે લવાદનો ન્યાયિક અભિગમ હોવો જોઈએ અને તેણે વિકૃત રીતે કામ ન કરવું જોઈએ, તેને સમજવાના રહેશે.

૯૯. ***સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રક્શન કો. લિમિટેડ*** માં વધુમાં નોંધવામાં આવ્યું હતું કે ઓગસ્ટ, ૨૦૧૪ ના ભારતીય કાયદા પંચના ૨૪૬મા અહેવાલને અનુસરીને ૨૦૧૫ ના સુધારા સાથે મૂળભૂત ફેરફારો લાવવામાં આવ્યા છે. તેમાં પ્રસ્તાવિત સુધારેલી કલમ ૪૮, જે ***સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રક્શન કો. લિમિટેડ*** ના ફકરા '૨૯' માં નોંધવામાં આવી છે તે નીચે મુજબ વંચાય છે:

"૨૯. જ્યાં સુધી કલમ ૪૮ નો સંબંધ છે, ત્યાં સુધી નીચે મુજબ સુધારો પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો:

"***કલમ ૪૮ નો સુધારો***

**૨૨**. કલમ ૪૮ માં— (૧) પેટા–કલમ (૨) માં, "સ્પષ્ટીકરણ.—" માં, "કલમ (બી) ની સામાન્યતાને બાધ આવ્યા વિના,

આથી જાહેર કરવામાં આવે છે કે," શબ્દો કાઢી નાખો અને "કોઈપણ શંકાના નિવારણ માટે," શબ્દો પછી "તે સ્પષ્ટ કરવામાં આવે છે કે" શબ્દો ઉમેરો અને "ભારતની જાહેર નીતિ" શબ્દો પછી "માત્ર" શબ્દ ઉમેરો અને "જો" શબ્દ પછી "–" અને ";" કાઢી નાખો અને "ચુકાદો આપવાનું કાર્ય" શબ્દો પહેલાં પેટા–કલમ "(એ)" દાખલ કરો અને "કપટ અથવા ભ્રષ્ટાચાર દ્વારા" શબ્દો પછી "." કાઢી નાખો અને ";" ઉમેરો તથા પેટા–કલમો "(બી) તે ભારતીય કાયદાની મૂળભૂત નીતિના ઉલ્લંઘનમાં હોય; (સી) તે નૈતિકતા અથવા ન્યાય અંગેની ભારતની સૌથી પાયાની વિભાવનાઓ સાથે સંઘર્ષમાં હોય." ઉમેરો."

૧૦૦. ***વેસ્ટર્ન ગેકો ઈન્ટરનેશનલ લિમિટેડ*** પછી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના ભારતીય કાયદા પંચના પૂરક અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે કાયદા પંચે, તેના ૨૪૬મા અહેવાલમાં, એ જ સંકુચિત માપદંડ પૂરો પાડ્યો હતો, અર્થાત્ ભારતમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય વાણિજ્યિક લવાદના કેસોમાં ભારતના કાયદાનું માત્ર ઉલ્લંઘન એ "જાહેર નીતિ" નું ઉલ્લંઘન ગણાશે નહીં.

૧૦૧. ઘરેલું લવાદના સંદર્ભમાં "પ્રત્યક્ષ ગેરકાયદેસરતા" ની કસોટીનો આધાર દાખલ કરતી પેટા–કલમ (૨એ) ના ઉમેરા સાથે કલમ ૩૪ માં સુધારા

લાવવામાં આવ્યા છે. કાયદા પંચના પૂરક અહેવાલમાં ફકરા '૧૦.૫' અને '૧૦.૬' માં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"૧૦.૫. *વેસ્ટર્ન ગેકો* [ઓ.એન.જી.સી. વિ. *વેસ્ટર્ન ગેકો ઈન્ટરનેશનલ લિમિટેડ*, (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૨૬૩ : (૨૦૧૪) ૫ એસ.સી.સી. (સિવિલ) ૧૨] માં સુપ્રીમ કોર્ટનો ચુકાદો અદાલતની સત્તા ઘટાડવાને બદલે વિસ્તૃત કરશે, અને તે જોતાં કે તે આંતરરાષ્ટ્રીય પ્રથાથી પણ વિપરીત છે, "ભારતીય કાયદાની મૂળભૂત નીતિ" શબ્દપ્રયોગનું સંકુચિત અર્થઘટન થાય તે સુનિશ્ચિત કરવા માટે એક સ્પષ્ટતા સામેલ કરવાની જરૂર છે. જો નહીં થાય, તો "જાહેર નીતિ" શબ્દપ્રયોગના અર્થઘટનના સંબંધમાં કાયદા પંચ દ્વારા સૂચવવામાં આવેલા તમામ સુધારાઓ નિરર્થક બની જશે, કારણ કે જાહેર નીતિ પર વેડન્સબરી [*એસોસિએટેડ પ્રોવિન્શિયલ પિક્ચર હાઉસીસ લિમિટેડ* વિ. વેડન્સબરી કોર્પોરેશન, (૧૯૪૮) ૧ કે.બી. ૨૨૩ (સી.એ.)] ના સિદ્ધાંતોની લાગુ પડવાની ક્ષમતા ચોક્કસપણે મુકદ્દમાઓનું ઘોડાપૂર લાવી દેશે.

૧૦.૬. આની ચાર મોટી નુકસાનકારક અસરો થશે, જે છે (એ) ભારતમાં અને વિદેશમાં વ્યક્તિઓ અને વ્યવસાયો વચ્ચે લવાદ કાર્યવાહીમાં વિશ્વાસનું વધુ ધોવાણ; (બી) આંતરરાષ્ટ્રીય અને ઘરેલું વાણિજ્યિક લવાદ માટેના સ્થળ તરીકે ભારતની લોકપ્રિયતામાં ઘટાડો; (સી) વિવાદ નિવારણની અસરકારકતા અને ઝડપ તથા ન્યાયિક હસ્તક્ષેપની

સંભાવના વિશે સ્થાનિક અને વિદેશી રોકાણકારો વચ્ચે રોકાણકારોની વધેલી ચિંતા; અને, (ડી) ન્યાયિક પેન્ડન્સીમાં આનુષંગિક વધારો. આ સંદર્ભમાં, સદર અધિનિયમની કલમ ૩૪(૨)(બી)(૨) માં સ્પષ્ટીકરણ ૨ દાખલ કરીને મુસદ્ધામાં નીચે મુજબના સુધારાનું સૂચન કરવામાં આવે છે:

'શંકાના નિવારણ માટે ભારતીય કાયદાની મૂળભૂત નીતિનું ઉલ્લંઘન થયું છે કે કેમ તેની કસોટીમાં વિવાદની ગુણદોષ પર પુનઃસમીક્ષાનો સમાવેશ થશે નહીં.'"

(ભારપૂર્વક જણાવેલ)

૧૦૨. કાયદા પંચના અહેવાલને અનુસરીને, ૧૯૯૬ ના અધિનિયમમાં તારીખ ૨૩/૧૦/૨૦૧૫ થી અમલમાં આવે તે રીતે સુધારો કરવામાં આવ્યો હતો. કલમ ૩૪ ની પેટા-કલમ (૨એ) સિવાય, જે કલમ ૪૮ માં ગેરહાજર છે કારણ કે સદર કલમ વિદેશી ચુકાદાઓની માન્યતા અને અમલીકરણ સાથે સંબંધિત છે, અણસુધારેલી કલમ ૪૮ ને કલમ ૩૪ માં કરવામાં આવેલા સુધારાઓને અનુરૂપ બનાવવા માટે સદર અધિનિયમ ૧૯૯૬ ની કલમ ૩૪ અને ૪૮ માં અનુરૂપ સુધારાઓ લાવવામાં આવ્યા છે.

૧૦૩. ત્યારબાદ ***સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રકશન કો. લિમિટેડ*** ના ફકરા '૩૪' અને '૩૫' માં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"**૩૪**. તેથી જે સ્પષ્ટ છે તે એ છે કે "ભારતની જાહેર નીતિ" શબ્દપ્રયોગ, ભલે તે કલમ ૩૪ માં સમાવિષ્ટ હોય કે કલમ ૪૮ માં, હવે તેનો અર્થ *એસોસિએટ બિલ્ડર્સ* [*એસોસિએટ બિલ્ડર્સ* વિ. ડી.ડી.એ., (૨૦૧૫) ૩ એસ.સી.સી. ૪૯ : (૨૦૧૫) ૨ એસ.સી.સી. (સિવિલ) ૨૦૪] ના ફકરા ૧૮ અને ૨૭ માં સમજાવ્યા મુજબ "ભારતીય કાયદાની મૂળભૂત નીતિ" થશે એટલે કે ભારતીય કાયદાની મૂળભૂત નીતિ આ શબ્દપ્રયોગની "રેણુસાગર" સમજણ સુધી સીમિત રહેશે. આનો અનિવાર્યપણે અર્થ એ થશે કે *વેસ્ટર્ન ગેકો* [ઓ.એન.જી.સી. વિ. *વેસ્ટર્ન ગેકો ઇન્ટરનેશનલ લિમિટેડ*, (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૨૬૩ : (૨૦૧૪) ૫ એસ.સી.સી. (સિવિલ) ૧૨] નો વિસ્તાર નાબૂદ કરવામાં આવ્યો છે. ટૂંકમાં, *એસોસિએટ બિલ્ડર્સ* [*એસોસિએટ બિલ્ડર્સ* વિ. ડી.ડી.એ., (૨૦૧૫) ૩ એસ.સી.સી. ૪૯ : (૨૦૧૫) ૨ એસ.સી.સી. (સિવિલ) ૨૦૪] ના ફકરા ૨૮ અને ૨૯ માં સમજાવ્યા મુજબ *વેસ્ટર્ન ગેકો* [ઓ.એન.જી.સી. વિ. *વેસ્ટર્ન ગેકો ઇન્ટરનેશનલ લિમિટેડ*, (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૨૬૩ : (૨૦૧૪) ૫ એસ.સી.સી. (સિવિલ) ૧૨] હવે અસ્તિત્વમાં રહેશે નહીં, કારણ કે લવાદીએ ન્યાયિક અભિગમ અપનાવ્યો નથી તેવા આધાર હેઠળ ચુકાદામાં દખલગીરી કરવાના બહાના હેઠળ, અદાલતનો હસ્તક્ષેપ ચુકાદાના ગુણદોષ પર થશે, જે સુધારા પછી

મંજૂર રાખી શકાય નહીં. જો કે, જ્યાં સુધી ૧૯૯૬ ના અધિનિયમની કલમ ૧૮ અને ૩૪(૨)(એ)(૩) માં સમાવિષ્ટ કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો સંબંધ છે, ત્યાં સુધી તે *એસોસિએટ બિલ્ડર્સ* [*એસોસિએટ બિલ્ડર્સ* વિ. ડી.ડી.એ., (૨૦૧૫) ૩ એસ.સી.સી. ૪૯ : (૨૦૧૫) ૨ એસ.સી.સી. (સિવિલ) ૨૦૪] ના ફકરા ૩૦ માં જણાવ્યા મુજબ ચુકાદાને પડકારવાના આધારો તરીકે ચાલુ રહે છે.

૩૫. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે જ્યાં સુધી "ભારતના હિત" નો સંબંધ છે ત્યાં સુધી હસ્તક્ષેપ માટેનો આધાર હવે રદ કરવામાં આવ્યો છે, અને તેથી, હવે તે અસ્તિત્વમાં નથી. તેવી જ રીતે, ચુકાદો ન્યાય અથવા નૈતિકતા સાથે સંઘર્ષમાં છે તે આધારે હસ્તક્ષેપને હવે "નૈતિકતા અથવા ન્યાયની સૌથી પાયાની વિભાવનાઓ" સાથેના સંઘર્ષ તરીકે સમજવાનો રહેશે. આ પણ ફરીથી *એસોસિએટ બિલ્ડર્સ* [*એસોસિએટ બિલ્ડર્સ* વિ. ડી.ડી.એ., (૨૦૧૫) ૩ એસ.સી.સી. ૪૯ : (૨૦૧૫) ૨ એસ.સી.સી. (સિવિલ) ૨૦૪] ના ફકરા ૩૬ થી ૩૯ ને અનુરૂપ હશે, કારણ કે માત્ર એવા જ લવાદ ચુકાદાઓ કે જે અદાલતના અંતરાત્માને આંચકો પહોંચાડે છે તેમને આ આધાર પર રદ કરી શકાય છે."

૧૦૪. સામાવાળા તરફે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મિહિર જોશી દ્વારા અમારી સમક્ષ મૂકવામાં આવેલ ***સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રક્શન કો. લિમિટેડ*** નો ફકરો '૭૬' પણ નીચે મુજબ ટાંકવાનો રહે છે:

"૭૬. જો કે, જ્યારે ભારતની જાહેર નીતિ, "ન્યાયની સૌથી પાયાની વિભાવનાઓ" પર આધારિત દલીલની વાત આવે છે, ત્યારે એ સ્પષ્ટ છે કે આ આધાર માત્ર ખૂબ જ અસાધારણ સંજોગોમાં જ આકર્ષિત થઇ શકે છે જ્યારે ન્યાયની મૂળભૂત વિભાવનાઓ અથવા સિદ્ધાંતોના ભંગથી અદાલતના અંતરાત્માને આંચકો પહોંચે. એ જોઇ શકાય છે કે કરાર દ્વારા લાગુ કરવામાં આવેલ ફોર્મ્યુલા ફેબ્રુઆરી ૨૦૧૩ સુધી લાગુ થતી રહી હતી — ટૂંકમાં, એવું કહેવું સાચું નથી કે મંત્રાલય દ્વારા ૧૯૯૩–૧૯૯૪ થી ૨૦૦૪–૨૦૦૫ માં આધાર નિર્દેશાંકોમાં ફેરફાર કરવાના કારણે કરાર હેઠળની ફોર્મ્યુલા લાગુ કરી શકાતી ન હતી. વધુમાં, લિંકિંગ ફેક્ટર લાગુ કરવા માટે, એક પક્ષકાર દ્વારા એકપક્ષીય રીતે જારી કરાયેલ પરિપત્ર, તે બીજા પક્ષકારની સંમતિ વિના કરારના બીજા પક્ષકારને બંધનકર્તા બની શકે નહીં. વાસ્તવમાં, સદર પરિપત્ર પોતે જ સ્પષ્ટપણે નિર્ધારિત કરે છે કે જ્યાં સુધી કોન્ટ્રાક્ટરો બાંહેધરી/સોગંદનામું રજૂ ન કરે કે પરિપત્ર હેઠળ ભાવ સમાયોજન તેમને સ્વીકાર્ય છે ત્યાં સુધી તે લાગુ થઈ શકશે નહીં. આપણે જોયું છે કે કેવી રીતે અપીલકર્તાએ માત્ર શરતી રીતે અને પરિપત્ર લાગુ પડતો નથી અને લાગુ થઈ શકે નહીં તેવી તેની

દલીલને બાધ આવ્યા વિના આવી બાંહેધરી આપી હતી. પરિસ્થિતિ આવી હોવાથી, એ સ્પષ્ટ છે કે બહુમતી ચુકાદાએ સદર એકપક્ષીય પરિપત્ર લાગુ કરીને અને કરાર હેઠળની કાર્યક્ષમ ફોર્મ્યુલાના સ્થાને કરાર બહારની અન્ય ફોર્મ્યુલા મૂકીને પક્ષકારો માટે એક નવો કરાર ઊભો કર્યો છે. પરિસ્થિતિ આવી હોવાથી, ન્યાયના મૂળભૂત સિદ્ધાંતનો ભંગ થયો છે, અર્થાત્ કરારમાં એકપક્ષીય ઉમેરો કે ફેરફાર અનિચ્છુક પક્ષકાર પર ક્યારેય લાદી શકાય નહીં, કે કરારનો પક્ષકાર અન્ય પક્ષકાર સાથે ન થયેલા સોદાનું પાલન કરવા માટે જવાબદાર હોઈ શકે નહીં. સ્પષ્ટપણે, આવું આચરણ આ દેશમાં અનુસરવામાં આવતા ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ હશે, અને આ અદાલતના અંતરાત્માને આંચકો પહોંચાડે છે. જો કે, અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે આ આધાર માત્ર ખૂબ જ અસાધારણ સંજોગોમાં જ ઉપલબ્ધ છે, જેમ કે હાલના કેસમાં હકીકતલક્ષી પરિસ્થિતિ છે. કોઈપણ સંજોગોમાં કોઈપણ અદાલત એવા આધાર પર લવાદ ચુકાદામાં દખલ કરી શકતી નથી કે અદાલતના મતે ન્યાય થયો નથી. તે વિવાદના ગુણદોષમાં પ્રવેશ ગણાશે, જે આ ચુકાદામાં અગાઉ નોંધ્યું છે તેમ, ૧૯૯૬ ના અધિનિયમની કલમ ૩૪ ની ભાવનાની વિરુદ્ધ છે."

૧૦૫. ***સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રક્શન કો. લિમિટેડ*૧**પહેલાં તારીખ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ નિર્ણીત ***એમ.એમ.ટી.સી. લિમિટેડ વિ. વેદાંત***

***લિમિટેડ***માં, કલમ ૩૪ હેઠળ ૨૦૧૫ પહેલાંના લવાદ ચુકાદામાં હસ્તક્ષેપના વ્યાપના સંદર્ભમાં, ફકરા '૧૧' માં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"૧૧. જ્યાં સુધી કલમ ૩૪ નો સંબંધ છે, ત્યાં સુધી હવે એ સ્થિતિ સુસ્થાપિત છે કે અદાલત લવાદ ચુકાદા સામે અપીલમાં બેસતી નથી અને કલમ ૩૪(૨)(બી)(૨) હેઠળ પૂરા પાડવામાં આવેલા મર્યાદિત આધાર પર એટલે કે જો ચુકાદો ભારતની જાહેર નીતિની વિરુદ્ધ હોય તો જ ગુણદોષ પર હસ્તક્ષેપ કરી શકે છે. ૨૦૧૫ માં ૧૯૯૬ ના અધિનિયમના સુધારા પહેલાં આ અદાલતના નિર્ણયો દ્વારા સ્પષ્ટ કરાયેલ કાનૂની સ્થિતિ મુજબ, ભારતીય જાહેર નીતિના ઉલ્લંઘનમાં બદલામાં, ભારતીય કાયદાની મૂળભૂત નીતિનું ઉલ્લંઘન, ભારતના હિતનું ઉલ્લંઘન, ન્યાય અથવા નૈતિકતા સાથેનો સંઘર્ષ, અને લવાદ ચુકાદામાં પ્રત્યક્ષ ગેરકાયદેસરતાના અસ્તિત્વનો સમાવેશ થાય છે.

વધુમાં, "ભારતીય કાયદાની મૂળભૂત નીતિ" ની વિભાવનામાં કાયદાઓ અને ન્યાયિક પૂર્વચુકાદાઓનું પાલન, ન્યાયિક અભિગમ અપનાવવો, કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન અને વેડન્સબરી [*એસોસિએટેડ પ્રોવિન્શિયલ પિક્ચર હાઉસીસ* વિ. વેડન્સબરી કોર્પોરેશન, (૧૯૪૮) ૧ કે.બી. ૨૨૩

(સી.એ.)] વાજબીપણું આવરી લેવામાં આવશે. વળી, "પ્રત્યક્ષ ગેરકાયદેસરતા" નો પોતાનો અર્થ ભારતના મૂળ કાયદાનું ઉલ્લંઘન, ૧૯૯૬ ના અધિનિયમનું ઉલ્લંઘન અને કરારની શરતોનું ઉલ્લંઘન થતો હોવાનું ઠરાવવામાં આવેલ છે."

૧૦૬. ***વેદાંત લિમિટેડ*** માં, સર્વોચ્ચ અદાલતની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠ વિદેશી એવોર્ડના અમલીકરણ માટે ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ હેઠળની અરજી ફગાવી દેતા હાઇકોર્ટના ચુકાદા સામેની અપીલ પર વિચારણા કરી રહી હતી.

૧૦૭. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે, કલમ ૪૮ હેઠળની શરતો સાબિત થતી હોય તો પણ, અમલીકરણ કરતી અદાલત વિદેશી એવોર્ડને રદબાતલ ઠેરવી શકે નહીં. વિદેશી એવોર્ડને રદબાતલ ઠેરવવાની સત્તા માત્ર લવાદની બેઠક ખાતેની અદાલતમાં જ નિહિત છે, કારણ કે દેખરેખ અથવા પ્રાથમિક અધિકારક્ષેત્રનો ઉપયોગ લવાદની બેઠક ખાતેની ક્યુરિયલ અદાલતો દ્વારા કરવામાં આવે છે. જો કલમ ૪૮ માં સમાવિષ્ટ શરતો સાબિત થાય, તો અમલીકરણ કરતી અદાલત વિદેશી એવોર્ડના અમલીકરણનો "ઇનકાર" કરી શકે છે.

૧૦૮. કલમ ૪૮ ના શરૂઆતના શબ્દોમાં ફરજિયાત ભાષાના બદલે અનુમતિસૂચક ભાષા વપરાયેલી છે, કે અમલીકરણનો "ઇનકાર કરી શકાય છે". "કરી શકાય છે" શબ્દોનો ઉપયોગ દર્શાવે છે કે જે પક્ષકાર

વિરુદ્ધ એવોર્ડ પસાર કરવામાં આવ્યો છે તે અમલીકરણનો ઈનકાર કરવા માટેના એક અથવા વધુ કારણોનું અસ્તિત્વ સાબિત કરે તો પણ, અદાલત જો એવું માને કે પક્ષકારો વચ્ચે એકંદરે ન્યાય થયો છે, તો વાંધાઓને ફગાવી દેવાની અવશેષ વિવેકબુદ્ધિ ધરાવે છે, અને એવોર્ડના અમલીકરણનો નિર્દેશ આપી શકે છે. તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ સામાન્ય રીતે ત્યારે કરવામાં આવે છે જ્યારે ઈનકાર માટેનું કારણ લવાદને લાગુ પડતા પ્રક્રિયાગત નિયમોના ગૌણ ઉલ્લંઘન સાથે સંબંધિત હોય, અથવા જો ઈનકાર માટેનું કારણ લવાદમાં ઉઠાવવામાં ન આવ્યું હોય. અદાલત એવો અભિપ્રાય પણ લઈ શકે છે કે ઉલ્લંઘન એવું નથી કે જે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં એવોર્ડના અમલીકરણને રોકી શકે. વધુમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કલમ ૪૮ માં સમાવિષ્ટ વિદેશી એવોર્ડના અમલીકરણનો ઈનકાર કરવાના કારણો સર્વગ્રાહી છે, જે સદર કલમની ભાષા પરથી સ્પષ્ટ થાય છે, જેમાં એવી જોગવાઈ છે કે જો અરજદાર તે જોગવાઈઓમાં સમાવિષ્ટ કોઈપણ શરતોનો પુરાવો રજૂ કરે તો “માત્ર તો જ” અમલીકરણનો ઈનકાર કરી શકાય છે.

૧૦૯. ત્યારબાદ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે અમલીકરણ કરતી અદાલતે કલમ ૪૮ હેઠળ એવોર્ડમાં રહેલી ભૂલોને સુધારવાની નથી, અથવા એવોર્ડના ગુણદોષ પર પુનરાવલોકન કરવાનું નથી, પરંતુ જો કારણો સાબિત થાય તો તેને અમલીકરણનો “ઈનકાર” કરવાની મર્યાદિત સત્તા આપવામાં આવેલ છે”.

૧૧૦. સામાવાળાના વિદ્વાન વરિષ્ઠ વકીલે તેમની રજૂઆતોના સમર્થનમાં ફકરા '૮૮', '૯૪', '૯૭', '૧૦૦', '૧૦૧', '૧૦૩', '૧૦૫', '૧૦૬', '૧૧૧', '૧૧૨', '૧૧૩' અને '૧૨૫' થી '૧૨૮' નો સંદર્ભ આપેલ છે.

"૮૮. એવોર્ડનું અમલીકરણ એ બેઠક ખાતેની રદબાતલ ઠેરવવાની કાર્યવાહી કરતાં એક અનુગામી અને ભિન્ન કાર્યવાહી છે. અમલીકરણ કરતી અદાલત ઈન્ડિયન આર્બિટ્રેશન એક્ટ, ૧૯૯૬ ના પ્રકરણ ૧ ભાગ ૨ ની જોગવાઈઓ અનુસાર ભારતમાં વિદેશી એવોર્ડની માન્યતા અને અમલીકરણક્ષમતાના મુદ્દાને સ્વતંત્ર રીતે નક્કી કરશે.

૯૭. આ મુદ્દો ૧૯૯૬ ના અધિનિયમની કલમ ૪૮ માં નિર્ધારિત શરતો અનુસાર નક્કી કરવાનો રહે છે, જે નીચે મુજબ વંચાય છે:

"૪૮. વિદેશી એવોર્ડના અમલીકરણ માટેની શરતો.—(૧) વિદેશી એવોર્ડનું અમલીકરણ, જે પક્ષકાર વિરુદ્ધ તે લાગુ કરવામાં આવ્યો હોય તેની વિનંતી પર, માત્ર તો જ નકારી શકાય જો તે પક્ષકાર અદાલત સમક્ષ એવો પુરાવો રજૂ કરે કે —

(એ) કલમ ૪૪ માં સંદર્ભિત કરારના પક્ષકારો, તેમને લાગુ પડતા કાયદા હેઠળ, કોઈ અસમર્થતા હેઠળ હતા, અથવા સદર કરાર જે કાયદાને પક્ષકારોએ આધીન કર્યો છે તે કાયદા હેઠળ અમાન્ય છે અથવા, તેના પર કોઈ સંકેતના અભાવે, જે

દેશમાં એવોર્ડ આપવામાં આવ્યો હતો તે દેશના કાયદા હેઠળ અમાન્ય છે; અથવા

(બી) જે પક્ષકાર વિરુદ્ધ એવોર્ડ લાગુ કરવામાં આવ્યો છે તેને લવાદની નિમણૂક અંગે અથવા લવાદ કાર્યવાહી અંગે યોગ્ય નોટિસ આપવામાં આવી ન હતી અથવા તે અન્યથા પોતાનો કેસ રજૂ કરવામાં અસમર્થ હતો; અથવા

(સી) એવોર્ડ એવા મતભેદ સાથે સંબંધિત છે જે લવાદ સમક્ષ સોંપણીની શરતો દ્વારા વિચારાયેલ ન હતો અથવા તેની અંદર આવતો ન હતો, અથવા તેમાં લવાદ સમક્ષ સોંપણીના વ્યાપ બહારની બાબતો પરના નિર્ણયો સમાવિષ્ટ છે:

પરંતુ શરત એ છે કે, જો લવાદ સમક્ષ સોંપવામાં આવેલી બાબતો પરના નિર્ણયોને તે રીતે ન સોંપાયેલી બાબતોથી અલગ કરી શકાય તેમ હોય, તો એવોર્ડનો તે ભાગ કે જેમાં લવાદ સમક્ષ સોંપાયેલી બાબતો પરના નિર્ણયો સમાવિષ્ટ છે તેનું અમલીકરણ કરી શકાશે; અથવા

(ડી) લવાદ સત્તામંડળની રચના અથવા લવાદ પ્રક્રિયા પક્ષકારોના કરાર અનુસાર ન હતી, અથવા, તેવા કરારના

અભાવે, જે દેશમાં લવાદ કાર્યવાહી થઈ હતી તે દેશના કાયદા અનુસાર ન હતી; અથવા

(ઇ) એવોર્ડ હજુ સુધી પક્ષકારો પર બંધનકર્તા બન્યો નથી, અથવા જે દેશમાં, અથવા જેના કાયદા હેઠળ, તે એવોર્ડ આપવામાં આવ્યો હતો તે દેશના સક્ષમ સત્તામંડળ દ્વારા તેને રદબાતલ કરવામાં આવ્યો છે કે સ્થગિત કરવામાં આવ્યો છે.

(૨) લવાદ ચુકાદાના અમલીકરણનો ઇનકાર પણ કરી શકાય છે જો અદાલતને જણાય કે—

(એ) મતભેદનો વિષયવસ્તુ ભારતના કાયદા હેઠળ લવાદ દ્વારા સમાધાન કરવા સક્ષમ નથી; અથવા

(બી) એવોર્ડનું અમલીકરણ ભારતની જાહેર નીતિ વિરુદ્ધનું હશે.

સ્પષ્ટીકરણ.—આ કલમના ખંડ (બી) ની વ્યાપકતાને પૂર્વગ્રહ રાખ્યા વિના, કોઈપણ શંકા દૂર કરવા માટે, આથી જાહેર કરવામાં આવે છે કે જો એવોર્ડ બનાવવાનું કાર્ય કપટ કે ભ્રષ્ટાચારથી પ્રેરિત અથવા પ્રભાવિત થયું હોય તો તેવો એવોર્ડ ભારતની જાહેર નીતિ સાથે સંઘર્ષમાં છે.

(૩)***"

(ભારપૂર્વક દર્શાવેલ)

૧૦૦. સામાવાળાઓના વકીલે રજૂઆત કરી હતી કે સુધારેલી કલમ ૪૮ હાલના કેસને લાગુ પડશે; અથવા વૈકલ્પિક રીતે, ૨૦૧૬ ના સુધારા અધિનિયમ દ્વારા કરવામાં આવેલા સુધારાઓ પૂર્વવર્તી અસર ધરાવશે.

૧૦૧. હવે અમે કલમ ૪૮ માં કરવામાં આવેલા સુધારાઓ પર સંક્ષિપ્તમાં પ્રકાશ પાડીશું, અને સુધારાઓ પૂર્વવર્તી અમલ ધરાવે છે કે કેમ, અને હાલના કેસને લાગુ પડે છે કે કેમ તે મુદ્દા પર વિચારણા કરીશું.

૧૦૩. ઓ.એન.જી.સી. વિ. *વેસ્ટર્ન ગેકો ઇન્ટરનેશનલ લિમિટેડ* [ઓ.એન.જી.સી. વિ. *વેસ્ટર્ન ગેકો ઇન્ટરનેશનલ લિમિટેડ*, (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૨૬૩ : (૨૦૧૪) ૫ એસ.સી.સી. (સિવ) ૧૨] માં સર્વોચ્ચ અદાલતના ચુકાદા પછી, જેણે ન્યાયિક પુનરાવલોકનની સત્તાનો વિસ્તાર કર્યો હતો, કાયદા પંચે "જાહેર નીતિ" પર પૂરક અહેવાલ સુપરત કર્યો હતો. એવી ભલામણ કરવામાં આવી હતી કે "ભારતીય કાયદાની મૂળભૂત નીતિ" શબ્દસમૂહનું સંકુચિત અર્થઘટન થાય તેની ખાતરી કરવા માટે એક સ્પષ્ટતા સામેલ કરવાની જરૂર છે. એવી ભલામણ કરવામાં આવી હતી કે કલમ ૩૪(૨)(બી)(૨) માં સ્પષ્ટીકરણ ૨ તરીકે નવું સ્પષ્ટીકરણ ઉમેરવામાં આવે એટલે કે:

"સ્પષ્ટીકરણ ૨.—શંકા દૂર કરવા માટે, ભારતીય કાયદાની મૂળભૂત નીતિનું ઉલ્લંઘન છે કે કેમ તેની કસોટીમાં વિવાદના ગુણદોષ પર પુનરાવલોકનનો સમાવેશ થશે નહીં."

૧૦૫. હાઈલાઈટ કરેલા ભાગો ૨૦૧૬ ના સુધારા અધિનિયમ દ્વારા કલમ ૪૮ માં કરવામાં આવેલા સુધારાઓ દર્શાવે છે. અમે જણાયું છે કે આ સારભૂત સુધારાઓ છે, જેને કાયદા દ્વારા "જાહેર નીતિ" ની વ્યાખ્યા સંકુચિત બનાવવા માટે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. એ નોંધવું પ્રસ્તુત છે કે ૨૦૧૬ ના સુધારાએ "ભારતના હિતો" વાળા ખંડને પડતો મૂક્યો છે, જેનું વિવેચન રેણુસાગર [***રેણુસાગર પાવર કો. લિમિટેડ વિ. જનરલ ઈલેક્ટ્રિક કો.***, ૧૯૯૪ સપ્લી (૧) એસ.સી.સી. ૬૪૪] ના ચુકાદા દ્વારા કરવામાં આવ્યું હતું. નવું ઉમેરાયેલ સ્પષ્ટીકરણ ૨ એવી જોગવાઈ કરે છે કે એવોર્ડનું અમલીકરણ ભારતીય કાયદાની મૂળભૂત નીતિ સાથે સંઘર્ષમાં છે કે કેમ તેની તપાસમાં વિવાદના ગુણદોષ પરના પુનરાવલોકનનો સમાવેશ થશે નહીં.

૧૦૬. કલમ ૪૮ માંના બંને સ્પષ્ટીકરણો "કોઈપણ શંકા દૂર કરવા માટે" શબ્દોથી શરૂ થાય છે. જો કે, તેને સ્પષ્ટતાકારી અને પૂર્વવર્તી માની શકાય નહીં, કારણ કે બદલાયેલા સ્પષ્ટીકરણ ૧ એ નવા પેટા–ખંડો રજૂ કર્યા છે, જેણે સદર કલમમાં મહત્ત્વપૂર્ણ અને સારભૂત ફેરફાર આણ્યો છે. એક નવું સ્પષ્ટીકરણ ૨ ઉમેરવામાં આવ્યું છે જેમાં જણાવાયું છે કે ભારતીય કાયદાની મૂળભૂત નીતિનું ઉલ્લંઘન છે કે કેમ તેની કસોટીમાં વિવાદના ગુણદોષ પર પુનરાવલોકનનો સમાવેશ થશે નહીં. સુધારાઓએ પ્રથમ વખત ચોક્કસ માપદંડો દાખલ કર્યા હોવાથી, "શંકાઓ દૂર કરવા માટે" શબ્દસમૂહના ઉપયોગને ધ્યાનમાં લીધા વિના તેને ભવિષ્યલક્ષી ગણવા જોઈએ. આ

અદાલતના *સેડકો ફોરેક્સ ઈન્ટરનેશનલ ટ્રીલ. ઈન્ક. વિ. સી.આઈ.ટી.* [*સેડકો ફોરેક્સ ઈન્ટરનેશનલ ટ્રીલ. ઈન્ક. વિ. સી.આઈ.ટી.*, (૨૦૦૫) ૧૨ એસ.સી.સી. ૭૧૭] ના ચુકાદા પર આધાર રાખવામાં આવે છે જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો સ્પષ્ટીકરણ કાયદામાં ફેરફાર કરતું હોય, તો "તે જાહેર કરવામાં આવે છે" અથવા "શંકાઓ દૂર કરવા માટે" જેવા શબ્દસમૂહો વપરાયા હોવા છતાં તેને પૂર્વવર્તી માની શકાય નહીં. *સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રક્શન કો. લિમિટેડ* વિ. એન.એચ.એ.આઈ. [*સાંગયોંગ એન્જિ. એન્ડ કન્સ્ટ્રક્શન કો. લિમિટેડ* વિ. એન.એચ.એ.આઈ., (૨૦૧૯) ૧૫ એસ.સી.સી. ૧૩૧ : (૨૦૨૦) ૨ એસ.સી.સી. (સિવ) ૨૧૩] માં આ અદાલત કલમ ૩૪ માં કરવામાં આવેલા સુધારાઓ પર વિચારણા કરી રહી હતી, જેમાં કલમ ૩૪ માં બે સ્પષ્ટીકરણો ઉમેરવામાં આવ્યા હતા, જે કલમ ૪૮ ના બે સ્પષ્ટીકરણો સાથે એકસમાન શબ્દો ધરાવે છે. તે કેસમાં, પૂર્વવર્તીતાનો સમાન આધાર રજૂ કરવામાં આવ્યો હતો. આ અદાલતે ઠરાવ્યું હતું કે સ્પષ્ટીકરણો પ્રથમ વખત દાખલ કરવામાં આવ્યા હોવાથી, તેના સ્વરૂપ કરતાં સુધારાના સારતત્ત્વને જોવાનું રહે છે. જે કેસોમાં "શંકા દૂર કરવા માટે" સુધારા દ્વારા કંઈક સ્પષ્ટ કરવામાં આવ્યું હોય તેમાં પણ, જો અગાઉના કાયદામાં સારભૂત ફેરફાર કરવામાં આવ્યો હોય તો આવી સ્પષ્ટતા પૂર્વવર્તી અસર ધરાવી શકે નહીં.

૧૧૧. ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં, અમે ઠરાવીએ છીએ કે સુધારેલી કલમ ૪૮ હાલના કેસને લાગુ પડશે નહીં, કારણ કે અમલીકરણ માટેની

અદાલતી કાર્યવાહી સામાવાળા–દાવેદારો દ્વારા ૧૪–૧૦–૨૦૧૪ ના રોજ એટલે કે ૨૩–૧૦–૨૦૧૫ ના રોજ ૨૦૧૬ નો સુધારો અમલમાં આવ્યો તે પહેલાં દાખલ કરવામાં આવી હતી.

૧૧૨. અપીલકર્તાઓ વતી રજૂઆત કરવામાં આવ્યા મુજબ, હાલના કેસમાં એવોર્ડ ભારતની જાહેર નીતિ સાથે સંઘર્ષમાં છે કે કેમ અને ન્યાયના મૂળભૂત ખ્યાલો વિરુદ્ધનો છે કે કેમ તે મુદ્દા પર હવે અમે વિચારણા કરીશું.

૧૧૩. હાલના કેસમાં બિન–સુધારેલી કલમ ૪૮ લાગુ કરતાં, આ અદાલતે રેણુસાગર [*રેણુસાગર પાવર કો. લિમિટેડ વિ. જનરલ ઈલેક્ટ્રિક કો.*, ૧૯૯૪ સપ્લી (૧) એસ.સી.સી. ૬૪૪] ના ચુકાદામાં બીજી સર્કિટ માટેની યુ.એસ. કોર્ટ ઓફ અપીલ્સના *પાર્સન્સ એન્ડ વ્હિટમોર ઓવરસીઝ કો. ઈન્ક.* વિ. સોસાયટી જનરલ ડી એલ'ઈન્ડસ્ટ્રી ડુ પેપિયર [*પાર્સન્સ એન્ડ વ્હિટમોર ઓવરસીઝ કો. ઈન્ક.* વિ. સોસાયટી જનરલ ડી એલ'ઈન્ડસ્ટ્રી ડુ પેપિયર, ૫૦૮ એફ ૨ડી ૯૬૯ (બીજી સર્કિટ ૧૯૭૪)] (રક્તા) ના ચુકાદામાં આંતરરાષ્ટ્રીય જાહેર નીતિ પરના કાયદાના સ્પષ્ટીકરણ પર આધાર રાખ્યો હતો જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે:

> "૭. કન્વેન્શનનો અનુચ્છેદ ૫(૨)(બી) જે અદાલતમાં વિદેશી લવાદ ચુકાદાના અમલીકરણની માંગણી કરવામાં આવી હોય તેને પ્રતિવાદીની અરજી પર અથવા સુઓ મોટો, જો 'એવોર્ડનું અમલીકરણ (ફોરમ) દેશની જાહેર નીતિ વિરુદ્ધ હોય' તો

અમલીકરણનો ઇનકાર કરવાની મંજૂરી આપે છે. સદર જોગવાઈનો કાયદાકીય ઈતિહાસ તેના અર્થઘટન માટે કોઈ ચોક્કસ માર્ગદર્શિકા આપતો નથી. જિનીવા કન્વેન્શન અને ૧૯૫૮ ના કન્વેન્શનના એડહોક કમિટી ડ્રાફ્ટમાં તેના પુરોગામીઓએ જાહેર નીતિના અપવાદને ક્રમશઃ 'કાયદાના સિદ્ધાંતો' વિરુદ્ધના એવોર્ડ અને 'કાયદાના મૂળભૂત સિદ્ધાંતો' નું ઉલ્લંઘન કરતા એવોર્ડ સુધી વિસ્તૃત કર્યો હતો. એક ટીકાકારના મતે, કન્વેન્શનમાં આવી સમાન ભાષાનો સમાવેશ ન થવો એ આ બચાવને સંકુચિત બનાવવાનું સૂચવે છે [પાઓલો કોન્ટિની, "ઇન્ટરનેશનલ કોમર્શિયલ આર્બિટ્રેશન : ધ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ રેકગ્નિશન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ ફોરેન આર્બિટ્રલ એવોર્ડ્સ" [(૧૯૫૯) ૮ એમ જે કોમ્પ એલ ૨૮૩, પાના ૩૦૪ પર]]. બીજી તરફ, આ ક્ષેત્રના અન્ય એક જાણીતા નિષ્ણાતે આ લોપને બચાવનો વ્યાપ વધારવાના ઇરાદાના સૂચક તરીકે સ્વીકાર્યો છે [ક્વિગ્લી, "એક્સેશન બાય ધ યુનાઈટેડ સ્ટેટ્સ ટુ ધ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ રેકગ્નિશન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ ફોરેન આર્બિટ્રલ એવોર્ડ્સ" [(૧૯૬૧) ૭૦ યેલ એલ.જે. ૧૦૪૯, પાના ૧૦૭૦-૭૧ પર]].

૮. જો કે, કદાચ સમગ્ર કન્વેન્શનના ઈતિહાસમાંથી તારવવામાં આવતા અનુમાનો વધુ નિર્ણાયક પુરાવારિરૂપ છે. કન્વેન્શનને માર્ગદર્શિત કરતો અને જિનીવા કન્વેન્શનના તેના દ્વારા થયેલા

અતિક્રમણને સમજાવતો અમલીકરણની તરફેણનો સામાન્ય ઝુકાવ જાહેર નીતિના બચાવના સંકુચિત અર્થઘટન તરફ નિર્દેશ કરે છે. આ બચાવનું વિસ્તૃત અર્થઘટન અમલીકરણમાં અગાઉથી રહેલા અવરોધોને દૂર કરવાના કન્વેન્શનના મૂળભૂત પ્રયાસને નિષ્ફળ બનાવશે. [જુઓ સ્ટ્રોસ, "આર્બિટ્રેશન ઓફ ડિસ્પ્યુટ્સ બિટવીન મલ્ટિનેશનલ કોર્પોરેશન્સ, ઇન ન્યૂ સ્ટ્રેટેજીસ ફોર પીસફુલ રિઝોલ્યુશન ઓફ ઇન્ટરનેશનલ બિઝનેસ ડિસ્પ્યુટ્સ" ૧૧૪–૧૫ (૧૯૭૧); ડાયજેસ્ટ ઓફ પ્રોસિડિંગ્સ ઓફ ઇન્ટરનેશનલ બિઝનેસ ડિસ્પ્યુટ્સ કોન્ફરન્સ, ૧૪–૪–૧૯૭૧, પાના ૧૯૧ પર (પ્રોફેસર ડબલ્યુ. રીસની નોંધો)]. વધુમાં, પરસ્પરતાની બાબતો — જે બાબતોને ખુદ કન્વેન્શનમાં સ્પષ્ટ માન્યતા આપવામાં આવી છે — અદાલતોને જાહેર નીતિના બચાવનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરવાની સલાહ આપે છે, જેથી વિદેશી અદાલતો યુનાઈટેડ સ્ટેટ્સમાં અપાયેલા લવાદ ચુકાદાઓના અમલીકરણ સામેના બચાવ તરીકે તેનો વારંવાર સ્વીકાર ન કરવા માંડે.

૯. તેથી, અમે એવો નિષ્કર્ષ કાઢીએ છીએ કે કન્વેન્શનના જાહેર નીતિના બચાવનું સંકુચિત અર્થઘટન થવું જોઈએ. વિદેશી લવાદ ચુકાદાઓના અમલીકરણનો આ આધારે માત્ર ત્યારે જ ઇનકાર કરી શકાય છે જ્યારે અમલીકરણ ફોરમ રાજ્યના નૈતિકતા અને ન્યાયના અત્યંત મૂળભૂત ખ્યાલોનું ઉલ્લંઘન કરતું હોય.

***

... જાહેર નીતિના બચાવને રાષ્ટ્રીય રાજકીય હિતોનું રક્ષણ કરનાર સંકુચિત સાધન તરીકે વાંચવું એ કન્વેન્શનની ઉપયોગિતાને ગંભીરપણે નબળી પાડશે. આ જોગવાઈ "જાહેર નીતિ" ના મથાળા હેઠળ આંતરરાષ્ટ્રીય રાજકારણની અનિશ્ચિતતાઓને સ્થાપિત કરવા માટે નથી. તેના બદલે, કન્વેન્શનના ઘડવૈયાઓ દ્વારા એક સીમિત જાહેર નીતિના સિદ્ધાંતની કલ્પના કરવામાં આવી હતી અને તમામ સંકેતો દર્શાવે છે કે યુનાઈટેડ સ્ટેટ્સ, કન્વેન્શનમાં જોડાતી વખતે, આ સર્વોચ્ચ રાષ્ટ્રીય ભારને સમર્થન આપવાનો ઈરાદો ધરાવતું હતું. સરખાવો *શર્ક વિ. આલ્બર્ટો–કલ્વર કો.* [*શર્ક વિ. આલ્બર્ટો–કલ્વર કો.*, ૧૯૭૪ એસ.સી.સી. ઓનલાઇન યુ.એસ. એસ.સી. ૧૨૮ : ૪૧ એલ એડ ૨ડી ૨૭૦ : ૯૪ એસ સીટી ૨૪૪૯ : ૪૧૭ યુ.એસ. ૫૦૬ : ૪૨ યુ.એસ.એલ.ડબલ્યુ. ૪૯૧૧, પાના ૪૯૧૫–૧૬, નોંધ ૧૫ પર (૧૯૭૪)] "

(ભારપૂર્વક દર્શાવેલ)

૧૨૫. અપીલકર્તાઓના પડકારનો મુખ્ય મુદ્દો એ છે કે ટ્રિબ્યુનલે રાવ્વા ડેવલપમેન્ટ પ્લાન સાથે વંચાણે લેતાં પી.એસ.સી. ની શરતોનું ભૂલભરેલું અર્થઘટન કર્યું છે, જે કરારને ફરીથી લખવા સમાન ગણાશે.

૧૨૫.૧. ટ્રિબ્યુનલ દ્વારા લેવાયેલો અભિપ્રાય અનુચ્છેદ ૧૫.૫(ઈ)(૩)(ડીડી) માં સમાવિષ્ટ અપવાદો સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૧૫.૫(સી) ના અર્થઘટન પર આધારિત છે. ટ્રિબ્યુનલે ઠરાવ્યું હતું કે રાવ્વા ડેવલપમેન્ટ પ્લાનમાં જે વિચારણા કરવામાં આવી હતી તેના કરતાં ભૌતિક જળાશયની લાક્ષણિકતાઓનો વ્યાપ સારભૂત રીતે ભિન્ન હોવાને કારણે અપવાદ અમલમાં આવ્યો હતો.

૧૨૫.૨. ટ્રિબ્યુનલે દાવેદારો દ્વારા રજૂ કરાયેલા નિષ્ણાત સાક્ષીના પુરાવા પર આધાર રાખ્યો હતો જેમણે જુબાની આપી હતી કે બ્લોક એ/ડી તરીકે ઓળખાતા વિસ્તૃત જળાશયમાં એવી ભૌતિક લાક્ષણિકતાઓ જોવા મળી હતી, જે પી.એસ.સી. ના અનુચ્છેદ ૧૧.૧ માં વ્યાખ્યાયિત ફોલ્ટ બ્લોક્સ કરતાં "સારભૂત રીતે ભિન્ન" હતી, જેના પર રાવ્વા ડેવલપમેન્ટ પ્લાન આધારિત હતો. હાલના અનામતોની ભૌતિક જળાશય લાક્ષણિકતાઓમાં સારભૂત ફેરફાર થયો હોવાથી, અનુચ્છેદ ૧૫.૫(ઈ)(૩)(ડીડી) લાગુ પડશે, જે દાવેદારોને અનુચ્છેદ ૧૫.૫(ઈ)(૩)(ડીડી) હેઠળ પાયાના વિકાસ ખર્ચની મહત્તમ મર્યાદામાં વધારો કરવાની વિનંતી કરવા સક્ષમ બનાવશે.

૧૨૫.૩. ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે પી.એસ.સી. ૨૫ વર્ષના સમયગાળા માટે કરવામાં આવ્યો હતો અને પક્ષકારોએ એવી

શક્યતાની કલ્પના કરી હતી કે રાવ્વા ડેવલપમેન્ટ પ્લાન અને પી.એસ.સી. નો અમલ થયો ત્યારે ધારવામાં આવ્યા હતા તેના કરતાં વધુ વિકાસ ખર્ચ સામાવાળાઓને થઈ શકે છે. અનુચ્છેદ ૧૫.૫(ડી) અને (ઈ) એવી ઘટનાઓ હતી જ્યાં મેનેજમેન્ટ કમિટી દ્વારા અનુચ્છેદ ૧૫.૫(સી) હેઠળની મહત્તમ મર્યાદામાં વધારો કરી શકાતો હતો.

૧૨૫.૪. ટ્રિબ્યુનલે ઠરાવ્યું હતું કે અનુચ્છેદ ૧૫.૫(સી) હેઠળ પાયાના વિકાસ ખર્ચ પરની મહત્તમ મર્યાદાને ૩૫,૦૦૦ બી.ઓ.પી.ડી. ની ઉત્પાદન પ્રોફાઇલ હાંસલ કરવાના પ્લાનના હેતુના સંદર્ભમાં વાંચવાની હતી. આશરે ૩૧–૩–૧૯૯૯ સુધીમાં ૧૪ કુવાઓનું શારકામ કરીને ૩૫,૦૦૦ બી.ઓ.પી.ડી. ની ઉત્પાદન પ્રોફાઇલ હાંસલ કરવામાં આવી હતી. અનુચ્છેદ ૧૫.૫(સી)(૧૧) હેઠળ ૨૧ કુવાઓનો સંદર્ભ એ ૧૯૯૩ માં પક્ષકારો દ્વારા વિચારણા કરાયેલા કુવાઓની સંખ્યાનો અંદાજ હોવાનું અર્થઘટન કરવામાં આવ્યું હતું, જે ૩૫,૦૦૦ બી.ઓ.પી.ડી. ની ઉત્પાદન પ્રોફાઇલ હાંસલ કરવાના હેતુને સિદ્ધ કરવા માટે જરૂરી બનશે. ૧૪ કુવાઓના શારકામ દ્વારા ૩૫,૦૦૦ બી.ઓ.પી.ડી. ની લક્ષિત ઉત્પાદન પ્રોફાઇલ હાંસલ કરી લેવામાં આવી હોવા છતાં, તેને દાવેદારો દ્વારા ૨૧ કુવાઓનું શારકામ કરવાની બાંયધરી તરીકે અર્થઘટન કરી શકાય નહીં.

૧૨૫.૫. બાકીના ૭ કુવાઓનું શારકામ પાછળથી કરવામાં આવ્યું હતું, રાવ્વા ડેવલપમેન્ટ પ્લાનના હેતુઓ માટે નહીં, પરંતુ સામે આવેલી હાલની અનામતોની બદલાયેલી ભૌતિક લાક્ષણિકતાઓને ધ્યાનમાં લેવા માટે કરવામાં આવ્યું હતું. અનુચ્છેદ ૧૫.૫(ઈ)(૩)(ડીડી) ની અંદર આવતી ઘટનાઓના પરિણામે સામાવાળાઓ દ્વારા યુ.એસ. $ ૨૭૮ મિલિયનનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

૧૨૫.૬. ૧૯૯૮–૧૯૯૯ માં જ્યારે રાવ્વા ફિલ્ડમાં અનામતનો સંપૂર્ણ વ્યાપ જાણી શકાયો, ત્યારે મેનેજમેન્ટ કમિટીએ ૨૫–૩–૧૯૯૮ ના રોજ ઉત્પાદન પ્રોફાઇલમાં ૩૫,૦૦૦ બી.ઓ.પી.ડી. થી વધારીને ૫૦,૦૦૦ બી.ઓ.પી.ડી. કરવાની મંજૂરી આપી હતી. સામાવાળાઓએ ૫૦,૦૦૦ બી.ઓ.પી.ડી. નો ઉત્પાદન દર સક્ષમ કરવા માટે રાવ્વા ફિલ્ડનો વિકાસ કરવાનું આગળ ધપાવ્યું, અને ૭ કુવાઓનું શારકામ કર્યું. સામાવાળાઓએ ૭ કુવાઓના શારકામ પેટે યુ.એસ. $ ૨૭૮,૮૭૧,૬૬૮ મિલિયનનો ખર્ચ કર્યો હતો.

૧૨૬. હાલના અપીલકર્તાઓએ સંમત થયેલા યુ.એસ. $ ૧૯૮ મિલિયનની મર્યાદાથી વધુ રકમ, જેને સામાવાળાઓએ કોસ્ટ પેટ્રોલિયમ તરીકે માંગી હતી, તે રકમ સમકક્ષ રકમની માંગણી કરતો સામો દાવો દાખલ કર્યો હતો. પી.એસ.સી. ના અનુચ્છેદ ૧૫.૫(સી) ના અર્થઘટન અને જે સંજોગોમાં પી.એસ.સી. અને

રાવ્વા ડેવલપમેન્ટ પ્લાન કરવામાં આવ્યા હતા તેના પર, ટ્રિબ્યુનલે ઠરાવ્યું હતું કે સામાવાળાઓ યુ.એસ. $ ૧૯૮ મિલિયન ઉપરાંત યુ.એસ. $ ૨૭૮ મિલિયનના ખર્ચ માટે હકદાર હતા. અપીલકર્તાઓનો સામો દાવો યુ.એસ. $ ૨૨ મિલિયનની હદ સુધી ટ્રિબ્યુનલ દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો.

૧૨૭. અપીલકર્તાઓ પી.એસ.સી. ના અનુચ્છેદ ૧૫.૫(સી) અને તેના અન્ય પેટા–ખંડો સંબંધે ટ્રિબ્યુનલ દ્વારા લેવાયેલા અર્થઘટનથી નારાજ છે. પી.એસ.સી. ની શરતોનું અર્થઘટન ટ્રિબ્યુનલના ક્ષેત્રાધિકારમાં આવે છે. અપીલકર્તાઓ માટે અમલીકરણ કરતી અદાલત સમક્ષ ગુણદોષના આધારે એવોર્ડને પડકારવાનું ખુલ્લું નથી. અમલીકરણ કરતી અદાલત લવાદમાં રજૂ કરાયેલા પુરાવાનું પુનઃમૂલ્યાંકન કે પુનઃમૂલવણી કરી શકતી નથી. કલમ ૪૮ એવોર્ડના ગુણદોષ પર વાસ્તવિક અપીલની જોગવાઈ કરતી નથી. કલમ ૪૮ હેઠળ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતી અમલીકરણ અદાલત, કરારની શરતોનું ભિન્ન અર્થઘટન કરીને અમલીકરણનો ઈનકાર કરી શકે નહીં.

૧૨૮. અમને જણાય છે કે ટ્રિબ્યુનલ દ્વારા લેવાયેલું અર્થઘટન એ એક સંભવિત દ્રષ્ટિકોણ છે, અને એવોર્ડના અમલીકરણનો ઈનકાર કરવા માટે આ આધાર પરના પડકારને ટકાવી શકાય નહીં."

૧૧૧. જો કે, એ બાબતની નોંધ લેતાં કે ***વેદાંત લિમિટેડ*** માં, અદાલત ખાસ કરીને ૧૯૯૬ ના સદર અધિનિયમની કલમ ૪૮ પર વિચારણા કરી રહી હતી, અમે આ તબક્કે જ સદર ચુકાદાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માંગીએ છીએ.

૧૧૨. ફકરા '૮૮' થી આગળ વધતાં જેમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે અમલીકરણ કરતી અદાલત ૧૯૯૬ ના સદર અધિનિયમના પ્રકરણ ૧ ભાગ ૨ ની જોગવાઈઓ અનુસાર ભારતમાં વિદેશી એવોર્ડની માન્યતા અને અમલીકરણક્ષમતાના મુદ્દાને સ્વતંત્ર રીતે નક્કી કરશે, ***વેદાંત લિમિટેડ*** માં તેના ફકરા '૯૨.૩' માં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે લવાદનો ક્યુરિયલ કાયદો લવાદની બેઠક દ્વારા નક્કી થાય છે, જે આંતરરાષ્ટ્રીય વાણિજ્યિક લવાદમાં લવાદ કાર્યવાહીનું સંચાલન કરવા માટે જરૂરી છે.

૧૧૩. જ્યારે ક્યુરિયલ કાયદો લવાદની પ્રક્રિયા, લવાદની શરૂઆત, અદાલત દ્વારા ડિફોલ્ટ સત્તાના ઉપયોગમાં લવાદ(ઓ) ની નિમણૂક, કામચલાઉ પગલાં મંજૂર કરવા, પુરાવા એકત્રિત કરવા, સુનાવણી અને લવાદ ચુકાદાને પડકારવાનું નિયમન કરે છે, ત્યારે *લેક્સ ફોરી* અન્ય અધિકારક્ષેત્રોમાં એવોર્ડની માન્યતા અને અમલીકરણ માટેની કાર્યવાહીનું નિયમન કરે છે.

૧૧૪. ન્યૂયોર્ક કન્વેન્શનનો અનુચ્છેદ ૩ જોગવાઈ કરે છે કે રાષ્ટ્રીય અદાલતો માન્યતા અને અમલીકરણની કાર્યવાહી માટે લાગુ પડતા લિમિટેશન સમયગાળા; જે તારીખથી લિમિટેશન સમયગાળો શરૂ થશે, લિમિટેશન સમયગાળો લંબાવવાની સત્તા છે કે કેમ તે અંગે પોતપોતાના *લેક્સ ફોરી* લાગુ કરે છે. *લેક્સ ફોરી* તે અદાલત નક્કી કરે છે જે વિદેશી એવોર્ડની માન્યતા અને અમલીકરણના મુદ્દાનો નિર્ણય કરવા માટે સક્ષમ હોય અને અધિકારક્ષેત્ર ધરાવતી હોય, અને વિદેશી એવોર્ડના અમલીકરણ માટે પક્ષકારોને ઉપલબ્ધ કાનૂની ઉપાયો નક્કી કરે છે. ફકરા '૯૪' માં એવું ઠરાવવામાં આવ્યું હતું કે:

> "૯૪. અમલીકરણ કરતી અદાલત, જો કે, મલેશિંયાની અદાલતોના તારણોથી બ ધાયા વિના, સદર અધિનિયમની કલમ ૪૮ હેઠળ ઉપલબ્ધ કારણો અનુસાર એવોર્ડ સામેના પડકારની તપાસ કરશે. માત્ર એટલા માટે કે મલેશિયાની અદાલતોએ એવોર્ડ માન્ય રાખ્યો છે, તે ઈન્ડિયન આર્બિટ્રેશન એક્ટ, ૧૯૯૬ ની કલમ ૪૮ હેઠળ સદર એવોર્ડ ભારતની જાહેર નીતિ વિરુદ્ધનો હતો કે કેમ તેની તપાસ કરવા માટે ભારતીય અદાલતો માટે અવરોધરૂપ બનશે નહીં. જો એવોર્ડ ભારતની જાહેર નીતિનું ઉલ્લંઘન કરતો જણાય, તો ભારતીય અદાલતો દ્વારા તેનું અમલીકરણ કરવામાં આવશે નહીં. અમલીકરણ કરતી અદાલત, જો કે, એવોર્ડ સામેના

પડકારનો નિર્ણય કરતી વખતે, બેઠક ખાતેની અદાલતોના ચુકાદાની શુદ્ધતાનું પુનરાનુમાન અથવા પુનરાવલોકન કરશે નહીં."

૧૧૫. કલમ ૪૮ હેઠળ અમલીકરણનો ઈનકાર કરવા માટેના જાહેર નીતિના બચાવના પ્રશ્ન પર આગળ વધતાં, ***વેદાંત લિમિટેડ*** માં સર્વોચ્ચ અદાલતે શ્રી ***લાલ મહાલ*** લિમિટેડ ના ત્રણ ન્યાયાધીશોના ચુકાદાનો સંદર્ભ આપ્યો છે જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ***રેણુસાગર પાવર કો. લિમિટેડ*** માં પ્રતિપાદિત કરાયેલ કાયદો ૧૯૯૬ ના સદર અધિનિયમ હેઠળ પણ કલમ ૪૮(૨)(બી) ના વ્યાપ અને અવકાશને લાગુ પડશે.

૧૧૬. ***વેદાંત લિમિટેડ*** માં, પ્રશ્ન ૧૮.૦૧.૨૦૧૧ ના રોજ આપવામાં આવેલા ૨૦૧૫ ના સુધારા પૂર્વેના એવોર્ડની અમલીકરણક્ષમતા અંગેનો હતો. તેમાં તે સમયના સામાવાળાના વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે સુધારેલી કલમ ૪૮ સદર કેસને લાગુ પડશે કારણ કે ૨૦૧૫ ના ૨૦૧૬ ના સુધારા દ્વારા અમલમાં આવેલ સુધારો પૂર્વવર્તી અસર ધરાવશે. તેથી, સર્વોચ્ચ અદાલતે કલમ ૪૮ માં કરવામાં આવેલા સુધારાઓ પૂર્વવર્તી અમલ ધરાવે છે કે કેમ અને તે સુધારા પૂર્વેના એવોર્ડને લાગુ પડતા હતા કે કેમ તેની તપાસ કરવા આગળ વધી.

૧૧૭. સદર પ્રશ્ન પર વિચારણા કરતાં, સર્વોચ્ચ અદાલતે જાહેર નીતિ પર ***વેસ્ટર્ન ગેકો ઈન્ટરનેશનલ લિમિટેડ*** ના ચુકાદાની નોંધ લીધી છે અને એ

બાબતની નોંધ લીધી છે કે ૨૦૧૫ ના સુધારા દ્વારા કલમ ૪૮ માં કરવામાં આવેલા સુધારાઓ "જાહેર નીતિ" પરના કાયદા પંચના પૂરક અહેવાલ પર આધારિત હતા જેમાં કલમ ૩૪(૨)(બી)(૨) માં સ્પષ્ટીકરણ ૨ દ્વારા સ્પષ્ટતા દાખલ કરવાની ભલામણ કરવામાં આવી હતી. કલમ ૪૮ માં સંબંધિત સુધારાના પરિણામે પણ કલમ ૪૮ ના સુધારા દ્વારા બે સ્પષ્ટીકરણો ઉમેરવામાં આવ્યા હતા, જે કલમ ૩૪(૨)(બી)(૨) માંના સ્પષ્ટીકરણો સાથે *પેરી મટિરિયા* છે.

૧૧૮. ઉપરોક્ત બાબતની નોંધ લેતાં, સર્વોચ્ચ અદાલતે એ નોંધવા આગળ વધ્યું કે ૨૦૧૬ ના સુધારા અધિનિયમ દ્વારા કલમ ૪૮ માં કરવામાં આવેલા સુધારાઓ સારભૂત સુધારાઓ છે જે તેના કાયદા દ્વારા "જાહેર નીતિ" ની વ્યાખ્યા સંકુચિત બનાવવા માટે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. નવું ઉમેરાયેલ સ્પષ્ટીકરણ ૨ એવી જોગવાઈ કરે છે કે એવોર્ડનું અમલીકરણ ભારતીય કાયદાની મૂળભૂત નીતિ સાથે સંઘર્ષમાં છે કે કેમ તેની તપાસમાં વિવાદના ગુણદોષ પરના પુનરાવલોકનનો સમાવેશ થશે નહીં. આમ, ફકરા '૧૦૬' અને '૧૧૪' માં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સુધારેલી કલમ ૪૮ આ કેસને લાગુ પડશે નહીં કારણ કે અમલીકરણ માટેની અદાલતી કાર્યવાહી તે કેસના દાવેદારો દ્વારા ૨૩.૧૦.૨૦૧૫ ના રોજ ૨૦૧૬ નો સુધારો અમલમાં આવ્યો તે પહેલાં ૧૪.૧૦.૨૦૧૪ ના રોજ દાખલ કરવામાં આવી હતી.

૧૧૯. વધુમાં, સદર એવોર્ડ ભારતની જાહેર નીતિ સાથે સંઘર્ષમાં છે અને તેમાં રજૂઆત કર્યા મુજબ ન્યાયની મૂળભૂત વિભાવનાની વિરુદ્ધ છે કે કેમ તે પ્રશ્નની તપાસ કરતી વખતે, સર્વોચ્ચ અદાલતે આ કેસમાં બિન–સુધારેલી કલમ ૪૮ લાગુ કરતાં, ***રેણુસાગર પાવર કો. લિમિટેડ***માં સર્વોચ્ચ અદાલત દ્વારા આધાર રાખવામાં આવેલ ***પાર્સન્સ એન્ડ વ્હાઈટમોર ઓવરસીઝ કો. ઈન્ક. વિ. સોસાયટી જનરલ ડી લ'ઈન્ડસ્ટ્રી ડુ પેપિયર (રક્ત) અને બેન્ક ઓફ અમેરિકા*** [૫૦૮ એફ.૨ડી. ૯૬૯ (૨જી સર્કિટ ૧૯૭૪)] માં સેકન્ડ સર્કિટ માટેની યુ.એસ. કોર્ટ ઓફ અપીલ્સના ચુકાદા તથા ૧૯૫૮ના ન્યુ યોર્ક કન્વેન્શનના અર્થઘટન અંગે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર કોમર્શિયલ આર્બિટ્રેશન ગાઈડ અ "હેન્ડબુક ફોર જજિસ" (૨૦૧૧) ની નોંધ લેતા, ફકરા '૧૨૩', '૧૨૪', '૧૨૫' અને '૧૨૭' માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

> "૧૨૩. એવું જણાય છે કે *ફોરાસોલ કેસ* [૧૯૮૪ સપ્લિ. એસ.સી.સી. ૨૬૩ : (૧૯૮૪) ૧ એસ.સી.આર. ૫૨૬] ના નિર્ણયને હાલના કેસમાં લાગુ કરવાના હાઈકોર્ટની ડિવિઝન બેંચના સદર દૃષ્ટિકોણથી બંને પક્ષકારો સંતુષ્ટ નથી.
>
> ૧૨૪. શ્રી વેણુગોપાલે ભારપૂર્વક રજૂઆત કરી છે કે *ફોરાસોલ કેસ* [૧૯૮૪ સપ્લિ. એસ.સી.સી. ૨૬૩ : (૧૯૮૪) ૧ એસ.સી.આર. ૫૨૬] માં આ અદાલત ઈન્ડિયન આર્બિટ્રેશન એક્ટ દ્વારા શાસિત

એવોર્ડના અમલીકરણ અંગે વિચારણા કરી રહી હતી અને સદર નિર્ણયમાં નિર્ધારિત સિદ્ધાંતો વિદેશી એવોર્ડમાંથી ઉદ્ભવતા હાલના કેસને લાગુ કરી શકાય નહીં, જે ઇન્ડિયન આર્બિટ્રેશન એક્ટની જોગવાઈઓ દ્વારા શાસિત નથી પરંતુ ફોરેન એવોર્ડ્સ એક્ટની જોગવાઈઓ દ્વારા શાસિત છે. તેમાં કોઈ શંકા નથી કે *ફોરાસોલ કેસ* [૧૯૮૪ સપ્લિ. એસ.સી.સી. ૨૬૩ : (૧૯૮૪) ૧ એસ.સી.આર. ૫૨૬] માં આ અદાલત ઇન્ડિયન આર્બિટ્રેશન એક્ટ દ્વારા શાસિત એવોર્ડ અંગે વિંચારણા કરી રહી હતી પર તુ તે ભારતીય અદાલતોમાં વિદેશી એવોર્ડના અમલીકરણ માટેની કાર્યવાહીમાં સદર નિર્ણયની પ્રયોજ્યતાને અસર કરતું નથી કારણ કે એવોર્ડના અમલીકરણના તબક્કે વિદેશી ચલણનું ભારતીય ચલણમાં રૂપાંતરણ કરવાનો મામલો સમાન સિદ્ધાંત દ્વારા શાસિત થાય છે, પછી ભલે તે એવોર્ડ ઇન્ડિયન આર્બિટ્રેશન એક્ટ દ્વારા શાસિત હોય કે ફોરેન એવોર્ડ્સ એક્ટ દ્વારા શાસિત વિદેશી એવોર્ડ હોય. તદુપરાંત, ફોરેન એવોર્ડ્સ એક્ટની કલમ ૪(૧) દ્વારા આ સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવી છે જેમાં નિર્ધારિત કરવામાં આવ્યું છે કે વિદેશી એવોર્ડ સદર અધિનિયમની જોગવાઈઓને આધીન ભારતમાં એવી રીતે અમલ કરવા યોગ્ય રહેશે જાણે કે તે ભારતમાં લવાદને સંદર્ભિત બાબત પર આપવામાં આવેલ એવોર્ડ હોય. સદર જોગવાઈ એ અપવાદ સાથે અમલીકરણના હેતુ માટે વિદેશી એવોર્ડને ભારતીય એવોર્ડ સમકક્ષ ગણે છે કે આવું

અમલીકરણ ફોરેન એવોર્ડ્સ એક્ટની જોગવાઈઓને આધીન રહેશે. ફોરેન એવોર્ડ્સ એક્ટની જોગવાઈઓમાં એવું કંઈ નથી જે વિદેશી એવોર્ડ્સના અમલીકરણ સંદર્ભે *ફોરાસોલ કેસ* [૧૯૮૪ સપ્લિ. એસ.સી.સી. ૨૬૩ : (૧૯૮૪) ૧ એસ.સી.આર. ૫૨૬] માં નિર્ધારિત સિદ્ધાંતોની પ્રયોજ્યતાને બાકાત રાખતું હોય. તેથી, અમારા મતે, હાલના કેસમાં એવોર્ડનું અમલીકરણ *ફોરાસોલ કેસ* [૧૯૮૪ સપ્લિ. એસ.સી.સી. ૨૬૩ : (૧૯૮૪) ૧ એસ.સી.આર. ૫૨૬] માં નિર્ધારિત કાયદા દ્વારા શાસિત થાય છે.

૧૨૫. શ્રી વેણુગોપાલે વધુમાં એવી રજૂઆત કરી છે કે વિદેશી ચલણનું રૂપાંતરણ અને આવા રૂપાંતરણ માટેનો વિનિમય દર એ પ્રક્રિયાની બાબત નથી પરંતુ તે સારભૂત બાબત છે અને તે યોગ્ય કાયદા દ્વારા શાસિત થાય છે અને કરાર તેમજ કરારનું પાલન બંને ન્યુ યોર્ક કાયદા દ્વારા શાસિત હોવાથી, સંબંધિત સમયે ન્યુ યોર્ક રાજ્યમાં લાગુ પડતો બ્રીચ-ડેટ નિયમ, યુ.એસ. ડોલરનું ભારતીય રૂપિયામાં રૂપાંતરણ કરવા માટે વિનિમય દર નક્કી કરવાના હેતુથી લાગુ કરવો જોઈએ અને *ફોરાસોલ કેસ* [૧૯૮૪ સપ્લિ. એસ.સી.સી. ૨૬૩ : (૧૯૮૪) ૧ એસ.સી.આર. ૫૨૬] નો નિયમ હાલના કેસમાં લાગુ થઈ શકે નહીં. શ્રી વેણુગોપાલે આ સંદર્ભમાં એફ.એ. માન દ્વારા લિખિત લીગલ આસ્પેક્ટ્સ ઓફ મની, ૫મી આવૃત્તિના પાના નં. ૩૨૬-૩૨૭ અને ડાયસી એન્ડ મોરિસ દ્વારા લિખિત ધ કોન્ફ્લિક્ટ

ઓફ લોઝ, ૧૧મી આવૃત્તિ, ભાગ ૨, પાનું ૧૪૫૪ માં આપેલા કેટલાક અવલોકનો પર આધાર રાખ્યો છે. અમે શ્રી વેણુગોપાલની આ રજૂઆત સાથે સંમત થવામાં અસમર્થ છીએ. જે કેસમાં વિદેશી એવોર્ડનો અમલ કરાવવાની માંગ કરવામાં આવી હોય તેમાં અદાલતે જે રીતે હુકમનામું પસાર કરવું જોઈએ તે પ્રક્રિયાની બાબત છે અને સારભૂત બાબત નથી તથા તે *લેક્સ ફોરી*, એટલે કે ફોરમનો કાયદો દ્વારા શાસિત થાય છે. મિલિઆંગોસ કેસ [૧૯૭૬ એ.સી. ૪૪૩ : (૧૯૭૫) ૩ ઓલ ઇ.આર. ૮૦૧] માં નિર્ધારિત નિયમને પ્રક્રિયાના નિયમ તરીકે વર્ણવવામાં આવ્યો છે. (જુઓ: સર્વિસીસ યુરોપ એટલાન્ટિક સુડ (સીઝ) ઓફ પેરિસ વિ. સ્ટોકહોમ્સ રેડેરિએક્ટીબોલાગ સ્વેઆ ઓફ સ્ટોકહોમ [૧૯૭૯ એ.સી. ૬૮૫ : (૧૯૭૯) ૧ ઓલ ઇ.આર. ૪૨૧ સબ નોમ એલેક્ફથેરોટ્રિયા (એમ.વી.) (ઓનર્સ) વિ. ડેસ્પીના (એમ.વી.) (ઓનર્સ) સબ નોમ ડેસ્પીના આર. ધ] પાના નં. ૭૦૪ પર; *ચેશાયર એન્ડ નોર્થ, પ્રાઈવેટ ઈન્ટરનેશનલ લો*, ૧૨મી આવૃત્તિ, પાનું ૧૦૦). એ જ કારણોસર, *ફોરાસોલ કેસ* [૧૯૮૪ સપ્લિ. એસ.સી.સી. ૨૬૩ : (૧૯૮૪) ૧ એસ.સી.આર. ૫૨૬] માં નિર્ધારિત સિદ્ધાંતો પ્રક્રિયાગત કાયદાના નિયમ તરીકે ગણવા જોઈએ અને તે ફોરેન એવોર્ડ્સ એક્ટ હેઠળ વિદેશી એવોર્ડના અમલીકરણ માટેની કાર્યવાહીને લાગુ પડશે.

૧૨૭. અમે શોધી કાઢ્યું છે કે “ધ પેમેન્ટ ઓફ ફોરેન મની ઓબ્લિગેશન્સ” સંબંધિત પ્રકરણ ૧૧ માં આવતા સદર પરિચ્છેદમાં વિદ્વાન લેખક મની ઓફ એકાઉન્ટનું મની ઓફ પેમેન્ટમાં રૂપાંતરણ કરવા અંગે વિચારણા કરી રહ્યા છે અને તેમણે ચુકાદા અથવા એવોર્ડના અમલીકરણના તબક્કે વિદેશી ચલણની રૂપાંતરણક્ષમતાની બાબત ધ્યાને લીધી નથી. અમે પહેલેથી જ નિર્દેશ કર્યો છે કે મની ઓફ એકાઉન્ટનું મની ઓફ પેમેન્ટમાં રૂપાંતરણ કરવામાં જવાબદારી નક્કી કરવાનો સમાવેશ થાય છે અને તે કરારના યોગ્ય કાયદા દ્વારા શાસિત સારભૂત બાબત છે. આ પ્રશ્ન ચુકાદા કે એવોર્ડના તબક્કા પહેલાં ઉદ્ભવે છે. અહીં આપણે એવા કેસનો સામનો કરી રહ્યા છીએ જ્યાં એવોર્ડ પહેલેથી જ આપી દેવામાં આવ્યો છે અને ભારતમાં તેનો અમલ કરાવવાની માંગ કરવામાં આવી છે અને પ્રશ્ન એ વિદેશી ચલણનું ભારતીય ચલણમાં રૂપાંતરણ કરવાનો છે જેમાં એવોર્ડ આપવામાં આવ્યો છે. આ પ્રશ્ન અંગે ડો. એફ.એ. માન દ્વારા “ધ ઈન્સ્ટિટ્યુશન ઓફ લીગલ પ્રોસિડિંગ્સ એન્ડ ઈટ્સ ઈફેક્ટ અપોન ફોરેન મની ઓબ્લિગેશન્સ” સંબંધિત પ્રકરણ ૧૨ માં ચર્ચા કરવામાં આવી છે અને વિદ્વાન લેખકે જણાવ્યું છે:

> “હવે એ સ્પષ્ટ છે કે ઇંગ્લિશ કાયદો કાર્યવાહી શરૂ કરવાના હેતુથી અથવા ચુકાદાના હેતુથી વિદેશી નાણાકીય જવાબદારીને સ્ટર્લિંગમાં રૂપાંતરિત કરવાની આવશ્યકતા રાખતો નથી;

